# દૈનિક મુંબઈ સમાચાર

૨૦૩ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 137 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ જયેષ્ઠ સુદ- ૧૫ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 11 June 2025, Wednesday ■ REGD.No. MCS/058/2024-26

બુધવાર, ૧૧ જૂન ૨૦૨૫ (૧૨ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦ | ઈન્ટરવલ પૂર્તિ ૫ ૬ ૭ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# અમદાવાદમાં કોરોનાએ ઊંચક્યું માથું: ૨૪ કલાકમાં ૧૭૫ કેસ

## ગુજરાતમાં કોરોનાના એક્સએફજી વેરિઅન્ટની એન્ટ્રી

અમદાવાદ: શહેરમાં કોરોનાના કેસમાં રોકેટગતિએ વધારો થઈ રહ્યો છે. અમદાવાદમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૧૭૫ કેસ નોંધાયા હતા, એટલે કે દર કલાકે સાતથી વધુ કેસ નોંધાયા હતા. સોમવારે અમદાવાદમાં ૧૩૧ નવા કોરોના કેસ નોંધાયા હતા, એટલે કે દર કલાકે સરેરાશ પાંચ કેસ નોંધાયા હતા.

અમદાવાદમાં એક જ દિવસમાં ૧૭૫ જેટલા કોરોનાના કેસો નોંધાયા હતા, જ્યારે ૬૦ જેટલા લોકોને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા હતા. અમદાવાદમાં અત્યાર સુધીમાં કુલ ૧૦૯૧ જેટલા કેસો નોંધાયા છે, જેમાંથી ૭૬૧ જેટલા એક્ટિવ કેસ છે. અત્યાર સુધીમાં ૩૨૮ જેટલા લોકોને ડિસ્ચાર્જ આપવામાં આવ્યા છે. સૌથી વધારે શહેરના પશ્ચિમ વિસ્તારમાં વાસણા, પાલડી, વાડજ, ચાંદખેડા, સાબરમતી, મોટેરા, રાણીપ, ન્યુ રાણીપ, જગતપુર, થલતેજ, બોપલ, ઘુમા, સેટેલાઈટ, વસ્ત્રાપુર, ઘાટલોડિયા,ચાંદલોડિયા અને ગોતા સહિતના વિસ્તારોમાં નોંધાયેલા છે.

રાજકોટમાં કોરોનાના આજે વધુ નવ કેસ નોંધાયા હતા. રાજકોટમાં કોરોનાના કુલ સંક્રમિતોનો આંકડો ૧૧૬ પર પહોંચ્યો હતો. કોરોનાથી આજે એક વ્યકિતનું મોત થયું હતું. સિવિલ હૉસ્પિટલમાં સારવાર લઈ રહેલા ૫૫ વર્ષીય આધેડનું કોરોનાથી મોત નિપજ્યું હતું. શહેરમાં આજે સાત દર્દી કોરોના મુક્ત થયા હતા.

સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા પ્રમાણે, નવમી જૂને રાજ્યમાં ૨૩૫ નવા કેસ નોંધાયા હતા. રાજ્યમાં કોરોનાના એક્ટિવ કેસનો આંકડો ૧,૧૦૯ પર પહોંચ્યો હતો. જેમાંથી ૩૩ હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે અને ૧૦૭૬ હોમ

(જુઓ પાનું ૨) ▶▶


ANTARA GOLD & DIAMONDS
DADAR | BORIVALI
TODAY'S GOLD RATE
₹ 88,470/-
PER 10 GRAMS OF 22KT BIS HALLMARKED JEWELLERY
જુના સોનાના ઘરેણા શ્રેષ્ઠ ભાવે ખરીદીશું
DIAMOND JEWELLERY
VVS-VS F-G QUALITY
CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS


# સંરક્ષણ ક્ષેત્રે આધુનિકીકરણ અને સ્વાવલંબનને પ્રાધાન્ય અપાશે: મોદી

નવી દિલ્હી: વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે જણાવ્યું હતું કે અમારી સરકાર સંરક્ષણ ક્ષેત્રે આધુનિકીકરણ અને સ્વાવલંબનને પ્રાધાન્ય આપી રહી છે.

મોદીએ સોશિયલ મીડિયા 'એક્સ' પર લખ્યું હતું કે અમારી સરકારના ૧૧ વર્ષના શાસન દરમિયાન દેશના સંરક્ષણ ક્ષેત્રે હરણફાળ ભરી છે. અત્યાધુનિક શસ્ત્રો અને અન્ય સંબંધિત લશ્કરી સાધનસામગ્રીનું હવે સ્વદેશમાં જ ઉત્પાદન થઇ રહ્યું છે.

મોદીએ પોતાની સરકારની ૧૧ વર્ષની વિવિધ સિદ્ધિની માહિતી સોશિયલ મીડિયા પર આપી હતી. તેમણે જણાવ્યું હતું કે અમારી

(જુઓ પાનું ૨) ▶▶

# ઑસ્ટ્રિયાની સ્કૂલમાં અંધાધૂંધ ગોળીબાર: ૧૧નાં મોત, ૨૬ ઘાયલ



**બચાવ કામગીરી:** ઑસ્ટ્રિયામાં એક શાળામાં થયેલા ગોળીબાર બાદ ચાલતી બચાવ અને રાહત કામગીરી. (એપી / પીટીઆઈ)

ગ્રાઝ: ઓસ્ટ્રિયામાં સ્કૂલમાં ગોળીબાર થયાની ઘટના સામે આવી છે. આ ઘટનામાં હુમલાખોર સિહત ૧૧૧ લોકોનાં મોત થયાં છે. મૃતકોમાં વિદ્યાર્થીઓ અને શિક્ષક સામેલ છે. શંકાસ્પદ પણ વિદ્યાર્થી હતો, તેણે ખૂદને ગોળી મારી હતી. પોલીસે કહ્યું કે, સ્કૂલની અંદર ગોળીબારનો અવાજ સાંભળ્યા બાદ સવારે ૧૦ વાગ્યાથી શહેરમાં મોટું ઓપરેશન શરૂ કરવામાં

(જુઓ પાનું ૨) ▶▶

# મણિપુર અને આસામમાંથી કુલ ૧૦૦ કરોડ રૂપિયાનું ડ્રગ્સ જપ્ત

ઇમ્ફાલ/ ગુવાહાટી: મણિપુર અને આસામમાં નશાના વેપાર વિરુદ્ધ મોટી કાર્યવાહી કરવામાં આવી હતી. બન્ને રાજ્યોમાં કરવામાં આવેલી કાર્યવાહીમાં ૧૦૦ કરોડ રૂપિયાથી વધુનું ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યું હતું. પોલીસે આ મામલે ચાર લોકોની ધરપકડ કરી હતી. ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઇન્ટેલિજન્સ (ડીઆરઆઇ), કસ્ટમ્સ, આસામ રાઇફલ્સ અને મણિપુર પોલીસની સંયુક્ત ટીમે ચુરાચાંદપુર જિલ્લામાં એક ઓપરેશન દરમિયાન ૫૫.૫૨ કરોડ રૂપિયાનું ડ્રગ્સ અને રોકડ જપ્ત કરી હતી.

તે સિવાય આસામના કછાર જિલ્લામાં ૪૫ કરોડ રૂપિયાથી વધુની કિંમતનો ડ્રગ્સનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. આ મામલે ચાર

(જુઓ પાનું ૨) ▶▶

# દિલ્હીના દ્વારકામાં બિલ્ડિંગમાં લાગી ભીષણ આગ

## સાતમા માળેથી કૂદતા પિતા અને બે બાળકનાં મોત

નવી દિલ્હી: દિલ્હીના દ્વારકા વિસ્તારમાં મંગળવારે સવારે એક રહેણાક ઇમારતના આઠમા અને નવમા માળે લાગેલી આગથી બચવા માટે એક વ્યક્તિ અને તેના બે બાળકોએ ઇમારત પરથી છલાંગ લગાવી હતી. જેના કારણે ત્રણેયનાં મોત થયાં હતાં. પોલીસના જણાવ્યા અનુસાર, બે બાળકો (એક છોકરો અને એક છોકરી જેની ઉંમર ૧૦ થી ૧૨ વર્ષની વચ્ચે છે) એ પોતાને બચાવવા માટે


(જુઓ પાનું ૨) ▶▶

# રાજસ્થાનમાં બનાસ નદીમાં નહાવા ગયેલા ૧૧ યુવક ડૂબ્યા, આઠનાં મોત

જયપુર: રાજસ્થાનના ટોંકમાં એક મોટી દુર્ઘટના બની છે. બનાસ નદીમાં નહાવા ગયેલા આઠ યુવકોના ડૂબી જવાથી મોત થયા છે. સ્થાનિક લોકોએ વહીવટીતંત્રની મદદથી નદીમાંથી મૃતદેહો બહાર કાઢ્યા હતાં. આ ઘટનાને કારણે વિસ્તારમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો.

ફ્રેઝર બ્રિજ નજીક ૧૧ મિત્રો નદીમાં નહાવા ગયા હતાં. રમત રમતમાં યુવકો ઊંડાણમાં ચાલ્યા જતાં, એક પછી એક ડૂબવા લાગ્યા હતાં. સ્થાનિક લોકોએ યુવાનોને પાણીમાંથી કાઢીને હૉસ્પિટલમાં મોકલ્યા હતાં, જ્યાં આઠ યુવકોને મૃત જાહેર કરવામાં આવ્યા હતાં. ત્રણ યુવાનો હજુ પણ ગુમ છે, જેમની શોધખોળ ચાલી રહી છે. તમામની ઉંમર ૨૦થી ૨૫ વર્ષની વચ્ચે

(જુઓ પાનું ૨) ▶▶






## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ટ્રમ્પ છે ત્યાં સુધી ભારતીયોએ અપમાનિત થવું પડશે

**અમેરિકાના** ન્યૂ જર્સીમાં એક ભારતીય વિદ્યાર્થીને નેવાર્ક એરપોર્ટ પર ગુનેગારની જેમ જમીન પર પછાડીને હાથકડી પહેરાવીને ભારત મોકલી દેવામાં આવ્યો એ ઘટનાએ સોશિયલ મીડિયા પર હોબાળો ખડો કરી દીધો છે. ભારતીય-અમેરિકન ઉદ્યોગપતિ કુણાલ જૈને સોશિયલ મીડિયા પર આ વીડિયો શેર કર્યો તેમાંથી વિરોધ શરૂ થયો ને છેલ્લા બે દિવસથી આ ઘટના ટ્રેન્ડ કરી રહી છે.

જૈને 'એક્સ' પર લખેલું કે, મેં નેવાર્ક એરપોર્ટ પર યુવાન ભારતીય વિદ્યાર્થીને હાથકડી પહેરાવીને રડતો જોયો. તેની સાથે ગુનેગાર જેવો વ્યવહાર કરાઈ રહ્યો હતો. વિદ્યાર્થી હરિયાણવીમાં કહી રહ્યો હતો કે, હું પાગલ નથી અને આ લોકો મને પાગલ સાબિત કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. જૈને લખ્યું છે કે, આ વિદ્યાર્થી પોતાનાં સપનાં પૂરાં કરવા અમેરિકા આવ્યો હતો, કોઈને નુકસાન પહોંચાડવા માટે નહીં. એક બિન-નિવાસી ભારતીય (એનઆરઆઈ) તરીકે હું મારી જાતને નિઃસહાય અને ભાંગી પડેલો અનુભવું છું.

જૈનના કહેવા પ્રમાણે, આ વિદ્યાર્થીને શા માટે દેશનિકાલ કરવામાં આવ્યો તે સ્પષ્ટ નથી પણ દરરોજ આવા ૩-૪ કિસ્સા બની રહ્યા છે. છેલ્લા કેટલાક દિવસોમાં આવા કિસ્સાઓ ઘણા વધી ગયા છે. આ છોકરાં સવારે વિઝા લઈને ફ્લાઇટ દ્વારા અમેરિકા આવે છે પણ કોઈ કારણોસર ઇમિગ્રેશન અધિકારીઓને આગમનનું કારણ સમજાવી શકતા નથી તેથી સાંજની ફ્લાઇટ દ્વારા ગુનેગારોની જેમ હાથ-પગ બાંધીને પાછા ભારત મોકલી દેવામાં આવે છે. જૈને ભારતીય દૂતાવાસ, અમેરિકા અને ભારતીય વિદેશ મંત્રી એસ. જયશંકરને હસ્તક્ષેપ કરવા અપીલ કરીને લખ્યું છે કે, આ વિદ્યાર્થીઓ સાથે શું થઈ રહ્યું છે તેની કોઈએ તપાસ કરવી જોઈએ.

જૈને બતાવેલી સંવેદનશીલતાને લોકોએ બિરદાવી છે અને અમેરિકા સામે આક્રોશ ઠલવાઈ રહ્યો છે. અમેરિકા ભારતીય વિદ્યાર્થીઓ સાથે અત્યંત અમાનવીય વર્તન કરી રહી છે એવી ફરિયાદોનો ઢગલો થઈ ગયો છે. આ ફરિયાદોમાં દમ છે કેમ કે ડોનલ્ડ ટ્રમ્પની સરકાર કોઈ પણ નોટિસ વિના અને સાવ ફાલતુ કારણો આપીને વિદેશી વિદ્યાર્થીઓના વિઝા રદ કરી રહી છે.

પેલેસ્ટાઇનને ટેકો આપવાથી માંડીને ટ્રાફિક ઉલ્લંઘન જેવા બકવાસ કારણોસર વિદેશી વિદ્યાર્થીઓના વિઝા રદ કરીને તેમને પોતપોતાના દેશમાં મોકલાઈ રહ્યા છે એ હકીકત છે તેથી અમેરિકા સામેનો આક્રોશ અયોગ્ય નથી, પણ તેનો ઉપાય પણ નથી. કમ સે કમ ડોનલ્ડ ટ્રમ્પ અમેરિકાના પ્રમુખ છે ત્યાં લગી તો આ પ્રકારની ઘટનાઓ બનવાની જ છે.

ટ્રમ્પને પ્રમુખ બન્યે હજુ છ મહિના પણ પૂરા થયા નથી ને તેમની સાડા ત્રણ વર્ષની મુદત બાકી છે એ જોતાં હજુ ઓછામાં ઓછાં સાડા ત્રણ વર્ષ સુધી તો વિદેશી વિદ્યાર્થીઓએ આ પ્રકારના વર્તન માટે તૈયાર રહેવું પડશે. ટ્રમ્પના સ્થાને ડેમોક્રેટિક પાર્ટીનો કોઈ નેતા પ્રમુખપદે આવે તો સ્થિતી ચોક્કસ બદલાશે, પણ ટ્રમ્પના બદલે તેમની જ રીપબ્લિકન પાર્ટીનો આવો જ કોઈ માથાફરેલ પ્રમુખ આવી ગયો તો અપમાન અને યાતનાનો આ સમય હજુ લંબાઈ શકે છે.

ટ્રમ્પને અમેરિકામાં વિદેશીઓ ધોળા ધરમેય ખપતા નથી. તેમાં પણ ભારતીયો ટ્રમ્પનું સૌથી સોફ્ટ ટાર્ગેટ છે કેમ કે ભારતીયો અમેરિકનોની વ્હાઈટ કોલર જોબ છિનવી રહ્યા છે એવું તેમને લાગે છે. આઈટી સેક્ટરની સારા પગારની નોકરીઓથી માંડીને ગેસ સ્ટેશન, ફૂડ આઉટલેટ્સ વગેરેની નોકરીઓ ભારતીયોને મળે છે કેમ કે ભારતીયો અમેરિકનોની જેમ વર્ક ટુ રૂલના બદલે વધારાના કલાકો પણ કામ કરી લે છે, ઓવરટાઈમ માગતા નથી, ઓછા પગારમાં પણ કામ કરી લે છે. આ કારણે અમેરિકન નોકરીદાતાઓ ભારતીયોને પસંદ કરે છે. ટ્રમ્પ તેમને કશું કરી શકે તેમ નથી એટલે ભારતીયો પર દાઝ કાઢે છે.

ડોનલ્ડ ટ્રમ્પ અમેરિકાના પ્રમુખ બન્યા પછી અમેરિકામાં ગેરકાયદે રીતે રહેતા વિદેશીઓને હાંકી કાઢવાના બહાને તેમણે વિદેશીઓને ભગાડવાનો કાર્યક્રમ પૂરજોશમાં ચાલુ કરી દીધો છે. ટ્રમ્પ શરૂઆતમાં કોઈ પણ પ્રકારના ડોક્યુમેન્ટ્સ વિના અમેરિકામાં ઘૂસેલા વિદેશીઓની જ કાઢવાની વાત કરતા હતા ને તેમાં કશું ખોટું નહોતું.

ગેરકાયદે રીતે ઘૂસનારા લોકોને કોઈ દેશ ના સંઘરે. ભારતમાં પણ ગેરકાયદે રીતે રહેતા બાંગ્લાદેશીઓ કે રોહિંગ્યાઓને કાઢી મૂકવા માટે કાર્યવાહી થાય જ છે તેથી ટ્રમ્પ એ મુદ્દે ખોટા નહોતા, પણ ધીરે ધીરે ટ્રમ્પે કાયદેસરના વિઝા લઈને આવેલા વિદેશીઓને પણ ઝપટમાં લેવા માંડ્યા છે. ટ્રમ્પની ઝપટે સૌથી વધારે વિદ્યાર્થીઓ ચડી રહ્યા છે. વિદેશી વિદ્યાર્થીઓનાં સોશિયલ મીડિયા એકાઉન્ટ્સની ચકાસણી કરીને અમેરિકામાં રહીને અમેરિકન સરકાર વિરોધી પ્રવૃત્તિઓ કરે છે એવા આક્ષેપો મૂકીને તેમને તગેડવામાં આવી રહ્યા છે.

ટ્રમ્પ સરકારની આ કાર્યવાહી કાયદેસર નથી, પણ ટ્રમ્પને કોઈ રોકી શકે તેમ નથી. ટ્રમ્પના માથે અમેરિકાને ફરી મહાન બનાવવાનું ભૂત સવાર છે અને વિદેશીઓ તેમાં સૌથી મોટો અવરોધ છે એવી તેમની માનસિકતા થઈ ગઈ છે એટલે ટ્રમ્પ રોક્યા રોકાવાના નથી. ટ્રમ્પના વલણે અમેરિકન તંત્રને છાકટું બનાવી દીધું છે. વિદેશીઓને અપમાનિત કરવાનો આદેશ ના આપ્યો હોય પણ ચા કરતાં કીટલી ગરમ હોય એમ અમલ કરનારી એજન્સીઓ વિદેશીઓને સાવ કચરાની જેમ ટ્રીટ કરી રહી છે. તંત્રમાં કામ કરનારા લોકોને એમ જ લાગે છે કે, વિદેશીઓ સાથે ગમે તે રીતે વર્તવાનો તેમને અધિકાર છે કેમ કે એ માટે કોઈ સજા થવાની નથી કે કોઈ તેમનો જવાબ પણ માગવાનું નથી તેથી તેમને કોઈ રોકી શકે તેમ નથી.

અમેરિકા ખોટું જ કરી રહ્યું છે એ હકીકત છે પણ આપણે એ પણ વિચારવાની જરૂર છે કે, ભારતીયો શા માટે અમેરિકા તરફ ભાગે છે અને વારંવાર આ પ્રકારની અપમાનિત થવાની ઘટનાઓ બની રહી હોવા છતાં આ પ્રવાહ કેમ રોકાતો નથી? કેમ કે ભારતીયોની આંખો ઉઘડી રહી નથી ને અમેરિકા તેમને હજુ સ્વર્ગ જ લાગી રહ્યું છે. આ સ્વર્ગનું સુખ માણવા ભારતીયો અમેરિકા ભાગી રહ્યા છે ને તેમાંથી સંખ્યાબંધ ધોયેલા મૂળાની જેમ પાછા આવી રહ્યા છે છતાં ભારતીયોનો અમેરિકા માટેનો મોહ ઘટતો નથી.

હવે આમાં સરકાર શું કરી શકે? આ સમસ્યા સરકારની નહીં પણ લોકોની માનસિકતાની છે. સરકાર બહુ બહુ તો અમેરિકા સામે વાંધો લે કે વિરોધ નોંધાવે, પણ અમેરિકા આવા વાંધા કે વિરોધને ગણકારે એ વાતમાં માલ નથી. આ સંજોગોમાં ભારતીયો જ વિવેકબુદ્ધિ વાપરે અને અમેરિકાનો મોહ છોડે એ જરૂરી છે.

ભારતીયોએ સમજવાની જરૂર છે કે, અમેરિકા બદલાયું છે. હવે ભારત બદલાયું છે એવો પ્રચાર પણ જોરશોરથી થાય છે. કમનસીબી એ છે કે, ભારત બદલાયું છે તેના પર ભારતીયોને વિશ્વાસ નથી ને અમેરિકા બદલાયું છે તે નજર સામે હોવા છતાં તેનો સ્વીકાર કરવા ભારતીયો તૈયાર નથી. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર ગ્રીષ્મઋતુ, બુધવાર, તા. ૧૧-૬-૨૦૨૫, જયેષ્ઠ પૂર્ણિમા, સંત કબીર જયંતી, વટસાવિત્રી વ્રતના પારણાં,

- ભારતીય દિનાંક ૨૧,માહે જયેષ્ઠ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, જયેષ્ઠ સુદ-૧૫
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે જયેષ્ઠ, તિથિ સુદ-૧૫
- પારસી શહેનશાહી રોજ ૧લો હોરમજદ, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૧લો હોરમજદ, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૨૩મો દએપદીન, માહે ૪થો તીર, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૧૪મો, માહે ૧૨મો જિલ્હજ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૧૫મો, માહે ૧૨મો જિલ્હજ, સને ૧૪૪૬
- નક્ષત્ર જયેષ્ઠા રાત્રે ક. ૨૦-૪૦ સુધી, પછી મૂળ
- ચંદ્ર વૃશ્ચિકમાં રાત્રે ક. ૨૦-૧૦ સુધી, પછી ધનુમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ વૃશ્ચિક (ન, ય), ધનુ (ભ, ધ, ફ, ઢ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૨, અમદાવાદ ક. ૦૫ મિ. ૫૫, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૩, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૩, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ બપોરે ક. ૧૨-૨૫, રાત્રે ક. ૨૩-૫૧
- ઓટઃ સાંજે ક. ૧૮-૨૫, મધ્યરાત્રિ પછી ક. ૦૫-૫૮ (તા. ૧૨)

વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, જયેષ્ઠ શુક્લ – પૂર્ણિમા. જયેષ્ઠ પૂર્ણિમા, સંત કબીર જયંતી, વટસાવિત્રી વ્રતના પારણાં, દેવસ્નાન પૂર્ણિમા (બંગાળ-ઓરિસ્સા), મન્વાદિ, અન્વાધાન, પારસી ૧૧મો બહમન, વિંછુડો સમાપ્તિ રાત્રે ક. ૨૦-૧૨. સૂર્ય મહાનક્ષત્ર મૃગશીર્ષમાં, વાહન શિયાળ.

- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ
- મુહૂર્ત વિશેષઃ લગ્ન, વાર અને નક્ષત્ર મુજબ બુધ ગ્રહદેવતાની પૂજા શ્રેષ્ઠ, તર્પણ શ્રાદ્ધ, ઈન્દ્રપૂજા, ઔષધ ઉપચાર, પ્રયાણ મધ્યમ, હજામત, વાહન યંત્ર, ખેતીવાડી, પશુ લે-વેંચ, પ્રાણી પાળવા, જયેષ્ઠા જન્મનક્ષત્ર શાંતિ પૂજા.
- આચમનઃ સૂર્ય-ચંદ્ર પ્રતિયુતિ સામાન્ય વ્યવહારોમાં મુશ્કેલી પડે,ચંદ્ર-રાહુ ચતુષ્કોણ મિત્રતાના વ્યવહારમાં સાવચેતી જરૂરી, બુધ-શુક્ર અર્ધત્રિકોણ મળતાવડા, ચંદ્ર-મંગળ ત્રિકોણ પ્રવૃત્તિપ્રિય.
- ખગોળ જ્યોતિષઃ સૂર્ય-ચંદ્ર પ્રતિયુતિ (જયેષ્ઠ પૂર્ણિમા યોગ) ચંદ્ર-રાહુ ચતુષ્કોણ, બુધ-શુક્ર અર્ધત્રિકોણ (તા. ૧૨), ચંદ્ર-મંગળ ત્રિકોણ (તા. ૧૨), ચંદ્ર ક્રાંતિવૃત્તથી મહત્તમ દક્ષિણે ૪ અંશ ૫૮ કળાના અંતરે રહે છે.
- ગ્રહગોચરઃ સૂર્ય-વૃષભ, મંગળ-સિંહ, બુધ-મિથુન, ગુરુ-મિથુન, શુક્ર-મેષ શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચ્યૂન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

# લૉસ એન્જલસમાં હિંસાને ડામવા વધુ ૨,૦૦૦ નેશનલ ગાર્ડ્સ મોકલાયા

લૉસ એન્જલસઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે 'ઇમિગ્રેશન રેડ' સામેના હિંસક દેખાવને ડામી દેવા માટે લૉસ એન્જલસ ખાતે નેશનલ ગાર્ડ્સના વધુ ૨,૦૦૦ જવાન મોકલવાનો સોમવારે આદેશ આપ્યો હતો.

દરમિયાન, ગવર્નર ગાવિન ન્યૂસોમે સોશિયલ મીડિયા 'એક્સ' પર જણાવ્યું હતું કે લૉસ એન્જલસ ખાતે સુરક્ષા વ્યવસ્થા જાળવવા માટે નેશનલ ગાર્ડ્સ મોકલવાનું ટ્રમ્પનું પગલું 'અવિચારી' અને સ્થાનિક સલામતી દળોની ક્ષમતાને ઓછી આંકનારું 'અપમાનજનક' છે.ગવર્નરે જણાવ્યું હતું કે આ મુદ્દો જનતાની સલામતીનો નહિ, પરંતુ દેશના પ્રમુખના અહંને સંતોષવા માટેની જોખમી કાર્યવાહીનો છે.અગાઉ, પૅન્ટાગૉને 'ઇમિગ્રેશન રેડ'નો હિંસક વિરોધ કરી રહેલા નેશનલ ગાર્ડ્સને શાંતિ જાળવવામાં મદદ કરવા માટે સોમવારે અંદાજે ૭૦૦ મરીન્સને લૉસ એન્જલસ મોકલ્યા હતા.લૉસ એન્જેલસના પોલીસ વડા જીમ મેકડોનેલે સોમવારે બપોરે બહાર પાડેલા નિવેદનમાં જણાવ્યું હતું કે મને અહીંના પોલીસ વિભાગના જવાનોની ક્ષમતામાં પૂરો વિશ્વાસ છે, પરંતુ પોલીસ વિભાગ સાથે સંકલન સાધ્યા વિના મરીન્સને અહીં મોકલવામાં આવ્યા હોવાથી મોટો પડકાર ઊભો થયો છે.લૉસ એન્જલસમાં અમેરિકાની ફેડરલ ઇમિગ્રેશન ઑથોરિટી દ્વારા અંદાજે ૪૦થી વધારે લોકોની ધરપકડ કરવામાં આવતા હિંસક દેખાવ શરૂ થયા હતા. સુરક્ષા દળોએ હિંસા ફેલાવનારા લોકોને વિખેરવા માટે અશ્રુવાયુ અને રબરની ગોળીઓ (કારતૂસ) છોડ્યા હતા. (એજન્સી) ■

# ટ્રમ્પના જન્મદિન, અમેરિકાના લશ્કરના સ્થાપનાદિન નિમિત્તે ભવ્ય પરેડ યોજાશે

**▸ અભેદ્ય સુરક્ષા વ્યવસ્થા કરાઇ ▸ આખા કોલંબિયામાં અસંખ્ય ડ્રોન ઊડશે ▸ ૧૮ માઇલથી વધુ લાંબી 'ફેન્સ' ઊભી કરાશે ▸ ૧૭૫ મૅગ્નેટૉમીટર બેસાડાશે**

વૉશિંગ્ટનઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પનો ૭૯મો જન્મદિન અને અમેરિકાના લશ્કરનો ૨૫૦મો સ્થાપનાદિન શનિવારે છે અને તે દિવસે અમેરિકામાં ભવ્ય પરેડ યોજાવાની છે.

શનિવારની પરેડને ધ્યાનમાં રાખીને આખા કોલંબિયા જિલ્લામાં અભેદ્ય સુરક્ષા ઊભી કરાઇ છે. કોલંબિયા જિલ્લામાં સામાન્ય રીતે મોટા ભાગનો વિસ્તાર ડ્રોનના ઉડ્ડયન માટે 'નૉ-ફ્લાય' ઝોન ગણાય છે, પરંતુ શનિવારે તેના આકાશમાં અસંખ્ય ડ્રોન ઉડાડાશે. આ ઉપરાંત, ૧૮ માઇલની 'ઍન્ટિ-સ્કેલ ફેન્સ' (જેના પર ચઢી ન શકાય એવી વાડ) અને ૧૭૫ મૅગ્નેટૉમીટર બેસાડાશે.

શનિવારે યોજાનારી પરેડ વખતે અંદાજે બે લાખ લોકો હાજર રહે એવી આશા રખાય છે અને તેમાં અનેક મહાનુભાવો પણ હાજર રહેવાના હોવાથી સંભવિત અનિચ્છનીય બનાવને રોકવા સુરક્ષાનું ખાસ ધ્યાન રખાઇ રહ્યું છે.

અમેરિકાના લશ્કરના ૨૫૦મા સ્થાપનાદિનની ભવ્ય ઉજવણી કરવાની અનેક મહિનાથી તૈયારી ચાલી રહી છે અને ટ્રમ્પે તે દિવસે પોતાનો જન્મદિન પણ હોવાથી અમેરિકાના લશ્કરની શક્તિનું મોટા પાયે પ્રદર્શન કરવાની પણ ઇચ્છા વ્યક્ત કરી હતી.

શનિવારે પરેડમાં ૬૦ ટનની એમ-૧ અબ્રામ્સ બૅટલ ટૅન્ક અને પેલાડિન સૅલ્ફ-પ્રૉપેલ્ડ હૉવિટ્ઝર પણ શહેરના રસ્તા પર દોડતી દેખાશે.

અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પનો જન્મ ૧૪ જૂન, ૧૯૪૬એ થયો હતો, જ્યારે અમેરિકાના લશ્કરની સ્થાપના કે રચના ૧૪ જૂન, ૧૭૭૫એ થઇ હતી.

અમેરિકાની કૉંગ્રેસે ૧૭૭૫માં દેશના લશ્કરની સત્તાવાર રચના કરી હોવાથી તેને ૨૫૦ વર્ષ થશે. કૉંગ્રેસે પેન્સિલ્વેનિયામાં નિષ્ણાત રાઇફલમેનની છ ટુકડી, મેરીલૅન્ડમાં બે અને વર્જિનિયામાં એક ટુકડી રચવાનો ૧૭૭૫માં નિર્ણય લીધો હતો. તેઓને બોસ્ટનમાં અન્ય એક ટુકડીમાં ભળી જવા કહેવાયું હતું અને તેના પછીના દિવસે (અમેરિકાના પ્રથમ પ્રમુખ) જ્યોર્જ વૉશિંગ્ટને આ નવા લશ્કરનું નેતૃત્વ સંભાળી લીધું હતું. (એજન્સી) ■

# કેન્દ્ર જનતાને સુરક્ષા પૂરી પાડવામાં નિષ્ફળઃ મમતા

## 'ભારતે પીઓકે પાછું લેવાની તક ગુમાવી'

કોલકાતાઃ પશ્ચિમ બંગાળનાં મુખ્ય પ્રધાન મમતા બેનરજીએ મંગળવારે ભાજપના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકારના રાજીનામાની માગણી કરવાની સાથે આક્ષેપ કર્યો હતો કે ભાજપ સરકાર દેશની જનતાને સલામતી પૂરી પાડવામાં અને પાકિસ્તાનના કબજા હેઠળનું કાશ્મીર પાછું લેવામાં નિષ્ફળ ગઇ હતી.

તેમણે જમ્મુ અને કાશ્મીરના પહલગામની ઘટનાના સંબંધમાં જણાવ્યું હતું કે કેન્દ્ર સરકાર દેશના નાગરિકોને સલામતી પૂરી પાડવામાં નિષ્ફળ ગઇ છે. પાકિસ્તાન સાથે તાજેતરમાં થયેલા યુદ્ધ દરમિયાન ભારત પાસે પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીર (પીઓકે)ને પાછું લેવાની 'સુવર્ણ તક' હતી, પરંતુ કેન્દ્ર સરકાર યોગ્ય નિર્ણય લઇ નહોતી શકી અને આ તક ગુમાવી હતી.

તૃણમૂલ કૉંગ્રેસનાં વડાંએ જણાવ્યું હતું કે સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા ત્રાસવાદ સામે રચાયેલી સમિતિમાં પાકિસ્તાનને સ્થાન મળ્યું હતું અને તેને ભારતની વિદેશ નીતિની નિષ્ફળતા જ ગણાય.

તેમણે વિધાનસભામાં સવાલ ઉઠાવ્યા હતા કે પહલગામમાં જ્યાં ત્રાસવાદીઓએ હુમલો કર્યો હતો ત્યાં સલામતી દળના જવાનો કે પોલીસ હાજર કેમ નહોતા? હુમલાખોર ત્રાસવાદીઓમાંનો એક પણ હજી શું કામ નથી પકડાયો?

મોદીએ જણાવ્યું હતું કે પાકિસ્તાનને હજી પણ આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળની લૉન મળી રહી છે અને તે પણ ભારતની વિદેશ નીતિની નિષ્ફળતા જ ગણાય. ભાજપની સરકાર પહલગામની ઘટનાને રાજકીય સ્વરૂપ આપી રહી છે. (એજન્સી) ■

# પુતિન લે છે બદલો : યુક્રેનના શહેરો પર ૩૦૦થી વધારે ડ્રોન-મિસાઈલથી હુમલો

કિવ : યુક્રેનના હવાઈ દળે માહિતી આપી છે કે રશિયાએ આખા દેશમાં ૩૧૫ ડ્રોન વડે હુમલો કર્યો હતો જેમાંથી ૨૭૭ને નિષ્ક્રિય કરવામાં આવ્યા હતા. આ સાથે રશિયાના લશ્કરે છોડેલા સાત મિસાઈલને હવામાં જ તોડી પડાયા હતા. રશિયાના આ હુમલામાં યુક્રેનના શહેરોને નુકસાન થયું હતું અને એક જણનું મરણ થયું હતું. રશિયાએ યુક્રેન પર મોટો ડ્રોન હુમલો કર્યો હતો જેમાં એક જણનું મરણ થયું હતું. વેસ્ટર્ન પોર્ટ ઓડેસાના એક મેટર્નિટી વોર્ડ પર પણ હુમલો થયો હતો. જોકે અહીં કોઈ નુકસાન થવાના અહેવાલ નથી.

આ હુમલા પહેલાં રશિયાએ સોમવારે યુક્રેન પર ૫૦૦ ડ્રોન-મિસાઈલથી મોટો હુમલો થયો હતો. રશિયા તેના પાંચ હવાઈમથકો પર યુક્રેને ડ્રોન વડે કરેલા હુમલાનો બદલો લઈ રહ્યું છે.

કિવના ૧૦ જિલ્લામાંથી સાત જિલ્લા પર સોમવાર રાત્રે હુમલા થયા હતા. યુક્રેનના મોટા ભાગના વિસ્તારોમાં હવાઈ હુમલાની ચેતવણી પાંચ કલાક સુધી સવારના પાંચ વાગ્યા (ગ્રીનીજ મીન ટાઈમ બે કલાક) સુધી આપવામાં આવી હતી. આ ડ્રોન હુમલામાં શહેરના રહેણાક અને બિનનિવાસી વિસ્તારોમાં આગ લાગી હતી.

એજન્સીના જણાવ્યા પ્રમાણે કિવ શહેરમાં મોટા ધડાકાના અવાજો સંભળાયા હતા અને રાત્રે આકાશમાં અંધકારને બદલે રોશની હતી. હુમલામાં શહેરના મધ્યમાં એક ઑફિસ બિલ્ડિંગને ગંભીર નુકસાન પહોંચ્યું હતું. આ ભવન યુદ્ધ પહેલાં યુકે વિઝા આવેદન કેન્દ્ર તરીકે કામ કરતું હતું. ■

પહેલા પાનાનું ચાલુ

### દિલ્હીની દ્વારકામાં

આઠમા માળની બાલ્કનીમાંથી કૂદી પડ્યા હતા. ઘાયલ હાલતમાં તેમને આકાશ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા, જ્યાં તેમને મૃત જાહેર કરવામાં આવ્યા હતા. બાદમાં તેના પિતા યશ યાદવ (૩૫) પણ તે જ બાલ્કનીમાંથી કૂદી પડ્યા હતા. તેમને આઇજીઆઇ હૉસ્પિટલમાં લઇ જવાયા હતા જ્યાં તેમને મૃત જાહેર કરવામાં આવ્યા હતા. પોલીસે જણાવ્યું હતું કે યાદવની પત્ની અને ભત્રીજીને પણ ઇજાગ્રસ્ત હાલતમાં આકાશ હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. યાદવનો ફ્લેક્સ બોર્ડનો વ્યવસાય હતો. આ પરિવાર બિલ્ડિંગના ઉપરના બે માળ પર ડુપ્લેક્સમાં રહે છે. ઘટનાના દ્રશ્યોમાં સેક્ટર ૧૩માં આવેલી 'શપથ સોસાયટી'ની બિલ્ડિંગમાંથી આગની જ્વાળાઓ અને ગાઢ ધુમાડાના ગોટેગોટા નીકળતા જોવા મળ્યા હતા જ્યારે નીચે લોકો મદદ માટે બૂમો પાડી રહ્યા હતા. પોલીસે જણાવ્યું હતું કે આગ એમઆરવી સ્કૂલ પાસે આવેલા હાઉસિંગ એપાર્ટમેન્ટના આઠમા અને નવમા માળે આગ લાગી હતી. દિલ્હી ફાયર વિભાગના જણાવ્યા અનુસાર, વિભાગને સવારે ૧૦.૦૧ વાગ્યે આગ લાગવાની માહિતી મળી હતી. શરૂઆતમાં આઠ ફાયર ફાઇટર્સ ઘટનાસ્થળે મોકલવામાં આવ્યા હતા, પરંતુ જ્યારે આગની ગંભીરતા સ્પષ્ટ થઈ ત્યારે વધુ ફાયર ફાઇટર્સને ઘટનાસ્થળે મોકલવામાં આવ્યા હતા. આગ ઘણા દૂરથી જોઈ શકાતી હતી. ઘટનાસ્થળે હાજર એક ફાયર અધિકારીએ જણાવ્યું હતું કે ઉપરના માળેથી કાળો ધુમાડો નીકળી રહ્યો હતો અને સાતમા માળના ફ્લેટમાંથી આગની જ્વાળાઓ નીકળી રહી હતી.
સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયોમાં લોકોને તેમના મોબાઇલ ફોનમાં આગના ફોટા પાડતા જોઈ શકાય છે. નજીકની ઇમારતમાંથી એક મહિલા દ્વારા રેકોર્ડ કરાયેલા વીડિયોમાં એક અવાજ સાંભળી શકાય છે, "ભગવાન તેમની મદદ કરો!"

એક પોલીસ અધિકારીએ કહ્યું હતું કે, 'સોસાયટીના બધા ઘરોને ખાલી કરી દેવાયા હતા. વીજળી અને પીએનજી કનેક્શન જેવી બધી આવશ્યક સેવાઓ બંધ કરી દેવાઇ હતી. તેમણે કહ્યું કે દિલ્હી વિકાસ સત્તામંડળ અને દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશનને ઇમારતનું મૂલ્યાંકન કરવા માટે જાણ કરવામાં આવી છે. એક સ્થાનિકે કહ્યું હતું કે "અમે કેટલાક લોકોને બાલ્કની પર ચઢીને મદદ માટે સંકેત આપવાનો પ્રયાસ કરતા જોયા હતા. આગ લાગવાનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી. ■

### રાજસ્થાનમાં

હોવાનું જાણવા મળ્યું છે. પાણીમાંથી કાઢીને યુવકોને ટોંક સઆદત હૉસ્પિટલમાં લઇ જવામાં આવ્યા હતાં. હૉસ્પિટલ પરિસરમાં ભારે ભીડ એકઠી થઈ ગઈ છે. વહીવટીતંત્ર અને પોલીસ ઘટનાસ્થળે હાજર છે. અહેવાલ મુજબ મૃતકો ટોંક અને જયપુર વિસ્તારના રહેવાસી છે, આ તમામ મિત્રો છે. યુવકો પિકનિક માટે ભેગા થયા હતા અને નદીમાં નહાવા જવાનો પ્લાન બનાવ્યો હતો. પરંતુ તેમને ખબર નહોતી કે પાણી કેટલું ઊંડું છે. જ્યારે એક યુવક ડૂબવા લાગ્યો, ત્યારે મિત્રો એકબીજાને બચાવવાનો પ્રયાસ કરતા પાણીમાં ડૂબી ગયા. ■

### મણિપુર અને

લોકોની ધરપકડ કરવામાં આવી હતી. મુખ્યપ્રધાન હિમંતા વિશ્વ શર્માએ આ માહિતી આપી હતી.

એક નિવેદનમાં કહેવામાં આવ્યું હતું કે 'પાંચમી જૂન અને સાતમી જૂનના રોજ મણિપુરના ચુરાચંદપુર જિલ્લાના સરહદી વિસ્તારોમાં ડીઆરઆઇ, કસ્ટમ્સ, આસામ રાઇફલ્સ અને મણિપુર પોલીસની સંયુક્ત ટીમ દ્વારા 'ઓપરેશન વ્હાઇટ વેલ' નામનું એક ખાસ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું.' છઠ્ઠી જૂનના રોજ વહેલી સવારે મ્યાનમારની સરહદે આવેલા બેહિયાંગ ગામમાંથી એક વાહનમાં બે શંકાસ્પદ લોકોને ઝડપી લેવામાં આવ્યા હતા અને ટીમ સિંગનગાટ સબ-ડિવિઝનના થાડો વેંગ ખાતેના રહેણાક સંકુલમાં પહોંચી હતી. ઘરની તપાસ કરતાં હેરોઈનવાળા ૨૧૯ સાબુના બોક્સ, અફીણના આઠ પૅકેટ, આઠ નાના ટીન બોક્સ, બે વોકી-ટોકી અને ૭,૫૮,૦૫૦ રૂપિયા રોકડા મળી આવ્યા હતા. ઘરમાંથી એક વ્યક્તિની ધરપકડ કરવામાં આવી હતી જ્યારે ભાગી ગયેલા બે અન્ય લોકોને બુઆલકોટ ચેક ગેટ પાસે ઝડપી લેવાયા હતા. બેહિયાંગ ગામમાં એક આરોપીના નિવાસસ્થાનની તપાસ કરવામાં આવી હતી અને અફીણવાળા બે પૅકેટ અને ૨૮,૦૫,૦૦૦ રૂપિયા રોકડા જપ્ત કરવામાં આવ્યા હતા. નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ એક્ટ, ૧૯૮૫ હેઠળ પાંચ વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી હતી.

આસામના મુખ્ય પ્રધાને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર લખ્યું હતું કે 'બે સફળ ડ્રગ વિરોધી કાર્યવાહીમાં. કાછર પોલીસે વિશ્વસનીય ગુપ્ત માહિતીના આધારે સતત બે ઓપરેશનમાં ૪૫ કરોડ રૂપિયાની કિંમતની ૧.૫ લાખ યાબા ગોળીઓ જપ્ત કરી છે. આ સંદર્ભમાં ચાર લોકોની ધરપકડ કરવામાં આવી છે, તેમણે કહ્યું હતું કે આસામ પોલીસ આપણા યુવાનોનું રક્ષણ કરવા માટે કટિબદ્ધ છે. દેશમાં યાબાનો ઉપયોગ ગેરકાયદે છે કારણ કે તેમાં મેથામ્ફેટામાઇન અને કેફીન હોય છે. ■

### ઑસ્ટ્રેલિયાની

આવ્યું હતું.

ઓસ્ટ્રિયાના ગૃહ મંત્રાલયે કહ્યું કે, અનેક લોકોનાં મોત થયાં છે. પરંતુ સંખ્યા જણાવી નહોતી. ઘટનામાં કેટલા વિદ્યાર્થી અને કેટલા શિક્ષક હતા તે જણાવાયું નથી. સામૂહિક ગોળીબારની ઘટનામાં ઘાયલ થયેલા લોકોની સંખ્યા અંગે પુષ્ટિ થઈ નથી.

માસ ફાયરિંગની ઘટના બોર્ગ ડ્રેયર્સચુટજેનગેસ હાઈ સ્કૂલમાં બની હતી. આ ઘટનામાં ઓછામાં ઓછા ૧૦ લોકોનાં મૃત્યુ થયા છે. શૂટરે આત્મહત્યા કરી હોવાનો પણ દાવો કર્યો હતો. જોકે સત્તાધીશો દ્વારા હજુ તેની કોઈ પુષ્ટિ કરવામાં આવી નથી.

પોલીસ પ્રવક્તા સબરી યોરગુને કહ્યું કે, સ્થાનિક સમય મુજબ સવારે ૧૦ કલાકે ફોન આવ્યા બાદ વિશેષ દળોને હાઈ સ્કૂલ મોકલ્યા હતા. અધિકારીઓ ઘટનાની તપાસ કરી રહ્યા છે. સવારે ૧૧.૩૦ કલાકે ગ્રાજ પોલીસે એક્સ પર લખ્યું, સ્કૂલને ખાલી કરાવી લેવામાં આવી છે અને વિદ્યાર્થીઓ કર્મચારીઓને સુરક્ષિત સ્થળ પર મોકલી દેવામાં આવ્યા છે.

ગ્રાઝમાં ત્રણ લાખથી વધુ વસતી છે. જે દેશની રાજધાની વિયેનાથી લગભગ ૨૦૦ કિલોમીટર દક્ષિણ-પશ્ચિમ સ્થિત છે. જે ઓસ્ટ્રિયાનું બીજું સૌથી મોટું શહેર છે.

ઉલ્લેખનીય છે કે, અમેરિકામાં સ્કૂલ ફાયરિંગ એક ગંભીર અને ચિંતાજનક સમસ્યા છે. આ ઘટનાઓમાં નિર્દોષ વિદ્યાર્થીઓ અને શિક્ષકો પોતાના જીવ ગુમાવે છે. છેલ્લાં પાંચ વર્ષમાં અમેરિકાની ૧૦૦થી વધુ શાળાઓમાં ગોળીબારની ઘટનાઓ બની છે. ૨૦૨૧માં, અમેરિકાની ૩૪ શાળાઓમાં ગોળીબારની ઘટનાઓ બની હતી. ૨૦૨૨માં ૨૭ શાળાઓમાં ફાયરિંગની ઘટનાઓ નોંધાઈ હતી. મોટાભાગે ટેક્સાસની સ્કૂલોને નિશાન બનાવવામાં આવે છે. ■

### સંરક્ષણ ક્ષેત્રે

સરકાર વેપાર અને ટૅક્નોલૉજીમાં દેશનો ઘણો વિસ્તાર કરી રહી છે અને છેલ્લાં ૧૧ વર્ષમાં દેશને ઝડપી પ્રગતિના પંથે મૂક્યો છે.

મોદીએ લખ્યું હતું કે દેશની સંરક્ષણ ક્ષેત્રની નિકાસ ૨૦૧૪-૧૫માં માત્ર રૂપિયા ૧,૯૪૦ કરોડ હતી, તે ૨૦૨૪-૨૫માં વધીને રૂપિયા ૨૩,૬૨૨ કરોડની થઇ હતી.તેમણે જણાવ્યું હતું કે ભારત હવે અત્યાધુનિક 'મિસાઇલ-પાવર' ધરાવતું અગ્રણી રાષ્ટ્ર બની ગયું છે. સુખોઇ-૨૦ એમકેઆઇમાંથી પણ અત્યાધુનિક બ્રહ્મોસ મિસાઇલનું સફળ પરીક્ષણ કરાયું હતું. મોદીએ જણાવ્યું હતું કે ભારતે તાજેતરમાં યુકે અને સંયુક્ત આરબ અમીરાત (યુએઇ) સાથે વેપારના 'ઐતિહાસિક' કરાર કર્યા હતા. ભારત વિશ્વભરમાં શાંતિ ઇચ્છે છે. ભારતના લશ્કરના ૨.૯ લાખથી વધુ જવાનોએ શાંતિ જાળવવા માટે સંયુક્ત રાષ્ટ્રસંઘની સેનામાં વિશ્વના પચાસ દેશમાં લશ્કરી કાર્યવાહી કરી હતી. વડા પ્રધાને જણાવ્યું હતું કે ભારતે સંયુક્ત રાષ્ટ્રસંઘના શાંતિ-રક્ષકોને કોવિડ-૧૯ની રસીના બે લાખ ડૉઝ પૂરા પાડ્યા હતા. (એજન્સી) ■

### અમદાવાદમાં

આઈસોલેશનમાં છે. ૧૦૬ સંક્રમિતો કોરોના મુક્ત થયા હતા.

કોવિડ-૧૯ ડેશ બોર્ડ પ્રમાણે દેશમાં કોરોનાના એક્ટિવ કેસ ૬,૮૧૫ પર પહોંચ્યા છે. કેરળ અને ગુજરાતમાં સૌથી વધુ કેસ નોંધાયા છે. કેરળમાં એક્ટિવ કેસનો આંકડો ૨,૦૫૩ છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૩૨૪ એક્ટિવ કેસ નોંધાયા હતા અને ત્રણ લોકોનાં મોત થયા હતા.

મહારાષ્ટ્ર, કર્ણાટક, ગુજરાત, દિલ્હી, પશ્ચિમ બંગાળ, ઉત્તર પ્રદેશ, તમિલનાડુ અને હરિયાણામાં સક્રિય કેસની સંખ્યા ચિંતાજનક રીતે વધી રહી છે. રિપોર્ટ અનુસાર, દેશભરમાંથી નવા એક્સએફજી વેરિઅન્ટના ૧૬૩ કેસ મળ્યા હતા. જેમાંથી, મહારાષ્ટ્રમાં ૮૯, તમિલનાડુમાં ૧૬, કેરળમાં ૧૫, ગુજરાતમાં ૧૧, આંધ્ર પ્રદેશ, મધ્ય પ્રદેશ અને પશ્ચિમ બંગાળમાં ૬-૬ કેસ નોંધાયા છે. એક્સએફજી વેરિઅન્ટ કોરોના વાયરસના ઓમિક્રોન સબ-વેરિઅન્ટમાંથી ઉદ્ભવેલો છે. ■

















# બાન્દ્રામાં કારના બોનેટ પર બેસી જોખમી સ્ટન્ટનો વીડિયો વાયરલ: બે પકડાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: બાન્દ્રાના કાર્ટર રોડ પર પૂરપાટ વેગે દોડતી કારના બોનેટ પર બેસી જોખમી સ્ટન્ટ કરવાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા બાદ પોલીસે તપાસ કરી બે યુવાનની ધરપકડ કરી હતી.

ખાર પોલીસે પકડી પાડેલા બન્ને યુવાનની ઓળખ મોહમ્મદ અલ્તાફ અબ્દુલ સલામ શેખ (૨૨) અને ગુલામ કાદીર અલી સૈયદ (૨૧) તરીકે થઈ હતી. બન્ને આરોપી ધારાવી પરિસરમાં રહે છે અને શેખ ડ્રાઈવિંગનું કામ કરે છે.

પોલીસના જણાવ્યા મુજબ કથિત સ્ટન્ટ ૭ જૂનની મધરાતે સાડાબાર વાગ્યાની આસપાસ કરાયો હતો, જેનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. આ વીડિયો જાગરૂક નાગરિકે મુંબઈ પોલીસને મોકલાવ્યો હતો. વીડિયોમાં એક કાર પૂરપાટ વેગે દોડે છે અને તેના બોનેટ પર યુવક બેઠો હોવાનું નજરે પડે છે. બાજુમાંથી પસાર થનારા વાહનમાંથી એક વ્યક્તિએ આ સ્ટન્ટનું વીડિયો રેકોર્ડિંગ કર્યું હોવાનું જણાય છે.

સ્ટન્ટનો વીડિયો બાન્દ્રા કાર્ટર રોડ પરનો હોવાની ખાતરી કર્યા પછી ખાર પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. વીડિયોમાં નજરે પડતી કારને પોલીસે વિવિધ માર્ગ પર લાગેલા સીસીટીવી કૅમેરાને આધારે ટ્રેસ કરી હતી. કાર ધારાવી પરિસરમાં હોવાનું જાણવા મળતાં પોલીસની ટીમે ધારાવીમાં બન્ને યુવાનોની શોધ ચલાવી હતી. શેખ ધારાવીના લેબર કૅમ્પ ખાતેના રત્ના ટાવર નજીક રહેતો હોવાનું અને સૈયદ જાસ્મિન રોડ પરની એક ચાલમાં રહેતો હોવાનું તપાસમાં જણાયું હતું.

આ રીતે જોખમી સ્ટન્ટ કરીને પોતાના અને બીજાના જીવને જોખમમાં મૂકવા બદલ તેમની વિરુદ્ધ ગુનો નોંધાયો હોવાનું પોલીસનું કહેવું છે. ■

# સાયન્સમાં પોસ્ટ ગ્રેજ્યુએટ કરનારો પાલઘરની લૅબમાં બનાવતો હતો ડ્રગ્સ

## ધરપકડ કરાયેલા ત્રણ આરોપી પાસેથી ૨૨.૬૪ લાખનું એમડી જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: સાયન્સમાં પોસ્ટ ગ્રેજ્યુએટ બાદ નોકરીએ લાગેલો યુવાન પાલઘરની કેમિકલ ફૅક્ટરીમાં આવેલી લૅબોરેટરીમાં ડ્રગ્સનું ઉત્પાદન કરતો હોવાની ચોંકાવનારી માહિતી પોલીસ તપાસમાં સામે આવી હતી. અંધેરીની એમઆઈડીસી પોલીસે આ કેસમાં ત્રણ આરોપીની ધરપકડ કરી ૨૨.૬૪ લાખ રૂપિયાનું મેફેડ્રોન (એમડી) જપ્ત કર્યું હતું.

ધરપકડ કરાયેલા આરોપીઓની ઓળખ ફરહાન ગુલઝાર ખાન (૩૬), પ્રતીક સુદર્શન જાધવ (૨૪) અને વિજય રાજારામ ખટકે (૪૩) તરીકે થઈ હતી. કોર્ટે ત્રણેય આરોપીને સાત દિવસની પોલીસ કસ્ટડી ફટકારી હોવાથી પોલીસ તેમની વધુ પૂછપરછ કરી રહી છે.

પોલીસના જણાવ્યા મુજબ શનિવારની રાતે ૧૨ વાગ્યાની આસપાસ અંધેરીમાં પમ્પ હાઉસ સબવેથી કનોસા જંકશન તરફ લાલ રંગની સ્કોડા કાર પૂરપાટ વેગે જઈ રહી હતી. પેટ્રોલિંગ પર હાજર પોલીસની ટીમે શંકાને આધારે કારને રોકી હતી. કાર રેકોર્ડ પરનો આરોપી ખાન ચલાવી રહ્યો હતો. કાર સાથે ખાનને એમઆઈડીસી પોલીસ સ્ટેશને લાવવામાં આવ્યો હતો.

તપાસ દરમિયાન ખાન પાસેથી ૨.૮૦ લાખ રૂપિયાનું એમડી મળી આવ્યું હતું. આ એમડી તેણે પાલઘરમાં રહેતા ડ્રાઈવર જાધવ પાસેથી પ્રાપ્ત કર્યું હોવાનું જાણવા મળ્યું હતું. પોલીસે પાલઘર વિસ્તારમાં શોધ હાથ ધરી સોમવારની રાતે જાધવને પકડી પાડ્યો હતો. તેની પાસેથી ૭.૬૦ લાખનું ડ્રગ્સ અને કાર જપ્ત કરવામાં આવી હતી. જાધવે આપેલી માહિતી પરથી પોલીસની ટીમ ડ્રગ્સ બનાવતી લૅબ સુધી પહોંચી હતી.

પાલઘર જિલ્લાના તારાપુર ખાતેની કેમિકલ ફૅક્ટરીમાં આ લૅબ આવેલી હતી. રસાયણશાસ્ત્રમાં એમએસસી ભણેલો ખટકે લૅબમાં એમડી બનાવતો હતો. પોલીસે લૅબ પર રેઇડ કરી ડ્રગ્સ બનાવવા માટેનો કાચો માલ અને સાધનસામગ્રી જપ્ત કરી હતી. જાધવ અને ખટકેની મંગળવારની સવારે ધરપકડ કરવામાં આવી હતી. આરોપીઓ પાસેથી છ મોબાઈલ ફોન પણ જપ્ત કરાયા હતા, એમ પોલીસે જણાવ્યું હતું. ■

# નિર્માણાધીન ઈમારત પરથી પડી જતાં મજૂરનું મોત

## બિલ્ડર-કોન્ટ્રાક્ટર સામે ગુનો

થાણે: થાણે જિલ્લાના મુંબ્રા નજીક નિર્માણાધીન ઈમારતના ચોથા માળેથી નીચે પટકાયેલા મજૂરનું મૃત્યુ થતાં પોલીસે બિલ્ડર અને કોન્ટ્રાક્ટર વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

મુંબ્રા પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે ઘટના રવિવારની બપોરે ૧.૩૫ વાગ્યે કૌસા પરિસરમાં ખર્ડી રોડ પર આવેલી સાઈટ ખાતે બની હતી. આ પ્રકરણે બિલ્ડર અને કોન્ટ્રાક્ટર વિરુદ્ધ બેદરકારીનો ગુનો નોંધવામાં આવ્યો હતો.

અધિકારીના જણાવ્યા મુજબ મૃતકની ઓળખ અર્જુન કિશોરી પટવા (૩૯) તરીકે થઈ હતી.

દીવા કૉલોનીમાં રહેતો પટવા નિર્માણાધીન ઈમારતના ચોથા માટે પ્લાસ્ટરિંગનું કામ કરી રહ્યો હતો. અચાનક ચોથા માળેથી નીચે પટકાયેલા પટવાનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું. પ્રાથમિક તપાસમાં એવું જણાયું હતું કે બિલ્ડર અને કોન્ટ્રાક્ટરે પર્સનલ પ્રોટેક્ટિવ ઈક્વિપમેન્ટ (પીપીઆઈ) જેવાં પાયાનાં સુવિધાનાં સાધનો પૂરાં પાડ્યાં નહોતાં, જેને પગલે પટવાએ જીવ ગુમાવ્યો હતો. આ પ્રકરણે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૦૬ અને ૩(૫) હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. મંગળવારની મોડી સાંજ સુધી આ કેસમાં કોઈની પણ ધરપકડ કરાઈ નહોતી. પોલીસ ટેક્નિકલ પુરાવા ભેગા કરી રહી છે અને ઘટનાસ્થળે હાજર સાક્ષીઓનાં નિવેદન નોંધી રહી છે. (પીટીઆઈ) ■

## મહિલા હોમગાર્ડ પર હુમલો

# ગરીબ હોવાથી ભોગવેલા કારાવાસને સજા ગણીને યુવકને છોડી મૂક્યો

થાણે: ઑન-ડ્યૂટી મહિલા હોમગાર્ડ પર હુમલો કરવા બદલ ૩૮ વર્ષના યુવકને થાણે કોર્ટે દોષી ઠેરવ્યો હતો, પણ તીવ્ર તેની ગરીબી અને અજ્ઞાનતાનું કારણ આપીને તેને જેલમાં જેટલો સમય વિતાવ્યો હતો તેટલી જ સજા આપીને છોડી મૂકવાનો આદેશ આપ્યો હતો.

ડિસ્ટ્રિક્ટ જજ પી. આર. અષ્ટુરકરે ભારતીય દંડસંહિતાની કલમ ૩૫૩ (સરકારી કર્મચારી પર હુમલો) હેઠળ મારુતિ અત્રામને દોષી ઠેરવ્યો હતો.

આ ઘટના ૨૬ ઑક્ટોબર, ૨૦૨૩ના રોજ બની હતી. અત્રામ કસારા જતી લોકલ ટ્રેનમાં લેડીઝ કોચમાં ચડી ગયો હતો. હોમગાર્ડ નીરજા અરવિંદ મુકાદમે તેને રોક્યો હતો, જેને કારણે ગુસ્સામાં અત્રામે તેના પર હુમલો કર્યો હતો. બીજે દિવસે અત્રામની ધરપકડ કરાઇ હતી.

જજે નોંધ કરી હતી કે આરોપી બહુ ગરીબ છે અને તેને વકીલ રોકવાની સાદી આવશ્યતા વિશે પણ સમજણ નથી. પુનર્વિચાર કરવા સમય આપ્યો હોવા છતાં તે કસૂરવાર હોવાના રટણ પર અટકી રહ્યો. તે ટ્રાયલ આગળ વધારવા માગતો નહોતો. તેની લાચારી જોતા જજે દયાભાવનો નજરિયો રાખીને જણાવ્યું હતું કે અરજદાર ગરીબ, અજ્ઞાન અને નિરક્ષર છે, બે વર્ષથી તેણે જામીન માગ્યા નથી. આ સંજોગોમાં માનવતાવાદી અને ઉદાર વલણની જરૂર છે. આથી અત્રામને એક વર્ષ, સાત મહિના અને આઠ દિવસ જેલમાં વિતાવ્યા તેને જ ભોગવેલી સજા ધારીને તેને તુરંત છોડી દેવા માટે જજે આદેશ આપ્યો હતો. (પીટીઆઇ)■

# પુણેના હૉટેલમાલિકને જાનથી મારવાની, મુંબઈમાં બ્લાસ્ટ કરવાની ભૂતપૂર્વ કર્મચારીએ આપી ધમકી

મુંબઈ: પુણેના હૉટેલમાલિકને તેના ભૂતપૂર્વ કર્મચારીએ જાનથી મારવાની અને મુંબઈમાં બ્લાસ્ટ કરવાની ધમકી આપી હતી. ભૂતપૂર્વ કર્મચારી પાસેથી ધમકી મળ્યા બાદ હૉટેલમાલિકે પુણે પોલીસ કન્ટ્રોલ રૂમને તેની જાણ કરી હતી અને ત્યાર બાદ મુંબઈ પોલીસને એલર્ટ કરાઇ હતી. આને કારણે શહેરમાં સુરક્ષા વધારવામાં આવી હતી.

સૂત્રોના જણાવ્યા અનુસાર પુણેના કોથરૂડમાં ઇન્દિરાનગર વિસ્તારમાં રહેતા હૉટેલમાલિક સંદીપ ગાડેને સોમવારે મોડી રાતે કૉલ કરીને ધમકી આપવામાં આવી હતી. ગાડે સાતારામાં હૉટેલ ધરાવે છે, જ્યાં સંદીપ સિંહ કામ કરતો હતો. સિંહે તાજેતરમાં કોઇ સૂચના આપ્યા વિના નોકરી છોડી દીધી હતી અને બાદમાં તે ગાયબ થઇ ગયો હતો.

સિંહે નોકરી છોડ્યાના બે દિવસ બાદ ગાડેનો સંપર્ક સાધ્યો હતો અને તેને જાનથી મારી નાખવાની અને મુંબઈમાં બોમ્બબ્લાસ્ટ કરવાની ધમકી આપી હતી. ધમકીને ગંભીરતાથી લઇ ગાડેએ ત્વરિત કોથરૂડ પોલીસનો સંપર્ક સાધ્યો હતો. ત્યાર બાદ મુંબઈ પોલીસને પણ તેની જાણ કરવામાં આવી હતી, જેને પગલે સુરક્ષા એજન્સીઓને એલર્ટ કરાઇ હતી. સુરક્ષા અધિકારીઓએ તાજેતરના સમયમાં આવી ધમકીઓની સંખ્યામાં થઇ રહેલા વધારા અંગે ચિંતા વ્યક્ત કરી હતી. ■

# એમએસઇડીસીએલનો અધિકારી 30 હજારની લાંચ લેતાં પકડાયો

થાણે: પાલઘરમાં વીજળીના બિલની રકમ ઓછી કરવા માટે ૩૦ હજાર રૂપિયાની લાંચ માગવા પ્રકરણે મહારાષ્ટ્ર સ્ટેટ ઇલેક્ટ્રિસિટી ડિસ્ટ્રિબ્યુશન કંપની (એમએસઇડીસીએલ)ના અધિકારીની એન્ટિ-કરપ્શન બ્યૂરોએ ધરપકડ કરી હતી. ફરિયાદીનું ઇલેક્ટ્રિસિટી મીટર વર્ષ ૨૦૧૦થી બંધ હતું, જેને કારણે તેને ૨.૦૬ લાખ રૂપિયાનું બિલ આવ્યું હતું. આનો ઉકેલ લાવવા અને બિલની રકમ નિયમિત કરવા તેણે એમએસઇડીસીએલની ઓફિસનો સંપર્ક સાધ્યો હતો. ડેપ્યુટી મેનેજર તરીકે કામ કરતા ૫૭ વર્ષના આરોપીએ ફરિયાદીને જણાવ્યું હતું કે જો તે ૩૫ હજાર રૂપિયાની લાંચ આપે તો તેના બિલની રકમ ૬૦ હજાર રૂપિયા કરી દેશે. (પીટીઆઇ) ■








# રાજ્યમાં કોરોનાથી એક દર્દીનું મોત અને ૮૯ નવા કેસ નોંધાયા

મુંબઈ: રાજ્યમાં કોરોના કેસમાં વધારો જણાઈ રહ્યો છે. મંગળવારે એક દર્દીનું કોરોનાથી મૃત્યુ થયું હતું. તો દિવસભરમાં રાજ્યમાં કોરોનાના ૮૯ નવા દર્દી નોંધાયા હતા. એ સાથે જ પહેલી જાન્યુઆરી,૨૦૨૫થી અત્યાર સુધીમાં કોરોનાના કુલ દર્દીનો આંકડો ૧,૫૯૩ એ પહોંચી ગયો છે. રાજ્યના સાર્વજનિક આરોગ્ય ખાતાના જણાવ્યા મુજબ મુંબઈમાં ૩૨, થાણેમાં ૩, નવી મુંબઈમાં એક, કલ્યાણમાં ચાર, મીરા-ભાયંદરમાં એક, રાયગઢમાં એક, પુણેમાં ૨૩ સહિત રાયગઢ, ગોંદિયા, ચંદ્રપુર, છત્રપતિ સંભાજીનગર જેવા શહેરોમાં કોરોના કેસ નોંધાયા હતા. રાજ્યમાં હાલ કોરોનાના ૬૧૫ દર્દી સક્રિય છે.મુંબઈમાં મંગળવારે ૩૨ નવા કેસ નોંધાવાની સાથે જ જાન્યુઆરી ૨૦૨૫થી અત્યાર સુધીમાં કુલ દર્દીનો આંકડો ૭૧૯ થઈ ગયો છે, જેમાં મે મહિનામાં જ નવા ૭૧૩ દર્દી નોંધાયા હતા.

છેલ્લા છ મહિનામાં કોરોના સહિત અન્ય ગંભીર બીમારીથી અસરગ્રસ્ત થયેલા કુલ ૧૯ દર્દીના મૃત્યુ થઈ ચૂક્યા છે. ■

પ્રથમ પુણ્યતિથિ શ્રદ્ધાંજલિ
દશા લાડ વણિક

જન્મ: ૧૩ મે ૧૯૫૬



સ્વર્ગવાસ: ૧૧ જૂન ૨૦૨૪

સ્વ. શ્રી કનકભાઈ કાંતિલાલ ભગત

"સર્વત્ર સુવાસ ફેલાવી સંભારણા સૌના દિલમાં રાખી ગયા! જીવન એવું જીવી ગયા કે સૌના દિલમાં વસી ગયા!"
પ્રભુ એ દિવ્ય આત્માને શાંતિ આપો.

શ્રીલેખા ભગત - પત્ની
ફેનાલી ભગત અને લિપ્સા ભગત - પુત્રીઓ તથા પરિવાર

# ગઢચિરોલીની ઇન્દ્રાવતી નદીમાં મગરે હુમલો કરતાં એકનું મૃત્યુ

ગઢચિરોલી: શનિવાર, ૭ જૂનના રોજ મહારાષ્ટ્રના ગઢચિરોલીમાં એક યુવાન પર મગરે હુમલો કરતાં યુવાનનું મોત થયું હતું. યુવાન બપોરે ૨ વાગ્યે મિત્રો સાથે માછીમારી કરવા ગયો હતો ત્યારે આ દુર્ઘટના ઘટી હતી. આ ઘટના મહારાષ્ટ્ર-છત્તીસગઢ સરહદ નજીક સિરોચા તાલુકાની ઇન્દ્રાવતી નદીમાં બની હતી. મૃતક યુવાનની ઓળખ છત્તીસગઢના બીજાપુર જિલ્લાના અટ્ટુકપલ્લીના રહેવાસી સમિત અંબાલા (૨૨) તરીકે થઈ છે. ઇન્દ્રાવતી નદી સિરોચા તાલુકા અને છત્તીસગઢ રાજ્યની સીમાને અડીને વહે છે. સોમનપલ્લી ગામ સિરોચા તાલુકામાં આવેલું છે, અને તેની સામે છત્તીસગઢ રાજ્યમાં આવેલું અટ્ટુકપલ્લી ગામ આવેલું છે. સમિત અંબાલા નામનો આ યુવાન રોજની જેમ માછલી પકડવા માટે નદી કિનારે ગયો હતો. જ્યારે તે નદીમાં જાળ નાખતો હતો, ત્યારે એક મગરે અચાનક તેના પર હુમલો કર્યો હતો. ■

# ગુમ બાળકીને ૧૨ કલાકમાં શોધી કાઢી

મુંબઈ: માહિમમાં ભાઈ સાથે દુકાને જવા ઘરેથી નીકળ્યા બાદ ગુમ થઈ ગયેલી છ વર્ષની બાળકીને પોલીસે ૧૨ કલાકમાં શોધી કાઢી હતી. પોલીસના જણાવ્યા મુજબ માહિમના નયાનગરમાં રહેતી ૩૩ વર્ષની મહિલાએ તેની બાળકી ગુમ થઈ હોવાની ફરિયાદ સોમવારની સવારે કરી હતી. બાળકી તેના ભાઈ સાથે નજીકની દુકાનમાં દૂધ લેવા ગયા બાદ પાછી ફરી નહોતી. આસપાસના પરિસરમાં શોધખોળ કરવા છતાં તેની કોઈ ભાળ મળી નહોતી. આ પ્રકરણે માહિમ પોલીસે બાળકીના અપહરણનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. બાળકીની શોધ માટે પોલીસ અધિકારીઓની ચાર ટીમ બનાવવામાં આવી હતી. ■

૧૦મી પુણ્યતિથી



સ્વ.સરેમલજી કપુરચંદજી કોઠારી
(ભીનમાલ નિવાસી)
જન્મ તારીખ- ૨૩-૧૧-૧૯૧૪
સ્વર્ગતિથી - ૧૧/૦૬/૨૦૧૫ (ઉ. વર્ષ - ૧૦૧)

કર્મ અને ધર્મ વચ્ચે જે અનુપમ, સમન્વય આપે સાધ્યો હતો તે સહુને માટે પથદર્શક બની રહેશે.
આપ અમારા પ્રેરણા સ્તોત્ર હતા .... છો .... અને સદાકાળ રહેશો ..... જે માટે અમે આપના ઋણી છીએ.

પિતૃવાત્સલ્યની ઝંખનાની આંતરવેદના કોણ વર્ણવી શકે?
કલમ થંભી જાય, શબ્દો ખૂટી પડે પણ અશ્રુની ધારા અવિરત વહ્યા કરે.
પળે પળે પિતૃ વાત્સલ્યની ઝંખના વધતી જાય, હૃદયની વ્યથા વધતી જાય.
ક્યાં છે એ પિતાની વાત્સલ્યતા? ક્યાં છે એ હસતો ચહેરો?
ક્યાં છે એ વિશાળ હૃદય? ક્યાં છે એ કોઈપણ પ્રસંગને હળવો બનાવનાર પ્રેરણામૂર્તિ પિતા? આ જન્મે તો ઓરતા અધૂરા રહ્યા પણ હે પ્રભુ!
અમારી અંતરની પ્રાર્થના છે કે જન્મજન્માંતર સુધી અમે એ જ પિતાના સંતાન બની, એમના ચરણ પખાળી, સેવા કરી, એમના વહાલ નિતરતા હૃદયમાં સદાયને માટે સમાઈ રહીએ.

સમસ્ત કોઠારી પરિવાર

RSBL RiddiSiddhi Bullions Ltd. Mumbai, INDIA

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## સંસ્થા સમાચાર

### ત્રિદિવસીય પ્રતિષ્ઠા મહોત્સવનું સમાપન

દક્ષિણ મુંબઈના ફણસવાડી સ્થિત શ્રી વેંકટેશ દેવસ્થાન ખાતે ગાદી સ્વામી શ્રીનિવાસચાર્યના માર્ગદર્શન હેઠળ ત્રણ દિવસીય પ્રતિષ્ઠા મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. એ દરમિયાન દિવ્ય આરતીની સાથે ભક્તોએ પ્રસાદનો લાભ લીધો હતો. ફણસવાડીના શ્રી વેંકટેશ દેવસ્થાનને મુંબઈનું છોટા તિરુપતિ માનવામાં આવે છે.

## 'જોખમી માનસિકતા' ધરાવતો હોવાનું કહીને કોર્ટે આઈએમના સભ્યના જામીન નકાર્યા

મુંબઈ: આતંકવાદ સંબંધી કેસમાં વિશેષ અદાલતે આરોપીની 'માનસિકતા અને પ્રવૃત્તિ જોખમી' હોવાનું નોંધીને ઈન્ડિયન મુજાહિદીન (આઈએમ)ના કથિત સભ્ય સાદીક શેખને જામીન આપવાનો ઇનકાર કરી દીધો હતો.

૨૦૦૮માં દિલ્હી, અમદાવાદ અને હૈદરાબાદમાં બૉમ્બ બ્લાસ્ટ પહેલાં મીડિયા હાઉસીસ અને ગવર્નમેન્ટ એજન્સીઓને ઈ-મેઈલ્સ મોકલવા પ્રકરણે મુંબઈ પોલીસે શેખ અને આતંકવાદી સંગઠન આઈએમ સાથે કથિત રીતે સંકળાયેલા અમુક શકમંદોની ધરપકડ કરી હતી.

આરોપીઓ વિરુદ્ધ અનલૉફુલ ઍક્ટિવિટી (પ્રિવેન્શન) ઍક્ટ, ભારતીય દંડ સંહિતાની સુસંગત કલમો અને મહારાષ્ટ્ર કન્ટ્રોલ ઑફ ઑર્ગેનાઈઝ્ડ ક્રાઈમ ઍક્ટ (એમસીઓસીએ) હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. શેખને અમદાવાદ બ્લાસ્ટ કેસમાં અગાઉ જ કસૂરવાર ઠેરવવામાં આવ્યો છે.

## છેલ્લા પાનાનું ચાલુ

### મુસાફરો બળજબરીથી

લોકલમાં ચાર લોકોનાં મોત થયાનાં એક દિવસ પછી, આજે સવારે ૯:૩૦ વાગ્યે, ડોમ્બિવલીમાં નિયમિત લોકલ ટ્રેન રદ કરવામાં આવ્યા બાદ મુસાફરો બળજબરીથી એસી લોકલ ટ્રેનમાં ઘૂસી રહ્યા છે.''

મુસાફરે સોમવારે સવારે મુંબ્રા રેલવે સ્ટેશન નજીક બનેલી દુઃખદ ઘટનાનો વીડિયો પણ શેર કર્યો છે. સોમવારે ચાલતી લોકલ ટ્રેનમાંથી પડી જવાથી ચાર મુસાફરોનાં મોત થયાં હતાં અને ઘણા લોકો ઘાયલ થયા હતા. આ દુર્ઘટના વધુ પડતી ભીડને કારણે થઈ હોવાનું માનવામાં આવે છે.

આ દુર્ઘટનાના એક દિવસ પછી, મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (MNS) એ મંગળવારે થાણે જિલ્લા પ્રમુખ અવિનાશ જાધવના નેતૃત્વમાં રેલવે વહીવટને નિશાન બનાવીને વિરોધ રેલીનું આયોજન કર્યું હતું. પાર્ટીએ તાત્કાલિક સલામતી સુધારા અને પ્લેટફોર્મ સ્ટોલ દૂર કરવાની માગ કરી હતી, તેમનો દાવો છે કે તેના કારણે વધુ ભીડ થાય છે અને આવી ઘટનાઓ બને છે. આ રેલીમાં સેંકડો પાર્ટી કાર્યકરોએ રેલવે અધિકારીઓના 'બેદરકારીભર્યા અને અસંવેદનશીલ' અભિગમની નિંદા કરતા સૂત્રોચ્ચાર કર્યા હતા. પ્રદર્શનકારીઓએ 'રોજિંદા મૃત્યુ, જવાબદાર કોણ?', 'પ્રશાસન સુન્ન છે, સરકાર આંધળી છે' અને 'મૃતકોને ન્યાય આપો, દોષિતોને સજા આપો' જેવા સંદેશાઓ લખેલાં પ્લેકાર્ડ રાખ્યા હતા, જે ઉપનગરીય રેલવે સિસ્ટમ પર વારંવાર બનતી દુર્ઘટનાઓ પર આક્રોશ વ્યક્ત કરતા હતા.

### એક વર્ષ પહેલા

ધ્યાનમાં લેતા, તમે એમ ન કહી શકો કે તમે મુસાફરોના મૃત્યુ અંગે કંઈ કરી શકતા નથી. તમારે નક્કર પગલાં લેવા પડશે. તમે કોઈ કારણ આપીને જવાબદારીથી છટકી શકતા નથી. અધિકારીઓ એવું કારણ આપીને ચૂપ રહી શકતા નથી કે મુસાફરોની સંખ્યા અમારા નિયંત્રણની બહાર છે. હવેથી, ફક્ત ઉચ્ચ અધિકારીઓ જ જવાબદાર રહેશે,'' મુખ્ય ન્યાયાધીશે કહ્યું હતું.

### એનસીપીના

રહ્યા. આગામી ચૂંટણીઓમાં એક અલગ જ ચિત્ર પ્રગટ થશે.'

પવારે જણાવ્યું હતું કે પાલિકા ચૂંટણીઓ નજીક આવી રહી છે ત્યારે પાર્ટીનું નેતૃત્વ દરેક જિલ્લામાં એનસીપી (એસપી)ના પ્રતિનિધિઓ સાથે વાત કરશે અને સ્વતંત્ર રીતે ચૂંટણી લડવી કે ગઠબંધનમાં તે નક્કી કરશે. એનસીપી (એસપી) રાજ્યમાં પાર્ટીના કાર્યકરો અને નેતાઓની નવી પેઢી બનાવવાનું કામ કરશે. (પીટીઆઈ)

### મધ્ય રેલવેનાં

પામ્યાં હતાં અને ૧૫૭ લોકો ઘાયલ થયા હતા, જ્યારે થાણેમાં ૬૮ લોકો મૃત્યુ પામ્યા હતા અને ૧૦૭ લોકો ઘાયલ થયા હતા. આમાંના મોટાભાગના કિસ્સાઓમાં લોકો ચાલતી ટ્રેનમાંથી પડી જવાથી મૃત્યુ પામ્યાં હતાં.

રેલ યાત્રી પરિષદના પ્રમુખ સુભાષ ગુપ્તાએ જણાવ્યું હતું કે એક તરફ મુંબઈની લોકલ ટ્રેનો દરરોજ લાખો મુસાફરોને તેમના ગંતવ્ય સ્થાન પર પહોંચાડી રહી છે, તો બીજી તરફ આ આંકડા વહીવટીતંત્રની બેદરકારીનો પુરાવો છે. સલામતી વ્યવસ્થાનો અભાવ, ટ્રેનોની સંખ્યામાં કોઈ વધારો નહીં અને સિગ્નલિંગ સિસ્ટમમાં ખામીઓને કારણે મુંબઈ લોકલ ટ્રેનોમાં મુસાફરી અસુરક્ષિત બની ગઈ છે.

### પવારે

સારા સંબંધો હતા.

પવારે જણાવ્યું હતું કે 'પક્ષે ક્યારેય રાષ્ટ્રીય હિતને લગતા મુદ્દાઓનું રાજકારણ કર્યું નથી. પહલગામ આતંકવાદી હુમલા પછી અમે સરકારની ટીકા કરવાથી દૂર રહ્યા હતા. અમે ભારપૂર્વક જણાવ્યું હતું કે હુમલાના જવાબમાં કેન્દ્ર દ્વારા કરવામાં આવેલી કોઈપણ કાર્યવાહીને અમે ટેકો આપીશું.'

પવારે એમ પણ કહ્યું હતું કે 'ભારતના નકશા પર નજર કરતા ઉત્તરમાં પાકિસ્તાન અને ચીન છે અને પૂર્વ અને દક્ષિણમાં અનુક્રમે બાંગ્લાદેશ અને શ્રીલંકા છે. આ દેશો સાથેના ભારતના સંબંધોની હાલની સ્થિતિ શું છે? નેહરુના નેતૃત્વમાં ભારતને તમામ પાડોશી દેશોનો સહકાર મળ્યો હતો.'

'જોકે આજે પાકિસ્તાન અને ચીન સાથે આપણા સંબંધો વણસી ગયા છે. ભારતના સમર્થનથી બનેલું બાંગ્લાદેશ આપણી પડખે નથી. શ્રીલંકા પર ચીનના વધતા પ્રભાવને કારણે ભારત સાથે તેના જોડાણ અંગે શંકા ઊભી થાય છે. ટૂંકમાં ભારત હાલ કોઈ પણ પાડોશી સાથે અર્થપૂર્ણ સંવાદ ધરાવે છે એવું વિશ્વાસપૂર્વક નથી કહી શકાતું.' (પીટીઆઈ)

### મુંબઈ સહિત

કિનારા સુધી ટ્રફનું નિર્માણ થયું છે. તો ઉત્તર ઓડિશા અને પડોશમાં અપર એર સાયક્લોન પણ નિર્માણ થયું છે. આ સિસ્ટમ ઝડપથી મહારાષ્ટ્રના દક્ષિણ ભાગ અને પશ્ચિમ તરફ આગળ વધવાની શકયતા છે. આ સિસ્ટમના પ્રભાવ હેઠળ આગામી ૧૨થી ૧૭ જૂન, ૨૦૨૫ દરમ્યાન મહારાષ્ટ્રમાં વરસાદની પ્રવૃતિમાં વધારો થવાની સંભાવના છે. આ સમયગાળા દરમ્યાન કોંકણ અને મધ્ય મહારાષ્ટ્રમાં ભારેથી અતિ ભારે વરસાદની શકયતા છે.

હવામાન વિભાગના અધિકારી શુભાંગી ભુટેએ જણાવ્યું હતું કે આગામી ત્રણથી ચાર દિવસમાં ચોમાસું ફરી સક્રિય થવાની શકયતા છે. ચોમાસાના આગળ વધવા માટે અનુકૂળ પરિસ્થિતિ બનવાની શક્યતા છે.

૧૨થી ૧૪ જૂન દરમ્યાન મરાઠવાડાના અમુક વિસ્તારમાં અને ૧૨થી ૧૫ જૂન દરમ્યાન કોંકણ-ગોવામાં વરસાદની શકયતા છે. ૧૨થી ૧૪ જૂન દરમ્યાન ભારે વરસાદની શકયતા છે. મધ્ય મહારાષ્ટ્રમાં પણ ૧૩થી ૧૫ જૂન દરમ્યાન ભારે વરસાદ પડવાની શકયતા છે.

આ દરમ્યાન જોકે રાજયના કૃષિ વિભાગે ખેડૂતોને ૧૫ જૂન સુધી વાવણીમાં ઉતાવળ નહીં કરવાની અપીલ કરી છે. મુખ્ય પ્રધાનની ઓફિસે જણાવ્યું હતું કે ૧૫ જૂન સુધી વાવણી રોકી રાખવી. આગામી દિવસમાં વાવાઝોડા અને ભારે વરસાદની સંભાવના છે, તેથી ખેડૂતોએ અને માછીમારોએ સાવચેતી રાખવાની રહેશે.

મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસની અધ્યક્ષતામાં રાજય મંત્રીમંડળની બેઠકમાં ચોમાસાની સ્થિતિ, પાક માટે પાણીની ઉપલબ્ધતા અને ડેમમાં પાણીના સંગ્રહ સ્તરની સમીક્ષા કરવામાં આવી હતી.

કૃષિ વિભાગના પ્રિન્સીપલ સેક્રેટરી વિકાસચંદ્ર રસ્તોગીએ મંત્રીમંડળને જણાવ્યું હતું કે ૧૫ જૂન પછી જ રાજ્યના તમામ પ્રદેશોમાં ચોમાસું સક્રિય થવાની શક્યતા છે. ખેડૂતોએ વાવણી શરૂ કરતા પહેલા ચોમાસું બેસે તેની રાહ જોવી યોગ્ય રહેશે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે અત્યાર સુધી ૧૭ જિલ્લામાં સરેરાશના ૨૫ ટકાથી ઓછો વરસાદ પડયો છે, જ્યારે ૧૨ જિલ્લામાં ૨૫ ટકાથી ૫૦ ટકા સુધીનો વરસાદ પડયો છે. ચાર જિલ્લામાં ૫૦ ટકાથી ૭૫ ટકા સુધીનો વરસાદ પડયો છે. જયારે એક જિલ્લામાં સામાન્ય કરતા ૧૦૦ ટકા વધુ વરસાદ પડયો છે.

### ભાડાવધારા

પરંતુ નવ જૂને રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવે મારી સાથે અઢી કલાક વાત કરી.''

સરકારી કચેરીઓને ફ્લેક્સી-ટાઇમની ફરજ આપવામાં આવી છે. પરંતુ ખાનગી કચેરીઓને તેનો અમલ કરવામાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. ફડણવીસે એમ પણ કહ્યું કે સરકાર જાહેર પરિવહન વ્યવસ્થામાં સુધારો કરવાનો પ્રયાસ કરશે.

દરમિયાન, મુંબ્રા લોકલ અકસ્માતમાં ચાર મુસાફરોનાં મોત થયાં હતાં અને ઘણા ઘાયલ થયા હતા. જોકે, રેલવે પ્રધાને હજુ સુધી મૃતકોને શ્રદ્ધાંજલિ આપી નથી, જેના કારણે આશ્ચર્ય વ્યક્ત કરવામાં આવી રહ્યું છે. રેલવે મંત્રાલયે અકસ્માત લેવામાં આવેલા પગલાં અને મૃતકોને મદદ અંગે કોઈ માહિતી આપી નથી. તેથી, પ્રશ્ન પૂછવામાં આવી રહ્યો છે કે, રેલવે પ્રધાન હજુ પણ લાગણીહીન કેવી રીતે છે. અશ્વિની વૈષ્ણવ હંમેશાં સોશિયલ મીડિયા પર સક્રિય રહે છે. પરંતુ આ અકસ્માત અંગે તેમણે કોઈ પ્રતિક્રિયા આપી ન હોવાથી આશ્ચર્ય વ્યક્ત કરવામાં આવી રહ્યું છે.

### અજિત પવાર

એમ તેમણે ઉમેર્યું હતું.

'અમે અમારી ધર્મનિરપેક્ષ વિચારધારા અને છત્રપતિ શિવાજી મહારાજ, મહાત્મા ફુલે, ડો. બાબાસાહેબ આંબેડકર અને શાહુ મહારાજની વિચારધારા સાથે સમાધાન કર્યા વિના એનડીએમાં જોડાયા હતા,' એમ તટકરેએ કહ્યું હતું.

બે જૂથો એકસાથે આવી શકે છે તેવી અટકળો વિશે પૂછવામાં આવતા તટકરેએ કહ્યું હતું કે 'આવો કોઈ પ્રસ્તાવ નથી.'

અજિત પવારે પોતે એનસીપી (એસપી) સાથે ફરી જોડાણની શક્યતા વિશે કોઈ ચોક્કસ નિવેદન આપ્યું નથી, ફક્ત એટલું જ કહ્યું છે કે આવા નિર્ણયો ટોચના નેતૃત્વ દ્વારા લેવામાં આવે છે, પક્ષના કાર્યકરો કે જુનિયર નેતાઓ દ્વારા નહીં.

તેમણે ભાજપ સાથે હાથ મિલાવવા અને રાજ્ય સરકારનો ભાગ બનવાના પોતાના નિર્ણયને પણ યોગ્ય ઠેરવતા કહ્યું કે 'અમે કોઈ સંત નથી' જે વિરોધમાં રહીને અને વિરોધ કરીને સંતોષ માને. તેમનો પક્ષ લોકો માટે કામ કરવા માગતો હતો, એમ તેમણે ઉમેર્યું હતું.

પુણેમાં અન્યત્ર એનસીપી (એસપી)ના સ્થાપના દિવસના કાર્યક્રમમાં, પક્ષના સાંસદ સુપ્રિયા સુળેએ પુનઃ જોડાણ વિશેના પ્રશ્નનો સીધો જવાબ આપવાનું ટાળ્યું હતું.

એનસીપી (એસપી)નો એક વર્ગ અજિત પવારની પાર્ટી સાથે ફરી જોડાણ કરવા માગે છે અને તેમના પિતા શરદ પવાર કહે છે કે પક્ષ સંબંધિત તમામ નિર્ણયો તેઓ લેશે તે અંગે પૂછવામાં આવતા, સુળેએ કહ્યું હતું કે, 'મારી પાસે છેલ્લા ૧૫ દિવસથી પક્ષના નેતાઓ સાથે પાર્ટી બાબતોની ચર્ચા કરવાનો અથવા મારા પરિવારને મળવાનો સમય મળ્યો નથી.'

સુળેએ તાજેતરમાં એક બહુ-પક્ષીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કર્યું હતું અને ઓપરેશન સિંદૂર પછી ભારતનું વલણ જણાવવા માટે કેટલાક વિદેશી દેશોમાં પ્રવાસ કર્યો હતો.

'કેટલાક લોકો બીજી વિચારધારાઓ સાથે ગયા અને આ ભાગલા વધુ વ્યાપક બન્યા. હું આજે તેના વિશે વાત કરવા માગતો નથી, પરંતુ જે લોકો પક્ષ પ્રત્યે વફાદાર રહ્યા, તે આપણા પક્ષની વિચારધારાને કારણે હતા,' એમ શરદ પવારે તેમના પક્ષના કાર્યક્રમમાં કહ્યું. 'કોણ ગયું છે અથવા કોણ જોડાયું છે તેના પર ધ્યાન કેન્દ્રિત ન કરો. જો આપણે એકતામાં રહીશું અને સામાન્ય લોકો પ્રત્યે પ્રતિબદ્ધ રહીશું, તો આપણને કોઈ સમસ્યાનો સામનો કરવો પડશે નહીં,'

### ૨૦૧૪ પછી

અભિનંદન પાઠવ્યા હતા.

છેલ્લાં અગિયાર વર્ષમાં એક પણ કૌભાંડની માહિતી સામે આવી નથી. પહેલગામમાં આતંકવાદી હુમલો થયો, પછી ભારતે આતંકવાદીઓને પાઠ ભણાવ્યો. ભારતની તાકાત વધી છે. ૨૧મી સદીના નરેન્દ્ર મોદી, એમ કહેતા એકનાથ શિંદેએ કૉંગ્રેસ નેતા રાહુલ ગાંધીની ટીકા કરી હતી. તેમણે કહ્યું કે, રાહુલ ગાંધી બહાર જઈને દેશને બદનામ કરે છે. રાહુલ ગાંધી મોદીની ટીકા કરે છે તે સૂર્ય પર થૂંકવા જેવું છે. એકનાથ શિંદેએ કહ્યું કે તમે દેશને આગળ લઈ જનારા વડા પ્રધાનની ટીકા કરો છો. નરેન્દ્ર મોદીને વડા પ્રધાન બનતા અટકાવવા માટે બધા પક્ષો એકઠા થયા હતા, પરંતુ અંતે મોદી આવ્યા જ, એકનાથ શિંદેએ કહ્યું હતું.

મુંબઈ છોડીને ગયેલા બધા લોકોને અમે પાછા લાવીશું.

એકનાથ શિંદેએ ધારાવીના મુદ્દા પર ઠાકરે જૂથની પણ ટીકા કરી હતી. ધારાવીમાં લોકો કેવી રીતે રહે છે તે જુઓ, ત્યાં ગટરો છે, મચ્છરો છે. એક ઘરમાં દસ લોકો રહે છે. ધારાવી પુનર્વસનની માલિક સરકાર છે, એમ કહેતા એકનાથ શિંદેએ ઉમેર્યું કે મુખ્યપ્રધાન બન્યા પછી તેમણે એવા કામ કર્યા જેનાથી લોકોને ફાયદો થાય. શિંદેએ એમ પણ કહ્યું કે તમે લાયક લોકોને ઘર આપવાનું કહ્યું હતું, પણ હું કહું છું કે બધાને ઘર આપો. એકનાથ શિંદેએ ખાતરી આપી હતી કે તેઓ મુંબઈ છોડીને આવેલા બધાને મુંબઈ લાવશે.

### યુપીએની

થઈ હોવાનો આરોપ કરનારા કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી સાથે ચર્ચા કરવા તેઓ તૈયાર છે.

મેટ્રો નેટવર્ક, મુંબઈ કોસ્ટલ રોડ, ટ્રાન્સ-હાર્બર અટલ સેતુ, વાઢવણ બંદર અને નવી મુંબઈ એરપોર્ટ જેવા ઘણા વર્ષોથી અટવાયેલા પ્રોજેક્ટ મોદી સત્તામાં આવ્યા બાદ ઝડપથી આગળ વધ્યા હતા એમ જણાવી ફડણવીસે ઉમેર્યું હતું કે રાજ્યમાં રૂ. ૧.૭૫ લાખ કરોડના રેલવે પ્રોજેક્ટ અને છ લાખ કરોડ રૂપિયાના ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ ચાલી રહ્યા છે.

કોંગ્રેસની આગેવાની હેઠળના યુપીએના દસ વર્ષના શાસનકાળ દરમિયાન મહારાષ્ટ્રને કેન્દ્ર તરફથી ૧.૨૩ લાખ કરોડ રૂપિયા મળ્યા હતા, જ્યારે ૨૦૧૪થી અત્યાર સુધીમાં તેને ૧૦.૫ લાખ કરોડ રૂપિયા મળ્યા છે. આ વધારો દસ ગણો છે એવો દાવો તેમણે કર્યો હતો.

સોમવારે થાણા નજીક થયેલા ટ્રેન અકસ્માત સંદર્ભે ફડણવીસે જણાવ્યું હતું કે 'કેન્દ્ર સરકાર મુંબઈમાં ઉપનગરીય રેલવે નેટવર્કમાં રોકાણ, મુસાફરોની સુવિધા અને સલામતી પર કામ કરી રહી છે. રેલવે પ્રધાને મને કહ્યું કે વધુ વાતાનુકૂલિત ટ્રેનો સાથે ઉપનગરીય માર્ગો પર વધારાની ટ્રેનો શરૂ કરવામાં આવશે. જો ઑટોમેટિક દરવાજા બેસાડવામાં આવશે તો વેન્ટિલેશન પર પણ ધ્યાન આપવામાં આવશે. ભાડામાં વધારો કર્યા વિના એસી ટ્રેનો શરૂ કરવામાં આવશે.'

ટ્રેનોમાં વધુ પડતી ભીડ ટાળવા માટે અલગ અલગ ઑફિસ ટાઇમિંગની રજૂઆત અંગે પણ વિચારણા કરવામાં આવી રહી હોવાનું પણ સીએમએ જણાવ્યું હતું.

ધારાવી ઝૂંપડપટ્ટી પુનર્વિકાસ અંગેના એક પ્રશ્નના જવાબમાં ફડણવીસે કહ્યું હતું કે તે 'શહેરની કાયાપલટ કરનારો આ સૌથી મોટો પ્રોજેક્ટ છે. લોકો તેને સમર્થન આપી રહ્યા છે અને આઠથી દસ લાખ રહેવાસીઓનું પુનર્વસન કરવામાં આવશે. પાત્ર લોકોને ધારાવી અને શહેરમાં અન્યત્ર મકાન મળશે. (પીટીઆઈ)

## મતદાર સૂચીમાં ગેરરીતિ અંગે કૉંગ્રેસે ચૂંટણી પંચને પત્ર નથી લખ્યો

૨૦૨૪ની મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં ગરબડનો આરોપ કરનારા લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીના પત્ર અંગેના સવાલના જવાબમાં ફડણવીસે કહ્યું હતું કે ચૂંટણી પંચે રાહુલ ગાંધીને એ બધી વિગતો પત્રમાં લખવા કહ્યું હતું. કૉંગ્રેસે આરટીઆઈ (માહિતીનો અધિકાર)ના પ્રશ્ન દ્વારા આ જ મુદ્દાઓ પર પ્રકાશ પાડ્યો હતો અને ચૂંટણી પંચ તરફથી ૬૦ પાનાનો જવાબ આપવામાં આવ્યો હતો. હવે કૉંગ્રેસ પાસે ચગાવવા માટે બીજો કોઈ મુદ્દો નથી.

વધુ જાણકારી આપતા ફડણવીસે જણાવ્યું હતું કે 'મેં કૉંગ્રેસના પોલિંગ બૂથ એજન્ટોને મતદાન અને મતગણતરી દરમિયાન કોઈ ગેરરીતિ તરફ ધ્યાન દોરતા સાંભળ્યા નથી. કૉંગ્રેસે મતદારોની સૂચિમાં કોઈ પણ પ્રકારની ગેરરીતિઓ અંગે ચૂંટણી પંચને પત્ર લખ્યો ન હતો. આ બધું ચૂંટણી નિષ્ફળતાઓને છુપાવવા માટે કરવામાં આવી રહ્યું છે. રાહુલ ગાંધી આત્મનિરીક્ષણ નહીં કરે ત્યાં સુધી કૉંગ્રેસ સફળ નહીં થાય.'

માઓવાદ વિશે વાત કરતા તેમણે કહ્યું કે મહારાષ્ટ્રમાં હવે ગણ્યાગાંઠ્યા સક્રિય નક્સલીઓ જ બચ્યા છે. છત્તીસગઢમાં કૉંગ્રેસની સત્તા હતી, ત્યારે (નક્સલવાદીઓ દ્વારા) વધુ ભરતી કરવામાં આવી હતી. ભાજપ ત્યાં સત્તામાં પરત ફર્યા બાદ નક્સલ વિરોધી અભિયાન પૂરજોશમાં ચાલી રહ્યું છે. નક્સલવાદ હવે તેના અંતિમ તબક્કામાં છે અને માર્ચ ૨૦૨૬ સુધીમાં સંપૂર્ણપણે નાશ પામશે.'

### અકસ્માત અંગે

તેવું લાગ્યું.'' તેથી, મધ્ય રેલવેને શંકા છે કે આ 'અજ્ઞાત' વસ્તુ લોખંડનો સળિયો હોઈ શકે છે. તે સંદર્ભે, મધ્ય રેલવે અકસ્માતની તપાસ કરી રહી છે. અન્ય એક થિયરી મુજબ, અકસ્માત સમયે બંને લોકલ ટ્રેનોમાં સામાન્ય કરતાં વધુ મુસાફરો હતા. આ મુસાફરો ફૂટબોર્ડ પર ઊભા હતા. એવું કહેવામાં આવી રહ્યું છે કે તેઓ એકબીજા સાથે અથડાયા બાદ નીચે પડી ગયા હતા. આ માટે ગઈકાલે અકસ્માત બાદ મધ્ય રેલવેની એક ટીમે ઘટનાસ્થળનું નિરીક્ષણ કર્યું હતું.

આ પછી, બે રેલવે ટ્રેક વચ્ચેનું અંતર માપવામાં આવ્યું હતું. તેથી, હવે આ પ્રાથમિક તપાસમાંથી શું માહિતી બહાર આવશે તેના પર બધાની નજર છે.

મુમ્બ્રા રેલવે સ્ટેશન પર અકસ્માત બાદ પ્લેટફોર્મ નંબર ચાર પર આરપીએફ, જીઆરપીએફ અને સ્થાનિક પોલીસ તહેનાત છે. ગઈકાલે રેલ્વે એન્જિનિયરો દ્વારા બે ટ્રક વચ્ચેનું અંતર માપવામાં આવ્યું હતું. હાલમાં, પ્લેટફોર્મ નંબર ત્રણ અને ચાર પરથી અપ અને ડાઉન જતી લોકલ અને મેલ એક્સપ્રેસ ટ્રેનો વળાંક પર ધીમે ધીમે આગળ વધે છે.

ભાજપના કિરીટ સોમૈયાએ મધ્ય રેલવેના મેનેજરો પાસેથી મુંબ્રામાં શું થયું? તે કેવી રીતે બન્યું? જવાબદાર કોણ? જેવા પ્રશ્નોના જવાબ માંગ્યા હતા. કિરીટ સોમૈયાએ કહ્યું કે મુંબ્રા અકસ્માતની તપાસ કરવી અને જવાબદારી નક્કી કરવી જરૂરી છે.

બીજી તરફ, મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાએ સવારે ૯ વાગ્યે થાણેના ગાવદેવી મેદાનથી થાણે રેલવે સ્ટેશન સુધી મોરચો કાઢ્યો હતો. મનસે નેતા અવિનાશ જાધવ અને થાણે રેલવે મુસાફરો પણ આ મોરચામાં જોડાયા હતા.

## જૈન મરણ

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

લીંબડી નિવાસી હાલ સાયન, મુંબઈ ગંભીરચંદ ઉમેદચંદ શાહના પુત્ર. ભાઈલાલભાઈના ધર્મપત્ની પુષ્પાબેન (ઉં. વ. ૯૦) તા. ૯-૬-૨૫ના અરિહંતશરણ પામ્યા છે. તે વિપુલ અને અમીના માતા. સુનિતાના સાસુ. સ્વ. કનુભાઈ, પ્રવીણભાઈ, અશ્વિનભાઈના ભાભી. હસમુખબેન, સ્વ. સુનદાબેન, લીનના જેઠાણી. તે સ્વ. હકમીચંદ અંદરજી શેઠના પુત્રી. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૧૨-૬-૨૫ના ૪ થી ૬. એસ.એન.ડી. કોલેજ હોલ, રફી અહમદ કિડવાઈ રોડ, માટુંગા. લૌકિક વ્યવહાર બંધ છે.

**શ્રી વાગડ વિ.ઓ. જૈન**

ગામ લાકડીઆ હાલે ઘાટકોપરના માતુશ્રી કામલબેન વીરજી છાડવાના પુત્રવધૂ. મોતીલાલના ધર્મપત્ની લક્ષ્મીબેન (ઉં. વ. ૮૨) મુંબઈમાં ૧૦-૦૬-૨૫ના અવસાન પામ્યા છે. ગામ લાકડીઆના નાથા વણવીરની દિકરી. પપ્પુ, હિના, છાયા, ભારતીના માતુશ્રી. સરલા, રસીક, પ્રવિણ, નિતિનના સાસુમાં. કરન, પાર્થના દાદી. પ્રાર્થના રાખેલ નથી. નિવાસ સ્થાન ૯૦૫ આરાધ્યા રેસીડેન્સી, કામાલેન, ઘાટકોપર વેસ્ટ.

**શ્રી વાગડ વિ.ઓ.જૈન**

ગામ શિવલખાના હાલે સામખીયારીના સ્વ. કાનજી ખેતશી ગડા (ઉં. વ. ૭૮) તા. ૬.૬.૨૫ના અવસાન પામેલ છે. સ્વ.ડાઈબેન ખેતશીના પુત્ર. સ્વ. ભાનુ, સ્વ. અમ્રત, સ્વ. વિમળાના પતિ. વંશ, અવનીના પિતાશ્રી. અનિષના સસરા. દેવઈ, પોપટ, પ્રેમજીના ભાઈ. ભચાઉના રામુબેન મેઘજીના જમાઈ. પ્રાર્થના સભા તા.૧૧.૦૬.૨૫ના સમય ૩ થી ૪.૦૦ સ્થળ. સરદાર પટેલ બાગ, બેકવેટ હોલ, પાર્લેશ્વર રોડ, વિલેપાર્લા -ઈસ્ટ, નિવાસ સ્થાન. બી-૫૦૩, મેયફેર લેંજડ, એવરશાઈન નગર, ઓફ લિંક રોડ, મલાડ-ઈસ્ટ.

**શ્રી વાગડ વિ.ઓ.જૈન**

ગામ સામખીયારીના સ્વ. ગાંગજી લાલજી મપશી નંદુ (ઉં. વ. ૮૫) તા. ૮.૬.૨૫ના અવસાન પામેલ છે. તે સ્વ. દેમતબેન લાલજી મેપશી નંદુના સુપુત્ર, સ્વ. વેલુબેનના પતિ. અરૂણા, હસમુખ, મુકેશ, જ્યોતિના પિતાશ્રી, અરવિંદ, રેખા માંયા, મયુરના સસરા. મનન, તૃષ્ટિ, કશ્વી, હિતાંથી, શ્રેયાના દાદા. સામખીયારીના સ્વ. કેશરબેન ભાણજી વધાણાના જમાઈ. પ્રાર્થનાસભા ગુરુવાર તા. ૧૨.૦૬.૨૫ના સમય ૧૦.૩૦ થી ૧૨ સ્થળ.અચલગચ્છ જૈન સંઘ ભવન, ગુફા રોડ, જોગેશ્વરી-ઈસ્ટ, નિવાસ સ્થાન. સી/ ૨૦૧/ ૪૦૧, ગોવર્ધન કોમ્પેલેક્સ, ગુફા રોડ, જોગેશ્વરી-ઈસ્ટ.

**વિશા શ્રીમાળી જૈન**

અમદાવાદ નિવાસી હાલ કાંદીવલી, સ્વ. જયાબેન કાંતિલાલ શાહના સુપુત્ર ગૌતમભાઈ શાહ (ઉં. વ. ૭૫) સોમવાર તા. ૯/૬/૨૫ના અરિહંતશરણ પામેલ છે. પત્ની ભારતીબેન, પુત્ર-પુત્રવધૂ આનંદ-કાશ્મીરા, ભાવિન-મનીષા, કુમાર-જેતલ, દિકરી-જમાઈ કાનન કુણાલકુમાર સંઘવી, સ્વસુરપક્ષ સ્વ. ભાઈલાલભાઈ ભીખાલાલ શાહ (રાધનપુર). લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**હાલાર વિશાશ્રીમાળી જૈન**

જામનગર નિવાસી હાલ મુલુંડ, સ્વ. રમાબેન અને દલસુખભાઈ ડોસાલાલ મહેતાના પુત્રવધૂ. દેવેન્દ્ર મહેતાના ધર્મપત્ની શ્રીમતી બેબી (છબુબેન) મહેતા (ઉં. વ. ૫૯) ૯/૬/૨૫ના અરિહંતશરણ પામેલ છે. ભક્તિના માતુશ્રી. સિદ્ધાર્થ કેતનભાઈ શાહના સાસુ. ભાવના પરેશકુમાર ગાંધીના ભાભી. પિયર પક્ષે મજેવડી નિવાસી સ્વ. તારામતીબેન અને સ્વ ચંદુલાલ મણિલાલ મહેતાના સુપુત્રી, પ્રાર્થનાસભા ૧૧/૬/૨૫ના બુધવારે ૩ થી ૫. ગોપુરમ હોલ, ડો.આર. પી. રોડ, જ્ઞાન સરિતા સ્કુલની બાજુમાં મુલુંડ (વે).

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

મોટા લાયજાના ખીમજી મેઘજી (ભચુ) લધા ગડા (ઉં. વ. ૭૦) તા. ૯-૬ના અવસાન પામેલ છે. માતુશ્રી મણીબેનના સુપુત્ર. લતાબેનના પતિ. શૈલેષ, અવની, કૌશલના પિતા. રમણીક, જયંતી, હસમુખ, સ્વ. ચંચલ, મંજુલા, સ્વ. પ્રભાવંતી, કસ્તુર, તરૂલતા, ચંદનના ભાઇ. દેવપુર મમીબાઇ આણંદજી નિસરના જમાઇ. પ્રા. શ્રી વ.સ્થા.જૈ.શ્રા.સં.સં. કરસન લધુ નિસર હોલ, ટા. ૨ થી ૩.૩૦.

મોખાના કસ્તુરબેન શાંતીલાલ છેડા (ઉં. વ. ૭૩) તા. ૮-૬-૨૫ના અવસાન પામેલ છે. મેઘબાઇ બાલુભાઇ પાસુના પુત્રવધૂ. સ્વ. શાંતીલાલના પત્ની. ધર્મેશ, ટીના, જયેશના માતુશ્રી. ર. ગણેશ મોંઘીબેન દેવજી મામણીયાના પુત્રી. નવિન, નીતીન, વિનોદના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. શાંતીલાલ બાલુભાઇ છેડા, ૬૮૭/એ, રૂ.નં. ૨૬, મકબા ચાલ, એન.એમ.જોશી માર્ગ, ભાયખલા (વે.).

બાડાના નયન કુંવરજી રાયશી ગડા (ઉં. વ. ૮૩) તા. ૪-૬-૨૫ના અરિહંતશરણ પામ્યા છે. મટુબેન કુંવરજી રાયશીના પુત્ર. મંજુલાના પતિ. જયેશ, રેખાના પિતા. ડો. જયંત, ડો. ભાનુબેનના ભાઈ. મેરાઉના સુંદરબેન હીરજી કારૂ વિસરીયાના જમાઈ. પ્રા : શ્રી માટુંગા ક.શ્વે.મૂ.જૈન સંઘ : નારાણજી શામજી વાડી, માટુંગા-સે.રે., ટા. ૪ થી ૫.૩૦.

લાખાપુરના માવજી નથુભાઈ સાવલા (ઉં. વ. ૮૫) તા. ૯/૬/૨૫ ના અવસાન પામેલ છે. મકાબાઈ નથુભાઈ દેવજીના સુપુત્ર. સ્વ. મણીબેનના પતિ. અનિલ, સુનીલના પિતા. મુલચંદ, અમૃતલાલ, સુમતીચંદ્ર, મણીકાંત, ભાનુ, દેવકા, હેમકુંવરના ભાઈ. વાંકી જેઠીબાઈ લખમશી આણંદજી છેડાના જમાઈ. પ્રાર્થના સભા રાખેલ નથી. નિ. માવજીભાઈ સાવલા, ૭૦૨, રોયલ પર્લ, ઝકારિયા રોડ, મલાડ (વે).

કપાયાના શ્રી ઉમરશી ભેદા (ઉં. વ. ૮૧), તા. ૮-૬-૨૫ના અવસાન પામેલ છે. લક્ષ્મીબેન ખેતશીના પુત્ર. મણીબેનના પતિ. કેતન, ભુપેનના પિતા. નવીન, મહેન્દ્ર, પુષ્પા, હંસા (સુશીલા), હંસા, જયા, મીનાના ભાઈ. તેજબાઈ પ્રેમજી કેનીયાના જમાઈ. પ્રા. શ્રી વ.સ્થા.જૈન શ્રા. સં.સં. શ્રી કરસન લઘુ નિસર હોલ, ૧લે માળે, દાદર, ૪ થી ૫.૩૦.

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થા. જૈન**

તુરખા નિવાસી હાલ મલાડ અ.સૌ. અપુર્વિબેન (ઉ.વ. ૪૬), તે તુષારભાઈ શાહના ધર્મપત્ની. આશાબેન વિનયચંદ્ર મગનલાલ શાહના પુત્રવધૂ. ગઢડા નિવાસી હાલ મુંબઈ સ્વ. કુમદબેન ચંદ્રકાંત શીવલાલ શાહના સુપુત્રી. નિખિલભાઈ તથા સ્વ. દેવેનભાઈના બેન. પાયલબેન દિપેશકુમાર નવિનચંદ્ર મહેતાના ભાભી. ચિ. તાશી તથા ચિ. રિષભના મમ્મી તા. ૮-૬-૨૦૨૫ના રવિવારે અરિહંતશરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૧૨-૬-૨૦૨૫ના ૪ થી ૬. ઠે. પાવનધામ, મહાવીરનગર, એમ.સી.એ. ગ્રાઉન્ડની પાછળ, કાંદીવલી (વે).

## પારસી મરણ

હોસી દાદી મોદી તે કેતીના ધની. તે મરહુમો ગુલ દાદી મોદીના દીકરા. તે દીક ને નાઝનીનના પપા. તે ઝીનોબીયાના સસરા. તે મરહુમો નેવીલ, નોઝર, પરસીના ભાઈ. તે અનોશ ને જીરાઝના બપાવા. (ઉં. વ. ૮૦) રે. ઠે.: મેરવાનજી કામા પાર્ક, ફ્લેટ એમ. આઈ. ૪૪, કામા રોડ, પારસી અગિયારી સામે, અંધેરી (વે), મુંબઈ-૪૦૦૦૫૮. પાયદસ્ત તા. ૧૧-૬-૨૫ના દિને સવારે ૧૧.૧૫ વાગે ઉપરની હોડીવાલા બંગલીમાં છેજી. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૧૧-૬-૨૫ને દિને બપોરે ૩.૪૦ વાગે અંધેરી પટેલ અગિયારીમાં છેજી.

પઓલી દોસાભાઈ પોલ તે ઝરીનના ધની. તે મરહુમો ગુલબઈ દોસાભોય પોલના દીકરા. તે એમીના ભાઈ. તે તીના નેવીલ મહેતાના કાકા. (ઉં. વ. ૯૩) રે. ઠે. ઈ-૬, ખુશરૂબાગ, બીજે માળે, શહીદ ભગતસિંગ રોડ, કોલાબા કોઝવે, મુંબઈ-૪૦૦૦૦૫. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૧૧-૬-૨૫ના દિને બપોરે ૩.૪૦ વાગે કરાની અગિયારીમાં છેજી.

સોરાબ કાવસજી સુતરીયા તે મરહુમ બાનુના ધની. તે મરહુમો હીલલામાય કાવસજી સુતરીયાના દીકરા. તે જીમી ને કુરુશના પપા. તે બેનાઝ ને ઝરીનના સસરા. તે મરહુમો રુસ્તમજી, કેકી, મેહરુ, હોમાય ને નરગીસના ભાઈ. તે હશન ને કયાનના બપાવા. (ઉં. વ. ૯૨) રે. ઠે.: સાલસેથ પારસી કોલોની, સી. એચ. એસ. બિલ્ડિંગ, ૬-એ, ફ્લેટ નં. ૪૦૩/૪૦૪, પમ્પ હાઉસ, અંધેરી, મુંબઈ-૪૦૦૦૯૩. ઉઠમણાંની ક્રિયાઃ ૧૧-૬-૨૫ને દિને બપોરે ૩.૪૦ વાગે સાલશેટ અગિયારીમાં છેજી.

ગુલ સોરાબ પટેલ તે મરહુમો જરબઈ સોરાબ પટેલના દીકરી. તે મરહુમો મોનાબાઈ મેરવાનજી મલલુ ને મરહુમો મેહેરબાઈ કુંવરજી પટેલના ગ્રેન રેન્ટસ. તે ખુશરૂ, દારાયસ, ઝુબીન, પરસી, પ્રવીન, રુબી, બેહરોઝ ને ડાયનાના માસી. તે ફિરદોસ, હીસતાસ્પ ને રોકસેનાના ફઈ. તે મરહુમો ખોરશેદબઈ, નાજામાય, અસપંદીયાર, એગ્રીયસ, દોસામાય, પીરોજશાહ, આવાન ને અરદેશીરના ભત્રીજી. (ઉં. વ. ૮૫) રે. ઠે.: ૨૨૪ દુલવીચ મેનશન, ફ્લેટ નં. ૭, જે. દાદાજી રોડ, તારદેવ, મુંબઈ-૪૦૦૦૦૭. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૧૧-૬-૨૫ના દિને બપોરે ૩.૪૦ વાગે, તારદેવ સેથના અગિયારીમાં છેજી.

**કેનેડા**

જમશેદ પીરોજશાહ બુહારીવાલા (ઉં. વ. ૧૦૦) તે મરહુમ ધનમાયના ખાવિંદ. તે મરહુમો ધનબાઈ તથા પીરોજશા બુહારીવાલાના દીકરા. તે મરહુમો કાવસ, રૂસી, બોમી, એરચ તથા મરહુમ દોલત હોરમસજી વાંદરીવાલાના ભાઈ. તે આરમઈતી ફરામરોજ બાવજીના માસા.

## હિન્દુ મરણ

**કચ્છી લોહાણા**

સ્વ. રતનબાઈ અને સ્વ. ગોવિંદજી તેજપાલ કોઠારીના સુપુત્ર દયાળજીભાઈ (ઉં. વ. ૮૮) કચ્છ ગામ નખત્રાણા - મોટી ખોંભડી હાલે મુલુંડ. તે જમનાદાસ ચાંપશી રૂપારેલ કચ્છ ગામ જડોદર કોટડાના જમાઈ. તે ગોપાલજીભાઈ (બાબભાઈ), ચત્રભુજભાઈ, પ્રભાબેન પ્રેમજી દાવડા, પુષ્પાબેન હીરજી નાસાના ભાઈ. તે સ્વ. જીતેન્દ્ર, ભાવિક, નીલેશ તથા ભાવિકા અતુલભાઈ જોબનપુત્રાના પિતાશ્રી. પ્રીતિબેન, પ્રજ્ઞા તથા વર્ષાના સસરાજી. પલક કુણાલ ઠક્કર, હર્ષ, મિતેન, ભૂમિકા તથા શિવમના દાદાજી સોમવાર, તા. ૯-૬-૨૫ના મુલુંડ મધ્યે શ્રીરામશરણ પામેલ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર બંધ છે.

**લુહાણા**

ચંદ્રકાંત પ્રેમજી આણંદજી ચંદારાણા (કરાચી) (ઉં. વ. ૮૦) હાલ સાન્તાક્રુઝ તા.૯ જૂન ૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે ઉષાબેનના પતિ. અનીશ તથા મનીષા કેતનકુમાર મોદીના પિતાશ્રી. લીના તથા કેતન મોદીના સસરા. ઘનશ્યામ મગનલાલ ઠક્કર (ઉનડકટ)ના બનેવી. કિશોર પ્રેમજી ચંદારાણા, દક્ષા જીતેન્દ્રકુમાર કાનાણી, કોકિલા (દીપિકા) મહેશકુમાર ગોટેચા, શૈલા ધનંજયકુમાર રવાણી, પ્રેમીલા નીતિનકુમાર સેજપાલના મોટાભાઈ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી લોહાણા લીલાધર**

ગામ ગુઈર, સ્વ.નાથીબાઈ રવજી તન્નાના પુત્ર લક્ષ્મીકાંત (ઉં. વ. ૭૮) તા.૮/૬/૨૫ના રામચરણ પામ્યા છે. તે અનિતાના પતિ. વેલજીભાઈ, ગિરીશભાઈ, વિનોદભાઈ તથા સુશીલાબેનના ભાઈ. નિલેશ, જયેશ, કેતન, સ્વ.મમતા તથા માયાના પપ્પા. નીલમ, હેતલ તથા રાકેશ કુમારના સસરા, નર્મદાબેન પ્રધાન લાલજી રૂપારેલ સાયણવાળાના જમાઈ, પ્રાર્થનાસભા રાખેલ નથી તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**શ્રીમાળી બ્રાહ્મણ**

સ્વ. પન્નાલાલ અને સ્વ. ગોદાવરીબેનના જયેષ્ઠ પુત્ર, સ્વ. બકુલાબેન, સ્વ. જયોતિબેન, સ્વ. વર્ષાબેન, અતુલ અને ઉમેશના ભાઈ. સૌ. ભાવિનીબેન અને સૌ. ઉર્વશીબેનના જેઠ. અનંત, આનંદ અને સૌ. તૃપ્તિબેનના પિતાશ્રી. સૌ. પલક અને સૌ. શાલુબેનના સસરા. સ્વ. છાયાબેન, સ્વ. જ્યોત્સ્નાબેનના પતિ સંતોષ (કિશોરભાઈ) ત્રિવેદીનું તા. ૯/૬/૨૦૨૫ના નિધન થયું છે. સી-૪૪૦૪, ઓંકાર અલ્ટામોન્ટે, મલાડ પૂર્વ. લૌકિક ક્રિયા બંધ છે.

**કપોળ**

મોટા ખુંટવડાવાળા હાલ બોરીવલી સ્વ. શીવકુંવરબેન મોહનલાલ કલ્યાણજી ચિતલીયાના પુત્ર નગીનદાસ (ઉં. વ. ૮૮) રવિવાર, તા. ૮-૬-૨૦૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. સ્વ. જયોતિબેનના પતિ. સંજયભાઈ, આશાબેન, યોગેશભાઈના પિતાશ્રી. નીપાબેન, રાજેશભાઈ અનંતરાય મોદી, કાજલબેનના સસરા. સ્વ. કરશનદાસ, સ્વ. ધરમદાસ, હર્ષદભાઈના ભાઈ. દ્વારકાદાસ ગોકળદાસ ગોરડીયાના જમાઈ. પ્રાર્થનાસભાઃ ગુરુવાર, તા. ૧૨-૬-૨૦૨૫ના ૫ થી ૭. ઠે. લોહાણા મહાજનવાડી, પહેલે માળે, એસ. વી. રોડ, કાંદિવલી (વેસ્ટ).

**મરણ ખબર માટેની સૂચના** | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - **વ્યવસ્થાપક**

# ઈન્ટરવલ




# રેર અર્થ મેગ્નેટઃ મેટલ બેટલ

કવર સ્ટોરી_
નિલેશ વાઘેલા
feedback@bombaysamachar.com

**ચીનનો પ્રતિબંધ માત્ર ભારત માટે જ ચિંતાજનક નથી, પરંતુ તે સમગ્ર વિશ્વના ઔદ્યોગિક અસ્તિત્વ સામે વિકટ જોખમ ખડું કરે છે!**

રાષ્ટ્રીય સુરક્ષાને નામે રેર અર્થ મેગ્નેટ નિકાસ પર ચીને લાદેલા પ્રતિબંધ, વૈશ્વિક સપ્લાય ચેઇનને વિક્ષેપિત કરતા હોવાથી વિશ્વભરના ઓટોમેકર્સ અને સરકાર ચિંતામાં મુકાયા છે. આ પ્રતિબંધો ઇલેક્ટ્રિક વાહનો અને સંરક્ષણ જેવા મહત્ત્વપૂર્ણ ઉદ્યોગોને અસર કરે છે. ભારત, જાપાન અને યુએસ જેવા રાષ્ટ્રો ચીન પર નિર્ભરતા ઘટાડવા માટે વૈકલ્પિક સ્રોતો અને સ્થાનિક ઉત્પાદન સંભાવના શોધવા સાથે આડઅસરોને ઘટાડવા માટે ઝઝૂમી રહ્યા છે.

ઇલેક્ટ્રિક અને પેટ્રોલ વાહનો, સંરક્ષણ સાધનો અને સ્વચ્છ ઊર્જા પ્રણાલીઓ માટે મહત્ત્વપૂર્ણ એવા રેર અર્થ મેગ્નેટની નિકાસ પર કડક નિયંત્રણો લાદવાના બીજિંગના નિર્ણયથી ઉદ્યોગોને આડસર ઉપરાંત રાજદ્વારી સંબંધો પર તણાવ આવવા લાગ્યો છે. ચોથી એપ્રિલથી અમલમાં આવેલા આ પ્રતિબંધોમાં રાષ્ટ્રીય સુરક્ષા અને અપ્રસારની ચિંતાઓને ટાંકીને સાત રેર અર્થ એલિમેન્ટ્સ અને સંબંધિત ચુંબકો માટે ખાસ નિકાસ લાઇસન્સ ફરજિયાત બનાવાયા છે. ઇન્ટરનેશનલ એનર્જી એજન્સી અને યુનાઇટેડ સ્ટેટ્સ જીઓલોજિકલ સર્વે (૨૦૨૫) અનુસાર, ચીન હજુ પણ વિશ્વના ૬૦ ટકા આરઇઇનું ઉત્પાદન કરે છે અને નેવું ટકા રિફાઇનિંગ ક્ષમતા નિયંત્રિત કરે છે.

ઇલેક્ટ્રિક મોટર્સ, બ્રેકિંગ સિસ્ટમ્સ, સ્માર્ટફોન, એરોસ્પેસ ઘટકો અને મિસાઇલ ટેકનોલોજીમાં સમારિયમ, ગેડોલિનિયમ, ટર્બિયમ, ડિસ્પ્રોસિયમ, લ્યુટેટીયમ, સ્કેન્ડિયમ અને યટ્રીયમ સહિતની મહત્ત્વપૂર્ણ સામગ્રી માટે તે આવશ્યક છે. પુરવઠાની તંગી પહેલાથી જ વૈશ્વિક ઉત્પાદકો અને વેપાર સંસ્થાઓને તાત્કાલિક હસ્તક્ષેપ કરવા માટે પ્રેરિત કરી રહી છે. રોઇટર્સના અહેવાલ મુજબ, ભારત, જાપાન અને યુરોપના રાજદ્વારીઓ, ઓટોમેકર્સ અને ઉદ્યોગ અધિકારીઓ અટકેલા નિકાસ લાઇસન્સ ઝડપી બનાવવા માટે ચીની અધિકારીઓ સાથે તાત્કાલિક બેઠકો યોજવા માગે છે.

ફાઇનાન્સિયલ ટાઇમ્સે અગાઉ અહેવાલ આપ્યો હતો કે લાઇસન્સિંગ પ્રક્રિયામાં અઠવાડિયા કે મહિનાઓ સુધી વિલંબ થયો છે, જેના કારણે યુરોપિયન ઉત્પાદકો પ્રભાવિત થયા છે અને ભારત તથા દક્ષિણ કોરિયા જેવા દેશોને હાઇ એલર્ટ પર મૂકવામાં આવ્યા છે. રોઇટર્સના અહેવાલ મુજબ, જર્મનીના શક્તિશાળી ઓટોમોટિવ લોબીના વડા હિલ્ડેગાર્ડ મુલરે આ ચિંતા વ્યક્ત કરતા કહ્યું હતું કે, જો પરિસ્થિતિ ઝડપથી નહીં બદલાય, તો ઉત્પાદનમાં વિલંબ અને ઉત્પાદન આઉટેજ પણ નકારી શકાય નહીં.

ખાસ નોંધવું રહ્યું કે વિશ્વની ત્રીજી સૌથી મોટી ઓટોમોબાઈલ બજાર, ભારત સૌથી વધુ અસરગ્રસ્ત દેશોમાંનો એક છે. ભારતીય ઓટો ઉત્પાદક સંઘે એપ્રિલની શરૂઆતમાં ચેતવણી આપી હતી કે જૂન સુધીમાં કમ્પોનન્ટ ઇન્વેન્ટરી ખતમ થઈ શકે છે. જોકે ભારતની સૌથી મોટી પેસેન્જર કાર ઉત્પાદક, મારુતિ સુઝુકીએ અગાઉ દાવો કર્યો હતો કે તેની કોઈ તાત્કાલિક અસર નહીં થાય, પરંતુ સમગ્ર ક્ષેત્રમાં ચિંતાઓ વધુ વધી ગઈ છે. મારુતિના ઘણા નિકાસ-કેન્દ્રિત મૉડેલો, ચાઇનીઝ મેગ્નેટ પર ખૂબ આધાર રાખે છે. દરમિયાન, બજાજ ઓટોએ ચેતવણી આપી છે કે વધુ વિલંબ ભારતના ઇલેક્ટ્રિક વાહન ઉત્પાદનને ગંભીર અસર કરી શકે છે.

ભારતીય કાર અને કમ્પોનન્ટ ઉત્પાદકોએ સરકારી અધિકારીઓને જણાવ્યું હતું કે ચીની નિકાસ પ્રતિબંધોને કારણે થોડા દિવસોમાં ઓટો ઉત્પાદન બંધ થઈ શકે છે. રોઇટર્સના જણાવ્યા અનુસાર, લાઇસન્સ અવરોધોને કારણે ચીનના બંદરો પર રેર અર્થ મેગ્નેટ કન્સાઇન્મેન્ટ ફસાયેલા રહ્યા પછી આ નિર્ણય લેવામાં આવ્યો છે.

આ ગંભીરતા ધ્યાનમાં રાખીને ઓટોમોબાઇલ અને ઓટોમોટિવ કમ્પોનન્ટ ઉત્પાદક સંઘ ચીનમાં એક પ્રતિનિધિમંડળ મોકલવાની તૈયારી કરી રહ્યું છે. વધુમાં, ભારે ઉદ્યોગ મંત્રાલય સ્થાનિક રેર અર્થ મેગ્નેટ ઉદ્યોગની રચના અંગે ચર્ચા કરવા માટે હિસ્સેદારોની બેઠકની તૈયારી કરી રહ્યું છે.

ચિંતાજનક બાબત એ છે કે ચીની સપ્લાયર્સ દ્વારા ભારતીય કંપનીઓને લાલ ફિતાશાહીને બાયપાસ કરવા માટે સંપૂર્ણ મોટર એસેમ્બલી ખરીદવા માટે કહેવામાં આવી રહ્યું છે. આનાથી ખર્ચમાં નોંધપાત્ર વધારો થાય છે, ધ ઇન્ડિયન એક્સપ્રેસના અહેવાલ મુજબ લાંબા સમય સુધી વિક્ષેપ ભારતના ઇલેક્ટ્રિક ગતિશીલતા લક્ષ્યોને પાટા પરથી ઉતારી શકે છે. ઉત્પાદક સંગઠને ૧૯ મેના રોજ ચેતવણી આપી હતી કે ઉત્પાદન હજુ સુધી બંધ થયું નથી, પરંતુ જોખમ રહેલું છે.

યુનાઇટેડ સ્ટેટ્સ તેની રેર અર્થ આયાતના ૬૧ ટકાથી વધુ અને યટ્રીયમ સંયોજનોનો ૯૩ ટકા હિસ્સો ચીનથી આયાત કરે છે. બીજી જૂનના રોજ, ધ ઇકોનોમિક ટાઇમ્સે અહેવાલ આપ્યો હતો કે ટેસ્લા અને જનરલ મોટર્સે ઉત્પાદન બંધ થવાના જોખમનો સંકેત આપ્યો હતો. રોઇટર્સના અહેવાલ મુજબ, આ સબ્સટન્સ અને મેગ્નેટ્સના વિશ્વસનીય ઍક્સેસ વિના, ઓટોમોટિવ સપ્લાયર્સ મહત્ત્વપૂર્ણ ઓટોમોટિવ ઘટકોનું ઉત્પાદન કરી શકશે નહીં, જેમાં થ્રોટલ બોડી અને સેન્સરથી લઈને સ્પીકર્સ અને પાવર સ્ટીયરિંગ સિસ્ટમ્સ સુધીની દરેક વસ્તુ સમાવિષ્ટ છે.

અમેરિકાની એકમાત્ર કાર્યરત રેર અર્થ માઇન, માઉન્ટેન પાસ, હજુ પણ ચીની પ્રોસેસર્સ પર આધાર રાખે છે. ટેક્સાસમાં એમપી મટિરિયલ્સની આગામી સુવિધા પણ ૨૦૨૭ સુધીમાં વાર્ષિક માત્ર ૧,૦૦૦ ટન ઉત્પાદન કરશે, જેની તુલનામાં, બ્લૂમબર્ગ અનુસાર, ચીન ૩૦૦,૦૦૦ ટન ઉત્પાદન કરે છે.

યુરોપિયન કમિશન અનુસાર, યુરોપે ચાઇનીઝ આરઇઇ પરની તેની નિર્ભરતા ૯૮ ટકાથી ઘટાડીને ૪૬.૩ ટકા કરી છે, પરંતુ વર્તમાન સ્ટોક ૨૦૨૫ના મધ્ય સુધી જ ટકી શકે છે. જાપાન હજુ પણ તેના ૬૦ ટકા રેર અર્થ સબ્સ્ટન્સ ચીનથી આયાત કરે છે, તેણે ઓસ્ટ્રેલિયાના લાયનાસ રેર અર્થમાં વ્યૂહાત્મક રોકાણો દ્વારા એક્સપોઝર ઘટાડવાનો પ્રયાસ કર્યો છે. લાયનાસ ચીનની બહાર અલગ રેર અર્થનું સૌથી મોટું ઉત્પાદક છે. જો કે, જાપાનના ઇલેક્ટ્રોનિક્સ અને ઇલેક્ટ્રિક વાહન ક્ષેત્રો પુરવઠા વિક્ષેપો માટે સંવેદનશીલ છે.

કોરિયા ઇન્સ્ટિટ્યૂટ ઓફ જીઓસાયન્સ એન્ડ મિનરલ રિસોર્સિસ અનુસાર, ૨૦૨૩માં કોરિયાએ ચીનથી ૩૭ દુર્લભ ખનિજોની આયાત ૭.૦૩ બિલિયન ડોલર કરી હતી. આ ૨૦૧૮ના ૨.૧૩ બિલિયન ડોલરથી ૩.૩ ગણો વધારો દર્શાવે છે. કોરિયાની દુર્લભ ખનિજ આયાતમાં ચીનનો હિસ્સો ૨૩ ટકાથી વધીને ૩૬ ટકા થયો છે, મુખ્ય ખનિજો માટે ચીનની આયાત પર તેની નિર્ભરતા હવે ૫૦ ટકાને વટાવી ગઈ છે.

ઓસ્ટ્રેલિયા પણ રેર અર્થનો નોંધપાત્ર ભંડાર ધરાવતો હોવા છતાં, તેના ૯૦ ટકા હેવી આરઇઇને પ્રક્રિયા માટે ચીન મોકલે છે અને તે ઓછામાં ઓછા ૨૦૨૬ સુધી ચીની શુદ્ધિકરણ ક્ષમતાઓ પર નિર્ભર રહેવાની અપેક્ષા છે. સરવાળે અગાઉ જણાવ્યા અનુસાર વૈશ્વિક ઉદ્યોગો તેની ૬૦ ટકા આવશ્યકતા માટે ચીન પર અવલંબે છે અને ચીન તેનો લાભ ઉઠાવવા માગે છે, જેની અસર ભારતીય ઓટો ઉદ્યોગ પર પણ વર્તાવાની સંભાવના છે. ભારત રેર અર્થનું વ્યાપારી ઉત્પાદન વધારવા માટે અને વૈકલ્પિક આયાત સ્રોત શોધવા પર જોર લગાવી રહ્યું છે. ■

પ્રાસંગિક__અમૂલ દવે
feedback@bombaysamachar.com

# ઝેલેન્સ્કીની જીદ યુરોપને પણ તબાહ કરી નાખશે...



**દેવભાષા સંસ્કૃતમાં એક ઉક્તિ છેઃ** ‘વિનાશકાળે વિપરિત બુદ્ધિ...’ હાલના તબક્કે યુક્રેનના પ્રમુખ વોલોદિમીર ઝેલેન્સ્કીને આ ઉક્તિ બરાબર લાગુ પડે છે. અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પની સમજાવટ છતાં યુક્રેનના આ વિદૂષક (વાસ્તવિક જીવનમાં ઝેલેન્સ્કી વ્યવસાયે જાણીતા કોમેડિયન પણ છે !) યુદ્ધ ચાલુ રાખવાની પોતાની જીદ છોડી નહોતી. ઝેલેન્સ્કીને યુદ્ધ ચાલુ ન રાખવાની ટ્રમ્પએ સલાહ આપી ત્યારે યુક્રેનના આ નેતાએ પત્રકારો સમક્ષ ટ્રમ્પ જોડે ઉગ્ર બોલાચાલી કરી હતી. આ બોલાચાલી આખા વિશ્વે લાઈવ નિહાળી હતી. ત્યાર બાદ ઝેલેન્સ્કીએ અમેરિકાએ યુદ્ધમાં કરેલી યુક્રેનને મદદ બદલ જાહેરમાં આભાર માનીને અને અમેરિકા સાથે મિનરલ ડીલ કરીને શાંત પાડ્યા હતા. ટ્રમ્પે સોશિયલ મીડિયા પર ચેતવણી આપી હતી કે સરમુખત્યાર ઝેલેન્સ્કી ઝડપથી કોઈ પગલાં નહીં લે તો એનો દેશ નહીં બચે.

જોકે ઝેલેન્સ્કી ઇઝરાયલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂની જેમ પોતાની સત્તા બચાવવા યેનકેન પ્રકારે યુદ્ધ ચાલુ રાખવા માગે છે. આથી તુર્કીના ઈસ્તાનબુલમાં ટ્રમ્પની પહેલથી શાંતિ મંત્રણાનો બીજો રાઉન્ડ થવાનો હતો એની પૂર્વસંધ્યાએ યુક્રેને તેના દોઢ વર્ષથી જેની તૈયારી કરી હતી એ ‘સ્પાઈડર વેબ ઓપરેશન’ હેઠળ પાંચ એર બેઝ પર ભયંકર ડ્રોન સ્ટ્રાઇક કરીને રશિયાના ૪૧ બોમ્બરને રાખ બનાવી દીધા હતા.‘ બોમ્બર’ એ લશ્કરી જહાજ છે, જેની ડિઝાઇન એવી હોય છે કે જે બોમ્બ, મિસાઈલ અને એટમ બોમ્બનું વહન કરીને ઇચ્છિત લક્ષ્યને સિદ્ધ કરી શકે. એ વાતની ના નથી કે બ્રિટન અને યુરોપના દેશો તથા અમેરિકાના ડિપ સ્ટેટની મદદથી કરેલા આ ઓપરેશને રશિયાની કમર તોડી નાખી છે. આ ઓપરેશને રશિયાને આઠ અબજ ડોલરનું નુકસાન કર્યું છે. એટલું જ નહીં તેના સુપરપાવર તરીકેના મોભામાં મોટો ફટકો માર્યો છે. લાખો રૂપિયાનો સવાલ એ છે કે આનાથી યુક્રેનને રશિયા સાથેના યુદ્ધમાંથી શું ફાયદો મળ્યો? ઊલટાનું રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિને તો હવે એમનું ત્રીજું નેત્ર જ ખોલી દીધું છે. પુતિન પહેલાં તો યુક્રેનનો થોડો પ્રદેશ હડપ કરીને બફર ઝોન ઊભો કરવા માગતા હતા, પરંતુ હવે તો રશિયા સમગ્ર યુક્રેનને નકશામાંથી જ ગાયબ કરવા માગે છે.

પુતિને હવે આખા યુક્રેન પર ડ્રોન અને બેલિસ્ટિક મિસાઈલ વડે હુમલો શરૂ કર્યો છે. પુતિને તો પહેલેથી જ ધમકી આપી છે કે રશિયાના અસ્તિત્વ સામે ખતરો આવશે તો રશિયા અણુ હથિયારોનું બટન દબાવવામાં લગીરે સંકોચ નહીં કરે. અમેરિકાના પ્રમુખ ટ્રમ્પે પુતિન સાથેની દોઢ કલાકની વાતચીત કરી પછી પુતિને સાફ કહી દીધું છે કે હવે યુદ્ધવિરામ નહીં થાય. રશિયા યુક્રેનને છોડશે નહીં. તે યુક્રેન પર કાળો કેર વરસાવશે. પુતિનનું રૌદ્ર સ્વરૂપ જોઈને ટ્રમ્પે તો હાથ ઊંચા કરી દીધા છે. ટ્રમ્પ કહે છે કે હાલમાં તો યુદ્ધ ચાલુ રહે એ જ સમયનો તકાજો છે.

બીજી તરફ, યુક્રેન પાસે હથિયારો, દારૂગોળો ડ્રોન અને એર ડિફેન્સ સિસ્ટમ નથી. જો યુરોપ અને અમેરિકા મદદ નહીં કરે તો ઝેલેન્સ્કીની પાસે સરેન્ડર કરવા સિવાય બીજો કોઈ વિકલ્પ નહીં રહે. યુક્રેનના ડ્રોન હુમલાથી અમેરિકા અને યુરોપને ફાયદો થયો છે, જ્યારે યુક્રેનની કયામત આવી ગઈ છે. જો ઝેલેન્સ્કીએ ‘નાટો’નું સભ્ય ન બનવાની રશિયાની શરત માની લીધી હોત તો આ યુદ્ધ જ ન થાત.

ત્રણ વર્ષથી ચાલતા યુદ્ધે હવે વિકરાળ સ્વરૂપ ધારણ કરી દીધું છે. રશિયા અગાઉ કદી ન ઉપયોગમાં લીધા હોય એવા ભયંકર પ્રલયકારી હથિયારો હવે વાપરી રહ્યું છે. જો યુક્રેન બહુ પ્રતિ હુમલા કરશે તો રશિયા તેના પર એટોમિક એટેક કરી નાખશે, જેની વિપરીત અસર આખા યુરોપમાં જોવા મળશે. આ યુદ્ધ આપણને ત્રીજા વિશ્વયુદ્ધ તરફ ધકેલી શકે..

રશિયાએ ૪૦૦ ડ્રોન અને ૪૦ મિસાઈલ વડે હુમલો શરૂ કર્યો હતો. યુક્રેને તો ‘સ્પાઈડર વેબ’ ઓપરેશન દ્વારા રશિયાના પાંચ હવાઈ મથક પર જંગી હુમલો કર્યો હતો, પરંતુ રશિયા તો યુક્રેનનાં ૫૦ શહેરને રાખ બનાવવા માગે છે.

અમેરિકાનું માનવું છે કે રશિયાએ હાલમાં જે હુમલા કર્યા છે એ તો ટ્રેલર છે. પુતિને બદલો લેવા આનાથી કોઈ વિકરાળ અને ભયંકર હુમલો કરવાનું આયોજન કર્યું છે. અને આનાથી આખા વિશ્વમાં ખળભળાટ મચી જશે. રશિયાએ તો ચાર પ્રાંતો રશિયામાં ભેળવી દીધા છે અને તે યુક્રેનના પૂર્વના વિસ્તારો છે. ઝેલેન્સ્કી ફરિયાદ કરે છે કે અમેરિકા, યુરોપ અને વિશ્વના દેશો રશિયાના આક્રમણ સામે કશું કરતું નથી. પુતિન યુરોપ સામે હાઈબ્રિડ વોર કરી શકે.

ઘણા નિષ્ણાતો કહે છે કે જાપાને બીજા વિશ્વયુદ્ધમાં જે ભૂલ કરી હતી એવી ભૂલ યુક્રેને કરી છે. જાપાને તટસ્થ રહેલા અમેરિકાના હવાઈ ખાતેના હવાઈમથક પર ઓચિંતો હુમલો કરીને ૩૨૮ વિમાન અને ૧૯ જહાજોનો નાશ કર્યો હતો. આમાં ૨,૪૦૦ લોકો મરણ પામ્યા હતા. આનાથી અમેરિકાને બીજા વિશ્વયુદ્ધમાં ઝંપલાવવું પડ્યું. અમેરિકાએ જાપાનના હિરોશીમા અને નાગાસાકી પર અણુ બોમ્બ ફેંક્યા પછી જાપાનને સરેન્ડર થવું પડ્યું હતું. યુક્રેને પણ સસ્તા ડ્રોન વડે રશિયાના પાંચ હવાઈમથક પર હુમલો કરીને જાપાન જેવું જ દુઃસાહસ કર્યુ છે.. હવે તે સુપરપાવર રશિયાના ક્રોધાગ્નિનો સામનો કરી રહ્યું છે. ટ્રમ્પ તો કહે છે કે ઝેલેન્સ્કી એક સરમુખત્યાર છે. હકીકત એ છે કે ઝેલેન્સ્કીએ ૨૦૧૯માં ૭૫ ટકા હાંસલ કરીને ભવ્ય વિજય મેળવ્યો હતો. એમની પાંચ વર્ષની મુદત મે ૨૦૨૪માં પતી ગઈ છે. રશિયાના યુક્રેન પરના ૨૦૨૨ના આક્રમણ પછી યુક્રેનને ૧૮૨ અબજ ડૉલરની સહાય કરી છે. યુરોપે યુક્રેનને ૧૨૧ અબજ ડૉલરની સહાય કરી છે. એવું લાગે છે કે ઝેલેન્સ્કી આ સહાયનો મોટો ભાગ ચાઉં કરી ગયા છે. ટ્રમ્પે ઈશારો કર્યો છે કે જો ઝેલેન્સ્કી પ્રમુખપદ છોડી દે તો યુદ્ધ ખતમ થઈ જાય, પરંતુ સ્વાર્થી ઝેલેન્સ્કી સત્તા છોડવા તૈયાર નથી.

ટૂંકમાં આ વિદૂષકની સત્તાલાલસા યુક્રેનને જ નહીં, આખા યુરોપને તબાહ કરશે.. ■

## આ તો સ્કેમ છે...

## સ્કેમ છે..!

પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

# અસ્તિત્વ ન ધરાવતું એરપોર્ટ વેચ્યું ૨.૪૨ કરોડ ડૉલરમાં!


ઈમેન્યુઅલ નુવુડ

Emmanuel Nwude આ નાઈજીરિયન જનાબે એક ઈતિહાસ રચી નાખ્યો. આપણા બન્ટી-બબલીના પરદાદા ગણાય એવું એમનું દિમાગ અને કરતબ. આ ઈમેન્યુઅલ નુવુડનો અજબ, ગજબનો કસબ ચોંકાવી દેનારો છે.

પહેલા ટ્રેલર પછી માંડીને વાત. ન રનવે કે ન એકેય પ્લેન ધરાવતું કાલ્પનિક એરપોર્ટ આ ભેજાગેપે વેચી નાખ્યું ૨૪૨ મિલિયન (૨.૪૨ કરોડ) ડૉલરમાં અને એ પણ એક બૅન્કને! માની શકાય ખરું? માનવું જ પડે કારણકે તેણે પોતાના સમયનું ત્રીજા નંબરનું સૌથી મોટું કૌભાંડ, સ્કૅમ આચર્યું હતું, સફળતાપૂર્વક કેવી રીતે એ જાણી લો વિગતોમાં.

ઈમેન્યુઅલ નુવુડ કોઈ નાનો મોટો ગુંડો, મવાલી નહીં પણ યુનિયન બૅન્ક ઑફ નાઈજીરિયાનો ડિરેક્ટર હતો. બૅન્કના ઉચ્ચ સ્તરીય હોદાનો અનુભવ, મનમોહક વાકછટા, હસતો ચહેરો અને આત્મા-વિશ્વાસથી છલકાતું વ્યક્તિત્વ. આમાં તેણે બનાવટી દસ્તાવેજો ભેગા કરી લીધા. ત્યાર બાદ શરૂ કર્યું મિશન વન ઑફ ધ ગ્રેટેસ્ટ ફ્રોડસ ઑફ ધ સેન્ચ્યુરી.

હવે તેણે નાઈજીરિયાની સેન્ટ્રલ બૅન્ક ઑફ નાઈજીરિયા (આપણી ભારતીય રિઝર્વ બૅન્ક જેવી સંસ્થા)ના ગવર્નર પોલ ઓગુમાની ઓળખ અપનાવી લીધી, કહો કે ચોરી લીધી. પછી તે બ્રાઝિલની સાઓ પાઓલો સ્થિત બૅન્કો નારોસ્તે બૅન્કના ડિરેક્ટર નેલ્સન સાકાગુચી સુધી પહોંચી ગયો. પ્રાથમિક પરિચય બાદ તેણે સાકાગુચી સમક્ષ પ્રસ્તાવ મૂક્યો કે આપ નાઈજિરિયાની રાજધાની અબુજામાં બનનારા નવા એરપોર્ટમાં મૂડીરોકાણ કરો.

તેણે આ મૂડીરોકાણ કેવી અઢળક કમાણી કરાવશે તેના એક પછી એક કારણ આપ્યા, તર્ક પીરસ્યા અને આંકડા ય રજૂ કર્યા. ઓગુમા એટલે કે ઈમેન્યુઅલના વ્યક્તિત્વ, છટા, વિશ્વાસ, પ્રેઝન્ટેશન, દસ્તાવેજો, આંકડા અને સમજાવટ એવી કે ગમે તેવાના ગળે શીરા કરતાં ય ઝડપથી ઊતરી જાય.

નેલ્સન સાકાગુચી સાથે ય એવું જ થયું. જે એરપોર્ટનો પાયો નહોતો નખાયો, પ્રસ્તાવ નહોતો મૂકાયો અને જે સદંતર કાલ્પનિક-બનાવટી હતું, એમાં તોતિંગ મૂડીરોકાણ કરીને માલામાલ બનવા તેઓ તૈયાર થઈ ગયા. ઈમેન્યુઅલ આ કૌભાંડને એકદમ સરળતાથી પાર પાડવા માટે ઈમેન્યુઅલ ઓફલ્યુ, નેરીબ ઓકોલી, ઓબુમ ઓસાકવે, ક્રિશ્ચિયન ઈકેચુવાકવુ એનીમ્બા અને અમાકા જેવા સાથીઓને પણ ગેંગમાં રાખ્યા હતા. અને આ વ્હાઈટ કૉલર ગેંગે વિશ્વના ઈતિહાસનું બૅન્ક સાથે છેતરપિંડીનું ત્રીજા નંબરનું કાવતરું સફળતાપૂર્વક પાર પાડ્યું.

ઓગુમા બનીને આવેલા નુવુડે સાકાગુચીને એકદમ ગળચટ્ટી ઓફર આપી હતી. તમે ૧૯.૧ કરોડ ડૉલર રોકડ સહિત ૨૪.૨ કરોડ ડૉલરનું મૂડીરોકાણ કરાવી આપો અને તમને કમિશન પેટે એક કરોડ ડૉલર મળશે. બાકીની રકમ ૧૯૯૫થી ૧૯૯૮ વચ્ચે વ્યાજ પેટે તમને જ મળશે. એની માયાજાળનો શિકાર બનીને સાકાગુચીએ બૅન્ક વતી તોતિંગ મૂડીરોકાણ કરી નાખ્યુંઃ

આ કૌભાંડ પર્દાફાશ કેવી રીતે થયું એ પણ રસપ્રદ છે. કહો કે અદ્ભુત છેતરપિંડીનો અકલ્પ્ય અંજામ આવ્યો. થયું એવું કે સ્પેનની મલ્ટિનેશનલ ફાઈનાન્સિયલ સર્વિસિઝ કંપની બૅન્કો સાન્ટાન્ડેરે બ્રાઝિલની બૅન્ક નારોસ્તેને ટેકઓવર કરવાનો પ્રયાસ કર્યો. આની પ્રક્રિયા રૂપે નારોસ્તોના આર્થિક આરોગ્યની ચકાસણીમાં મોટો ગોટાળો બહાર આવ્યો. બૅન્કના કુલ મૂલ્યનાં નોંધપાત્ર હિસ્સા જેટલી ખૂબ મોટી રકમ કેમેન આઈલેન્ડમાં ક્યારની નકામી પડી રહી હતી.

આ એક કડી બહાર આવતા મલ્ટિનેશનલ ક્રિમિનલ ઈન્વેસ્ટિગેશનની શરૂઆત થઈ. આ ટીમમાં નાઈજીરિયા, બ્રાઝિલ, બ્રિટન, અમેરિકા અને સ્વિટ્ઝર્લેન્ડના અમલદારો પણ સામેલ થયા. અંતે નાઈજીરિયામાં ઈકોનોમિક ઍન્ડ ફાઈનાન્સિયલ ફ્રોડ કમિશનની સ્થાપના કરી. આ પંચનો ધ્યેય ઈમેન્યુઅલ નુવુડની ધરપકડ કરવાનો હતો. બીજી તરફ અમેરિકાના જે.એફ. કેનેડી એરપોર્ટ પર નેલ્સન સાકાગુચીની ધરપકડ કરાઈ અને ખટલો ચલાવવા માટે તેને સ્વિટ્ઝર્લેન્ડ મોકલી દેવાયો.

આ બધી તપાસ અને ખટલાબાજી વચ્ચે બૅન્કો નારોસ્તના માલિક પરિવાર એવા સિમોસેન અને કોગ્રાને દ્વારા બૅન્કને ઉગારવાના પ્રયાસ થયા, પરંતુ બૅન્કનું ભવિષ્ય ક્યારનું ય નક્કી થઈ ગયું હતું અને એ ૨૦૦૧માં આર્થિક રીતે ભાંગી પડી, નાદાર થઈ ગઈ.

અત્યંત લાંબી કાનૂની પ્રક્રિયા દરમિયાન નુવુડના સાથીઓએ ગુનાની કબૂલાત કરી લીધી અને તેમને બેથી પાંચ વર્ષની સજા થઈ, સાથોસાથ છેતરપિંડીની રકમ ચુકવવાનો આદેશ થયો. પછીથી નુવુડેએ પણ ગુનો કબૂલી લીધો. તેને ૨૫ વર્ષની કેદ થઈ અને માલમિલકત પણ જપ્ત કરી લેવાઈ હતી.

જોકે ૨૦૦૬માં જેલમાંથી છૂટ્યા બાદ તેણે જપ્ત કરાયેલી અમુક મિલકત પાછી મેળવવા અદાલતમાં દલીલ કરી હતી કે એ પ્રોપર્ટી તો મેં કૌભાંડ અગાઉ ખરીદી હતી. ■

ઔર યે મૌસમ હંસીં...
દેવલ શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# બધાને પજવી રહ્યો છે ‘તમને શું લાગે છે...?’નો ચેપી રોગ

## માણસ પાસે ખરેખર વાતોના વિષય ઘટી રહ્યા છે?



એક અભ્યાસ મુજબ માણસ વાતચીતની શરૂઆત હવામાનથી કરતો હોય છે. યુરોપમાં ઠંડી અને ભારતમાં ગરમી પર ચર્ચા સૌથી સરળ છે. હવામાન પરથી પર્યાવરણને ચર્ચીને પછી ક્રિકેટ કે ફિલ્મની વાતો...

જોકે, આ બધાને એક જ વિષય આંબી જાય છે અને જેના વિશે દરેક પાસે અપૂરતું જ્ઞાન છે. આ વિષય એટલે રાજકારણ...! બસ, એ પછી વાત કે ચર્ચાનો કોટા ખલાસ!

આપણી ચર્ચાઓ મર્યાદિત વિષયમાં અટકી ગઈ છે. પ્રશ્ન એ છે કે શા માટે આપણી પાસે અવનવી વાતોનો ખજાનો ખૂટવા લાગ્યો છે? એક સમયે આપણને એવી વ્યક્તિને મળવું ગમતું હતું જેમની પાસે અનેક વિષયોનું પ્રગાઢ જ્ઞાન હોય. એનો અર્થ એવો થયો કે વ્યક્તિને નવીનતામાં રસ રહ્યો નથી. વ્યક્તિ જાતજાતના શોખ, પ્રવાસ કે વાંચન માટે સમય ફાળવી શકતો નથી. આજકાલ માણસ એટલો વ્યસ્ત હોય છે કે એની પાસે સામાજિક મેળાપ માટે પણ પૂરતો સમય હોતો નથી. સોશિયલ મીડિયાએ વ્યક્તિની સ્વતંત્ર રીતે વિચારવાની ક્ષમતા પર મોટો ફટકો માર્યો છે. સૌથી મોટી સમસ્યા એ છે કે વ્યક્તિ પોતે ખુલ્લો પડી જશે એ ડરને કારણે પ્રશ્ન પૂછતાં ડરતો હોય છે. આ બધાં કારણને લીધે વ્યક્તિ પાસે જ્ઞાન ઘટવા લાગ્યું છે, પરિણામે સંવાદ માટે વિષયો પણ ક્રમશ :ઘટી રહ્યા છે.

જ્યારે સંવાદ ઘટવા લાગે એટલે નવા વિષય પણ સૂઝતા નથી. કલાકો સુધી સાથે બેસવા છતાં નવા ટોપિક પર વાત કરતા મુશ્કેલી પડતી હોય છે. જ્યારે સમૂહમાં લોકોને ચર્ચા કરતાં જોઈએ છે ત્યારે ટાઈમપાસ માટે સૌથી સહેલો વિષય છે રાજકારણ.

રાજકારણની વાત આવે એટલે એકવાર સામી વ્યક્તિનું મન ચકાસી લેવું જરૂરી છે. એ કઈ વિચારધારામાં માને છે એ તપાસવા-જાણવા માટે કોમન સવાલ પૂછવામાં આવે છે :

‘તમને શું લાગે છે?’

હું તો એવું માનું છું કે ‘તમને શું લાગે છે?’ કદાચ આજકાલ ગુજરાતીઓનું આ સૌથી વધુ બોલાતું વાક્ય છે. કોઈ અજાણ્યો વ્યક્તિ મળે એટલે આપણને પૂછે, ‘તમને શું લાગે છે?’ આપણે ભોળાભાવે પૂછીએ કે ‘શેનું?’ એટલે એ કહેશે કે ‘સાહેબનું...’. આપણે પૂછીએ કે ‘સાહેબને શું થવાનું છે?’ એટલે જવાબ આપે ‘ભાજપ રહેશે કે પછી નાયડુ કે નીતીશ નવાજૂની કરશે?’ આપણે કહેવું પડે કે, ‘નાયડુજી કે નીતીશકુમાર મારા દૂર દૂરના સગામાં નથી. એમનો અને મારો કોઈ પરિચિત કોમન નથી. એ બંને મારા ફેસબુક ફ્રેન્ડ પણ નથી. અમે કોઈ આધ્યાત્મિક ગુરુ પણ નથી કે ભવિષ્યમાં શું બનવાનું છું એ જાણતા હોઇએ.

‘બિહારમાં કોણ આવશે, તમને શું લાગે છે?’

‘અરે ભાઇ, હું કંઇ સર્વે કરવા જઉં છું? આપણે આ પાકિસ્તાનનું શું કરવું જોઈએ, તમને શું લાગે છે?’

આવા સવાલ વખતે આપણે કહીએ કે ‘મોદીસાહેબ છે ત્યાં સુધી બધું સલામત છે, ભવિષ્યની વાત ભવિષ્યમાં કરીશું.’

આમ છતાં આ પ્રજાતિ આપણો પીછો છોડતી નથી. તરત કહેશે, ‘પહેલા તો કોઈ ચોક્કસ રાજકીય વિચારધારા માટે ના પાડતા હતાં...’ એટલે આપણે કહીએ કે ‘અમે આજકાલ ખેસ પહેરી લીધો છે!’.

આમ જુઓ તો આવા બધા પ્રશ્નકર્તાઓ અંદરથી પોતાની હોંશિયારી દેખાડવા જ ચર્ચા કરવી છે... પોતાનું વાહિયાત ‘વોટ્સએપ યુનિવર્સિટી’નું જ્ઞાન દેખાડવું છે. આવા ભાઇઓ રાહ જોતા હોય કે તમે કોઈ વાતે અસહમત થાવ તો એ આક્રમક બેટિંગ કરી શકે. હા, જો તમે એની દરેક વાતમાં સહમતી દેખાડો તો એ ભાઇનો મૂડનું ફ્યુશ ઊડી જાય ...

ખાસ તો આપણા દેશી અમેરિકાવાળા ફોન કરે ત્યારે દેશની ચિંતામાં ફોન પર અડધો અડધો થઇ જાય. અમેરિકા એના ટ્રમ્પ કે બાઇડનને સાચવી ન શકે પણ આપણી અડધી રાત્રે ફોન કરીને પૂછે, ‘તમને શું લાગે છે?’ મોદીજી આ વખતે પાંચ વર્ષ ટકશે ખરા? ‘વાત બદલવા આપણે ભૂલમાં કહીએ કે ફલાણા સંબંધીની તબિયત સારી નથી, તો તરત જ પૂછે ‘તમને શું લાગે છે?’ અલ્યા, હું કંઈ ડોક્ટર છું?

ઇવન કેટલાક મહાનુભાવોને ઠંડી લાગે તો આપણને પૂછે, ‘વાયરલ હશે કે ચિકનગુનિયા કે ડેન્ગ્યુ... તમને શું લાગે છે?’ આપણે કંઈ વાઈરસના મામાના છોકરા છીએ કે એને ક્યો વાયરલ કરડ્યો છે એના ખબર આપણને આપે? .

વળી આજકાલ એક નવો વિષય છે શેરબજાર. ક્યો શેર વધશે ને ક્યો પડશેથી શરૂ કરીને ફાઇનલી સરકારની સ્થિરતા પર તમને ઘેરવાની કોશિષ કરતાં પૂછશે કે ‘શું લાગે છે?’

અફઘાનિસ્તાનમાં તાલિબાન આવ્યા, તો ‘તમને શું લાગે છે ?’ ...‘બલૂચિસ્તાનનું શું થશે? તમને શું લાગે છે? ’ એ તો સારું છે કે આ પ્રજાતિ મહાભારત યુગમાં ન હતી, બાકી ત્યાં પણ પૂછતાં હોત કે ‘દ્રૌપદીનું વસ્ત્રાહરણ દુર્યોધને કર્યું ત્યારે ભીષ્મ પિતામહે કેમ વિરોધ ન કર્યો...તમને શું લાગે છે?! ’ ફાઇનલી, ‘તમને શું લાગે છે’ નો જવાબ એ નમૂનાઓએ વિચારેલો જ હોય છે, એને એ જ જવાબ જોઈએ છે, જેથી એનો ટાઇમપાસ થાય. જો એનો ગમતો જવાબ ન મળે તો ચર્ચા કરવાની વિકૃત મજા લેવી છે.

સૌથી દુ:ખદ એ છે કે અસંખ્ય બિનવિવાદાસ્પદ વિષયો પર તંદુરસ્ત ચર્ચા કરવા કોઈ તૈયાર નથી. બધાને ફાલતુ ચર્ચામાં મનોરંજન જોઈએ છે. પર્યાવરણ, શિક્ષણ, કૃષિ, ધાર્મિક સાહિત્ય, પ્રવાસન, પુસ્તકો, સિનેમા, પાકશાસ્ત્ર, વિદેશી ભોજન, વિજ્ઞાન, એઆઇ, વિદેશમાં તકો જેવા અસંખ્ય વિષયો પર વાતો કરી શકાય પણ આપણી કેસેટ એક જ જગ્યાએ વાગે છે અને એ છે કે ‘તમને શું લાગે છે?’

સોશિયલ મીડિયાના યુગમાં એક વાત નિશ્ચિત થતી જાય છે કે વાતો કરવા માટે આપણી પાસે ખરેખર વિષયો ખૂટવા લાગ્યા છે. ■

**ધ એન્ડ:**

*આપણે માહિતીની દુનિયામાં છીએ પણ જ્ઞાનનો માર્ગ ખાલી પડ્યો છે. (અજ્ઞાત)*

વિશેષ
વીણા ગૌતમ
feedback@bombaysamachar.com

## ચિનાબ

# આ નદી નથી, ભારત-પાક સંબંધનો જલસ્રોત છે



(નદી જીવનદાયીની છે. નદી કિનારે જ માનવીનો જન્મ થયો છે. નદીના તટે બધી સભ્યતા અને સંસ્કૃતિ ફલીફુલી છે. પૃથ્વી પર નદી વિના જીવનની કલ્પના જ કરી શકાતી નથી. જોકે જલવાયુ પરિવર્તન, વધતી વસતિ અને નદી પ્રત્યે લોકોની ઉદાસીનતાને લીધે ધરતીમાં જલસંકટ ઘેરું બન્યું છે. નદીના અસ્તિત્વ પર સંકટનાા વાદળો ઘેરાયા છે. આથી નદીઓના સંરક્ષણ જરૂરી છે. આફણે આફણી નવી પેઢીને આ અંગે સંવેદનશીલ બનાવાની જરૂર છે જેથી નદીનું અસ્તિત્વ બચી રહે અને ધરતી પર માનવીની સભ્યતા અને સંસ્કૃતિ ફલેફુલે. આ દૂરગામી માનવ હેતુની પૂર્તિ માટે ચિનાબ નદીની ગાથી પ્રસ્તુત છે.)

ચિનાબ નદી ભલે આકારમાં ગંગા કે બ્રહ્મપુત્રા જેવી ન હોય, પરંતુ તે રાજકીય, ભૌગોલિક અને રાજદ્વારી દૃષ્ટિએ મહત્ત્વની છે. હાલમાં ઑપરેશન સિંદૂર દરમિયાન આપણએ તેનું રાજદ્વારી મહત્ત્વ જોઈ ચુક્યા છે.

આ ભારત-પાક સંબંધોનું સંવેદનશીલ સૂત્ર છે. તદુપરાંત આ નદી દેશની સંસ્કૃતિ, અર્થવ્યવસ્થા, રાજનીતિ, અને રાજનીતિમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. ચિનાબ હિમાચલ પ્રદેશમાં બે મુખ્ય જળધારા ચંદ્રા અને ભાગાના સંગમમાંથી નીકળે છે. આ બન્ને ધારા લાહોર અને સ્પાતી ક્ષેત્રમાં સ્થિત છે. એની કુલ લંબાઈ ૯૭૪ કિલોમીટર છે જેમાં તે ભારતના ૪૮૬ કિલમીટર ક્ષેત્રમાં વહે છે. તે મૂળ સ્રોતથી જમ્મુ ક્ષેત્રમાં વહીને પાકિસ્તાન જાય છે. આ નદીનો ભારતમાં મુખ્ય પ્રવાહ જમ્મુમાં છે. આ નદી પૂંચ, ડોડા, કિશ્તવાડ, રિયાસી, રામબન અને કઠુઆ જિલ્લાને પ્રભાવિત કરે છે. પાકિસ્તાનમાં પંજાબના મધ્યમાં પસાર થઈને સતલજને મળે છે.આ સંગમ પંજાબ સિંચાઈ તંત્ર માટે મહત્ત્વનું છે.

ભારતની સૌથી મોટી નદી લંબાઈ, જલગ્રહણ કે પ્રભાવક્ષેત્રના માપદંડના આધારે નક્કી કરીએ તો ગંગા, બ્રહ્મપુત્રા, સિંધુ, ગોદાવરી, નર્મદા, યમુના અને સતલજ નદી ચિનાબ કરતા મોટી છે. ચિનાબ નદી સિંધુ નદીની પ્રણાલીની પાંચ મુખ્ય નદીમાંની એક છે. બીજી ચાર નદી ઝેલમ, સતલજ, રાવી અને વ્યાસ છે.

રણનીતિ પ્રમાણે જોઈએ તો ભારતની ટોચની ૧૦ નદીમાંની એક છે. આ ભારત-પાકિસ્તાન જળસંધિનું કેન્દ્રબિંદુ છે. ભારત અને પાકિસ્તાન વચ્ચે ૧૯૬૦માં વિશ્વ બૅન્કની મદયસ્થીતી સિંધુ જળસંધિ થઈ હતી. આ સંધિ પ્રમાણે પૂર્વની ત્રણ નદી રાવી, વ્યાસ અને સતલજ ભારતના અધિકારમાં આવે છે, જ્યારે સિંધુ, ઝેલમ અને ચિનાબ પાકિસ્તાનને આપવામાં આવી છે. જોકે આમાં ભારતને નદીનો સીમિત ઉપયોગ કરવાનો અધિકાર આપવામાં આવ્યો છે જેવા કે સિંચાઈ, વીજળી ઉત્પાદન અને પૂરનિયંત્રણ વગેરે.

આ સંધિને લીધે ચિનાબ નદી પાકિસ્તાનની જીવનરેખા બની છે કારણ કે પંજાબના પ્રાંતની સિંચાઈ આ નદીને લીધે જ સંભંવ બને છે. ભારતે ચિનાબ નદીની પરિયોજનાઓ બનાવી છે.

૦ બગલીહાર પરિયોજના : જમ્મુમાં ૪૫૦ મેગાવોટની વિધુતયોજના

૦ પકલડૂલ પરિયોજના : કિશ્તવાડમાં ૧,૦૦૦ મૅગાવોટની પરિયોજના છે.

રાતલે પરિયોજના : રાતલેની ૮૫૦મૅગાવોટની પરિયોજના છે.

આ પરિયોજના સામે પાકિસ્તાને વિરોધ નોંધાવ્યો છે અને મામલો વિશ્વ બૅન્ક આગળ ગયો. ખાસ કરીને બગલીહાર પરિયોજના અંગે ૨૦૦૫માં વિવાદ થયો હતો. તટસ્થ નિષ્ણાતોએ ભારતની તરફેણમાં ચુકાદો આપ્યો હતો. ભારતે એવા સંકેત દીધા છે કે પાકિસ્તાન સીમાપારનો આતંકવાદ બંધ નહીં કરે તો સિંધુ જલ સંધિની સમીક્ષા કરાશે. ચિનાબ ઘાટી ભૌગોલિક મહત્ત્વ અને જૈવ વિવિધતા માટે જાણીતું છે. આમાં દુલર્ભ પર્વતીય વનસ્પતિ અને જીવજંતુ છે.

આ ક્ષેત્ર હિમાલયના ઈકોઝેનનો હિસ્સો છે અને વન્ય જીવના અભ્યારણ્યોની નિકટ છે. ચિનાબ પર જલવાયુનો પ્રત્યક્ષ પ્રભાવ છે. નદીનો મુખ્ય જળસ્રોત હિમનદી છે. ગ્લેશિયરો પીગળવાને લીધે નદીના પ્રવાહમાં અનિશ્ચિતતા આવી છે. ગરમીમાં પૂર અને ઠંડીમાં ઓછું જળ જોવા મળે છે. આનાથી સ્થાનિક પર્યાવરણ અને માનવજીવન બન્ને પર પ્રભાવ પડે છે. જલવાયુ પરિવર્તનને લીધે જ પૂર અને ભૂસ્ખલન થાય છે. જમ્મુમાં ચિનાબને લીધે પૂર અને ભૂસ્ખલન થાય છે. આને લીધે મૂળભૂત ઢાંચા અને ખેતીને નુકાસન થાય છે. આથી આના પ્રવાહ પર નિયંત્રણ અને ચેતાવણી સિસ્ટમ વિકસાવવી જરૂરી છે.

ચિનાબ ઘાટીમાં રહેનારા મોટા ભાગના લોકો ખેતી કે પશુપાલવ અને જળવિધુત પરિયોજના સાથે જોડાયેલા હોય છે. ચિનાબને લીધે જમ્મુમાં સારી ઉપજ થાય છે અને પીવાનું પાણી મળે છે. અહીં અનેક હાઈડ્રો પ્રોજેક્ટ છે જેથી રોજગાર અને ઊર્જા મળે છે. સ્થાનિક સમુદાય માટે આ જીવનદાયીની છે.

આખા માહાદ્વિપ માટે આ વોટર ડિપ્લોમેસીની પરિક્ષા છે. નદીનું સર્વેક્ષણ, તેનો ઉપયોગ અને ન્યાયી મેનેજમેન્ટ પર્યાવરણ જ નહીં પરંતુ વ્યૂહાત્મક દૃષ્ટિએ જરૂરી છે. ■

તસવીરની આરપાર
____ભાટી એન.
feedback@bombaysamachar.com

## શિહોર શહેરમાં...

# ઐતિહાસિક લડાઈનાં કમાંગરી શૈલીનાં ભીંતચિત્રો







**ભાવનગર** (ગોહિલવાડ)નું શિહોર ઐતિહાસિક દ્રષ્ટિએ ખૂબ જ મહત્ત્વનું છે. રજવાડાંના સમયમાં શિહોર ગોહિલ વંશના રાજાઓનું મુખ્ય મથક હતું. રાજ્યનું બધું જ સંચાલન અહીંથી થતું હતું. શિહોર ગામની બાંધણી પણ ભવ્ય અને અસાધારણ ભૂતકાલીન સ્મૃતિ ધરાવે છે. ગામની ભાગોળે ડુંગર છે. ત્યાં શિહોરી માતાનાં બેસણાં છે, એટલે જ આ ગામનું નામ ‘શિહોરી’ અર્થાત્ ‘શિહોર પડયું હશે. નાના ગામનું મુખ્ય એક જ બજાર છે. તે પણ અતિ સાંકડું! પણ ગામની ફરતા ઊંચા ઊંચા ડુંગરા અને માતાજીનાં મંદિર પણ છે. ગામની ફરતો કિલો હતો તેના અમુક અવશેષો આજે પણ નિહાળવા મળે છે. ગામથી થોડે દૂર અલભ્ય અને અલૌકિક ડિઝાઇનવાળાં પ્રાચીન વાવ મંદિરો છે.

સોળમી સદીમાં વિસાજી ગોહિલે શિહોર જીતી લીધું અને શિહોરમાં પોતાની રાજગાદી સ્થાપી. ત્યાર પછી તેમના વારસદાર તરીકે વખતસિંહજી ઉર્ફે આતાભાઈના સમયમાં ઈ. સ. ૧૭૭૫ માં શિહોર ઘણું ખ્યાતિ પામ્યું. એ સમય દરમિયાન ઠાકોર વખતસિંહજીએ ચિતળના કાઠી ઠાકોર કુંપાવાળા સામેની ખૂનખાર લડાઈમાં જીત મેળવી અને પછી ઈ. સ. ૧૭૯૩માં કુંપાવાળાના પરિવારને ચિતળ પાછું સોંપ્યું. કુંપાવાળા સામે ઐતિહાસિક દિગ્વિજય થવાના હર્ષોલ્લાસનાં સંભારણાંને કાયમી કરવા માટે ઠાકોર વખતસિંહજીએ કચ્છના કમાંગર ચિતારાને તેડાવી શિહોરના દરબારગઢના બીજા મજલાના દીવાનખંડમાં ચિતળ વિજયનાં ભીંત ચિત્રો દોરાવ્યા ને તેનો ઊંડો અભ્યાસ કર્યો હતો. આ ચિત્રો ઈ. સ. ૧૭૭૩થી ઈ. સ. ૧૭૯૫ની સાલમાં બન્યાં હશે. શ્રેષ્ઠ કમાંગર કારીગરોને આ ચિત્રો બનાવતાં બે વર્ષ જેટલો સમય હશે. ચિત્રો આલેખનાર કમાંગર કલાનો સિદ્ધહસ્ત ચિતારો જણાય છે. ચિત્રોની રચના અને સંયોજનમાં માનવ, પશુઓના ચિત્ર પરિવેશના સમગ્ર આલેખનમાં તેની બાહોશી અને સિદ્ધહસ્તપણાની જોનારને અચૂક ખાતરી થાય છે.

દીવાનખંડની બેઠકના ઓરડામાં આલેખિત આ ચિત્રો ‘જયપુરી ફ્રેસ્કો’ની રીત પ્રમાણે થયાં હોય તેવું નથી લાગતું? ચિત્ર આલેખનની શરૂઆત પૂર્વ દિશાની દીવાલ પર ડાબા હાથ તરફથી શરૂ થાય છે. સૌપ્રથમ ‘સિંહુન’ નામની સફેદ ઘોડી પર સવાર થયેલા વખતસિંહજીનું ચિત્રણ કરવામાં આવ્યું છે અને તે પછી તેમના ગિરાસદાર ભાયાતોનાં આબેહૂબ ચિત્રો દોરાયાં છે. તેની નીચેની કંદોરાબંધ પેનલમાં ભાયાતો અને ઊંટની નોબત છે.

પૂર્વ દિશાની ભીંતની જમણી તરફની પેનલમાં રાજકુમાર બાપાજી રાજ હાથી પર સવાર થયા છે. તેમની સંગાથે લાઠી ઠાકોર છે, તો તેની નીચેની કંદોરાબંધ પટ્ટીમાં તાલબ જમાદાર આરબોની બેરખ તેમજ તોપગાડી લઈને કૂચ કરી રહ્યાં છે. દક્ષિણ દિશાની દીવાલનો વિભાગ મોટો હોવાથી તેમાં ઉપર અને નીચેની બે કંદોરાબંધ પટ્ટીમાં કાઠી-ઠાકોરો અને વખતસિંહજીના સૈન્યનું યુદ્ધ ખૂબ જ ગતિમય રીતે આલેખવામાં આવ્યું છે. પશ્ચિમની દીવાલના ડાબા હાથ તરફની પટ્ટીમાં સૈનિકો કૂચ કરતા જણાય છે તો જમણી તરફની પટ્ટીના ઉપરના ભાગે કુંવર વિજયસિંહ સાથે સિપાહીઓ છે. તો તેની નીચેની પટ્ટીમાં ઘોડા, ઊંટની ફોજ ચાલી આવે છે.જૂનો કળી ચૂનો, ચિરોડી અને આરસની ભૂકી સાથે કડિયોગુંદર અને ગૂગળને ખાંડીને મલામાનું પ્લાસ્ટર બનાવી પછી ભીંત પર ઘૂંટી-લસોટીને અસ્તરને સજ્જડ લપેટીને સુંવાળી બનાવેલી ભીંતની સપાટી પર રેખાંકનો છે, ઈ. સ. ૧૯૧૫=૧૭ નાં અરસામાં દરબારગઢનાં તૈલરંગથી રીપેઇન્ટિંગ કરેલ છે. તેના પર તૈલરંગ હોવાથી નીચે દબાઈ ગયાં છે.

કચ્છ અને સૌરાષ્ટ્રની સંસ્કૃતિમાં વર્ષોથી આપ-લે થતી હોવાથી બન્નેની કલા અને કારીગરીમાં આદાનપ્રદાનના સંસ્કાર જોઈ શકાય છે. દરબારગઢમાં ચિત્ર કરનાર કમાંગરે કાઠિયાવાડી ઘોડાની ઓલાદ અને કાઠી, રજપૂત તેમ જ અન્ય જાતિ-પાંતિના પુરુષોનું બહુ સારું આલેખન કર્યું છે. રાજા-ઠાકોર, કાઠી, ગલઢારા, ભાયાતો ઉપરાંત સૈન્યના સામાન્ય થોભિયાં વગેરેના ચિત્રણમાં ચિતારાએ તત્કાલીન પુરુષ પરિવેશનું દસ્તાવેજી ચિત્રાંકન કર્યું છે.

ગુજરાતમાં ખાસ કરીને ભાવનગર જિલ્લાના શિહોરના દરબારગઢનાં ભીંતચિત્રો અતિ વિવિધતાપૂર્ણ છે. આ ચિત્રો સીધાસાદા અને મનમોહક તથા અતિ ભવ્ય છે. ચિત્રકારોને આ ચિત્રો દોરવામાં સરળતા રહે તેમ છે. કમાંગરી શૈલી અત્યારે લુપ્ત થતી જાય છે. તે સમયમાં માપ-સાઈઝનાં સાધનો પણ હતાં નહિ. ફક્ત કોઠાસૂઝથી જ આબેહૂબ ચિત્રો દોરાતાં. આ ભીંતચિત્રોમાં ઘોડાની તાલબદ્ધ ચાલવાની પદ્ધતિ, લશ્કરની બંદૂકો સાથેની આગેકૂચ, હાથી ઉપર સવાર અને સિંહાસન પર બેઠેલી વ્યક્તિ અને હાથીને શણગારેલાં આભૂષણો, ઠાકોર વખતસિંહજીના દરબારગઢની આગળની ઓસરીમાં લાકડા પર કરેલી કોતરણી સરસ લાગે છે. પુરાતત્ત્વ ખાતાથી રક્ષિત આ સ્મારક છે. ગોહિલવાડનાં ઉત્કૃષ્ટ ચિત્રોનું નજરાણું ઉત્કૃષ્ટ છે. નવીન શૈલીનાં સપ્તરંગી ચિત્રોની શૃંખલા નિહાળવા અને પ્રાકૃતિક રંગોના ચિત્રણ કેમ બનતાં તે જોવા તથા ચિત્રકાર તે સમયમાં સુંદર ચિત્રોથી કેવું ભાવવિશ્વ ખડું કરતા તેવાં અતિ દુર્લભ ચિત્રો નિહાળવા ગોહિલવાડના શિહોરમાં આપનું સુસ્વાગત છે. કલા ગંગોત્રી ગ્રંથ ગુજરાતનો વિસરાતો ભીતચિત્રોનો કલા વૈભવમાં ગુજરાતનાં ભીંત ચિત્રોનો વૈભવ નિહાળવા મળશે, પ્રદીપ ઝવેરી, ડો, પૂર્વી ગોસ્વામી એ ગ્રંથ સુચારુ આલેખન કરેલ છે, તો રમણીકભાઇ ઝાપડિયા અધ્યક્ષ કલા તીર્થ દ્વારા આવા અસંખ્ય ગ્રંથો સમાજને આપ્યા છે. ■

# અજબ ગજબની દુનિયા

હેન્રી શાસ્ત્રી henry.shastri@bombaysamachar.com

## બોટલમાં વિશ્વ ભ્રમણ




આંખે દેખી ન શકતાં માતા - પિતાને કાવડમાં બેસાડી જાત્રા કરાવનારા શ્રવણની કથાથી તમે પરિચિત હશો. જોકે, એકવીસમી સદીમાં પેરેન્ટ્સ માટે પ્રેમને બદલે પ્રકોપ વધુ જોવા મળે છે અને માત- પિતાને જાત્રા કરાવવાનું તો દૂર રહ્યું, એમને વૃદ્ધાશ્રમમાં ધકેલી દેવાના બનાવ બને છે. આ વાતાવરણમાં સોશિયલ મીડિયામાં માને દુનિયાની જાત્રા કરાવવાનો વાયરલ થયેલો કિસ્સો તમને લાગણીશીલ બનાવી આંખના ખૂણા ભીના કરી દેશે.

યુકેના લિંકનશાયર ડિસ્ટ્રિક્ટના રળિયામણા શહેર સ્કેગનેસમાં એક દીકરીએ અવસાન પામેલી માતાના મનોરથ પૂરા કરવા જે કર્યું છે એ જાણી લોકો આફ્રિન પોકારી ગયા છે ને ગળગળા પણ થયા છે. દુનિયા ઘુમવાની માતાની અદમ્ય ઈચ્છા હતી, પણ માંદગીને કારણે ફરવા નીકળી ન શકી. માતાના અવસાન પછી એની ઈચ્છા પૂરી કરવા દીકરીએ એના અસ્થિ કાચની બોટલમાં બંધ કરી દુનિયા ઘુમવા મોકલી દીધી. બોટલમાં બેટીએ એક ચિઠ્ઠી મૂકી છે જેમાં લખ્યું છે કે 'બોટલમાં માની રાખ છે જે વિશ્વ ભ્રમણ કરવા નીકળી છે. જો આ બોટલ તમારા હાથમાં આવે તો એને કોઈ નદી, સરોવર કે સમુદ્રમાં વહેતી મૂકી દેજો અને મા ક્યાં સુધી પહોંચી એ મને જણાવજો.'

આ કિસ્સા અંગે અઢળક પ્રતિક્રિયાઓ આવી છે અને એક જણે લખ્યું છે કે 'આ એક બોટલ નથી, દીકરીનો માતૃપ્રેમ અને એક માનું સપનું છે.'


## ઘડિયા લગ્ન લો, ઘોડિયું બંધાવો, વસતિ વધારો



વસતિ ઘટાડો એકવીસમી સદીની અનોખી સમસ્યા છે જે જાપાન અને ચીન જેવા દેશોમાં સતાવી રહી છે. અનેક વર્ષ પોપ્યુલેશનમાં નંબર વન રહેલું ચીન હવે ભારત પછી બીજા ક્રમે છે અને છેલ્લા ત્રણ વર્ષથી એની વસતિમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. આ ઘટાડો આગળ પણ જારી રહેવાનો હોવાથી દેશના વિકાસ પર ધ્યાનસ્થ રહેતા નિષ્ણાતો ચિંતામાં પડી ગયા છે.

સમસ્યાનો ઉકેલ લાવવા ચીનના સિચવાન પ્રાંતના આરોગ્ય અધિકારીઓએ એક 'લોલીપોપ' બહાર પાડ્યો છે. યુવાનોને મેરેજ માટે ૨૫ દિવસની રજા મંજૂર કરવામાં આવી છે અને માતા બનેલી મહિલાને ૧૫૦ દિવસ - પાંચ મહિનાની મેટરનિટી લીવ ઓફર કરવામાં આવી છે. પેટર્નિટી લીવ પણ ૨૦ દિવસથી વધારી ૩૦ દિવસ કરવામાં આવી છે. ટૂંકમાં ઘડિયા લગ્ન કરો અને ઝટ ઘોડિયું બંધાવો , જેથી દેશની વસતિ વધે એ આશય સાથે આ ઈન્સેન્ટિવ - પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. એટલું જ નહીં, સંતાન ઉછેર કેવળ સ્ત્રીની જવાબદારી નથી, સહિયારી જવાબદારી છે એના પર ભાર મૂકવામાં આવ્યો છે.

## ટીચર ટીચર, છોડિયું પજવે છે... છોરાંઓ કરે છે શિકાયત!


सेवा मे
श्रीमान् प्रचार्य जी
जवाहर नवोदय विद्यालय
तेख्यापुर (औरैया)

विषय – कक्षा सात (अ) की लडकियों को लडकों से मॉफी मागने हेतु।

महोदय
सविनय निवेदन है कि हम लोग कक्षा सात (अ) के छात्र है कि हम लोगो से लडकियाँ गलत शब्द कहती है जैसे – लल्ला, पागल, औकात में रहो। और लडको का नाम बिगाडती है अभिनेष से डामर कहती है, और अनमोल से रसगुल्ला, लल्ला की तरह रहो। लडकियाँ कक्षा मे शोर मचाती है और गाना गाती और डॉयलॉग बाजी करती है। ओम् फीम् घर्राटे काट रही है।

सधन्यवाद।
कक्षा सात (अ) में शोर मचाने वाली लड़कियों के नाम —
जानवी, शिखा, रितु, काजल, अवनी।

'મમ્મી, મને રાહુલે માર્યું અને ટીચર, ઓલો આકાશ અમારી સામે ચાળા કરે છે,'

ઘરમાં અને વર્ગમાં છોરીઓ દ્વારા છોરાઓ સામે થતી અનેક ફરિયાદો આપણા દૈનિક જીવનનો હિસ્સો રહી છે. જોકે, 'હાય રામ કુડિયોં કા હૈ ઝમાના...' હોવાથી ફરિયાદીમાં બદલાવ જોવા મળી રહ્યો છે. રોમિયોગીરી માટે બદનામ ઉત્તર પ્રદેશના ઓરૈયા જિલ્લાની એક શાળામાં જુલિયેટગીરીની ફરિયાદ આવી છે. સાતમા ધોરણમાં ભણતા વિદ્યાર્થીઓએ પ્રિન્સિપાલને પત્ર લખી કલાસની વિદ્યાર્થિનીઓ સતામણી કરતી હોવાની કમ્પ્લેન કરી છે. પ્રિન્સિપાલને સંબોધી લખેલા પત્રમાં છોરાઓએ જણાવ્યું છે કે 'વર્ગની છોડિયું લલ્લા, પાગલ, ઔકાત મેં રહો (હેસિયતમાં રહો) જેવું કહીને અમને પજવે છે. વર્ગમાં આ બધીયું શોરબકોર કરે છે, ગીતો ગાય છે. ડાયલોગબાજી કરે છે અને અમારા મોઢા જોઈ ખીલખીલાટ હસે પણ છે.

પત્રના વિષયમાં સાત 'અ' વર્ગની વિદ્યાર્થિનીઓએ વિદ્યાર્થીઓની માફી માગવી એવી સ્પષ્ટતા કરવામાં આવી છે. વર્ગમાં બૂમાબૂમ કરતી વિદ્યાર્થિનીઓના નામ પણ પત્રના અંતે લખવામાં આવ્યા છે. અજબ દુનિયામાં ગજબ ઘટના બનતી રહે છે.

## મારા મમ્મી-પપ્પાનાં લગ્નમાં જરૂરથી આવજો



શહેરમાં આધુનિક વિચારધારા અને ગામડાં એટલે પછાત માનસિકતા એવું જો તમે માનતા હો તો આ કિસ્સો ધ્યાનથી વાંચજો. એકવીસમી સદીમાં મુંબઈ અને અન્ય મહાનગરોના યંગસ્ટર્સમાં લગ્ન વિના લિવ - ઈન રિલેશનશિપમાં રહેવાનું વધી રહેલું ચલણ 'મોડર્ન માઈન્ડસેટ' કહેવાય છે. જોકે, ગુજરાતના એકમાત્ર હિલ સ્ટેશનની ખ્યાતિ ધરાવતા સાપુતારામાં દીકરા કે દીકરીના માંડવામાં જ માતા-પિતા ફેરા ફર્યા હોય એવા વર્ષોથી અનેક ઉદાહરણ નોંધાયા છે. મહેલો અને શાહી નિવાસ માટે પ્રખ્યાત રાજસ્થાનના ડુંગરપુર જિલ્લામાં ૭૦ વર્ષ લિવ - ઈન રિલેશનશિપમાં રહ્યા પછી ૯૫ વર્ષના દાદા ઘોડે ચડી ૯૦ વર્ષનાં દાદીમા સાથે ધામધૂમથી લગ્ન કર્યા છે. એક દિવસ વાતમાંથી વાત નીકળતા સંતાનોને ખબર પડી કે સંજોગોવશાત માતા પિતા લગ્ન નહોતા કરી શક્યા એટલે વરઘોડો કાઢી 'નાણાવટી રે સાજન બેઠું માંડવે'ના સૂર સાથે મંડપમાં હાથમાં હાથ સોંપી સાત ફેરા ફરી વિવાહ સંપન્ન થયા. અજબ પ્યાર કી ગજબ કહાની જેવા લગ્નમાં દીકરા- દીકરીએ જ સ્નેહભીના આમંત્રણ મોકલી વિવાહ યાદગાર બનાવી દીધા. હાજર મહેમાનોની એક આંખમાં આનંદ હતો તો બીજી આંખમાં આશ્ચર્ય ડોકિયાં કરી રહ્યું હતું.

## લ્યો કરો વાત!

*તુંડે તુંડે મતિર્ભિન્ના એમ કેસનું અર્થઘટન પણ અલગ અલગ જજ દ્વારા જુદું જુદું થતું હોય છે. ઘરેલુ હિંસાના એક કેસમાં પતિનો શારીરિક અને માનસિક અત્યાચાર વેઠનારી મહિલાને સેશન્સ જજ દ્વારા પાંચ લાખ રૂપિયાનું વળતર અને માસિક ભરણપોષણની રકમ એક લાખ રૂપિયા નક્કી કરવામાં આવી હતી. આદેશને પડકારી મહિલાએ અપીલ કરી હતી. ફરી સુનાવણી થઈ. બીજી અદાલતે વળતરની રકમ પાંચ લાખથી વધારી એક કરોડ કરી નાખી અને માસિક ભરણપોષણ પેટે દોઢ લાખ રૂપિયા ચૂકવવાનો આદેશ આપ્યો. મહિલાનો પતિ અને તેનો પરિવાર ધનવાન છે અને મહિલાએ ૨૦ વર્ષના લગ્નજીવનમાં જે ત્રાસ અને અપમાન સહન કર્યા છે એ સામે પાંચ લાખ રૂપિયાનું વળતર નજીવું કહેવાય એવું અદાલતનું કહેવું હતું. એટલે વળતરની રકમ ૨૦ ગણી વધારી દીધી. બોલો...!* ■

# સટ્ટાક સવાલ... ફટ્ટાક જવાબ

## રમૂજી સવાલના મનમોજી જવાબ

દર્શન ભાવસાર

**'મોટા માણસોને મારા ખિસ્સામાં રાખું છું' કહેનારનું ખિસ્સુ કેટલું મોટું હશે?**
* એનો અહમ્ સમાય અને સચવાય એટલું!
**ઘડિયાળના કાંટા કેમ વાગતા નથી?**
* કારણ કે એ વાગ્યા વગર ભલભલાના બાર વગાડી દે છે!
**પત્ની પિયર જાય ત્યારે પતિ કેમ રાજી થતો હશે?**
* કામચલાઉ એકલા રહેવાની આઝાદી મળી એટલા માટે...
**માયા ત્યાગનો ઉપદેશ આપનાર સાધુ દાન કેમ લે છે?**
* ભક્તોની માયા ત્યાગની કસોટી માટે...
**પ્રલય આવે તો માણસ ક્યા ગ્રહ પર રહેવા જશે?**
* વિનામૂલ્યે રહેવા -ખાવા પીવા-સૂવા મળે ત્યાં....
**શૂન્યની શોધ ન થઈ હોત તો?**
* એકડો એકલો પડી જાત...
**કામની વ્યક્તિને કામવાળા કહીએ તો?**
* તો કામવાળીનું શું થશે?
**દિલ તૂટે તો અવાજ કેમ આવતો નથી?**
* આજુબાજુ સ્ટિરિયોફોનિક સાઉન્ડ સિસ્ટમ નથી હોતી એ માટે...
**લગ્ન પહેલાં પુરુષ અધૂરો હોય અને લગ્ન પછી?**
* અધમૂઓ...
**અર્ધ નારેશ્વરની જેમ અર્ધ નરવાનર જોવા મળે તો?**
* હૂપાહૂપ થવા માંડે...
**બહુપત્નીની જેમ બહુપ્રેયસી હોય તો?**
* આવો યોગ બહુપ્રેમીને મળે તો ફળે...
**દેવ અને દાનવ હવે ક્યાં જોવા મળે?**
* દેવ સ્વર્ગમાં...દાનવ આપણી આસપાસ...
**પત્નીને ચાંદ કેમ કહેવામાં આવે છે?**
* કારણ કે એ પતિને ધોળા દિવસે તારા દેખાડી શકે છે માટે!
**બંદૂક કેમ રાખવી જોઈએ?**
* પોતાને બીક ના લાગે એ માટે....
**સ્ત્રીને અર્ધાંગિની તો પુરુષને શું કહેવાય?**
* અર્ધ પુરુષોત્તમ!
**દાઢી ને વાળ જે વધારે એ બુદ્ધિશાળી?**
* હા, દાઢી - વાળ કટિંગનો ખર્ચ એ બચાવે છે!
**અંધારામાં સૂરજ ઉગે ખરો?**
હા, જો દેવલોકમાં ઈન્દ્ર સામે બળવો થાય તો !
**દારૂ પીવે એ સાચું જ બોલે એ વાત કેટલી સાચી?**
પીતા ભી દીવાના...સુનતા ભી દીવાના!

## કચ્છી ચોવક

કિશોર વ્યાસ
kishor.vyas@bombaysamachar.com

# પોતાના નામે છૂટવું એટલે શું?

**''સૌ કો પિંઢ જે નાલે છુટે''** શબ્દાર્થ છેઃ સૌ કોઈ પોતાના નામે છૂટે! એટલે શું? આ કાંઈ સ્પષ્ટ અર્થ હોય તેવું લાગતું નથી. તો? મને એમ લાગે છે ચોવક જરૂર કર્મની વાત કરે છે. મહર્ષિ વાલ્મીકિ જ્યારે વાલિયો લૂંટારો હતા ત્યારે એક મહાત્માએ તેને પૂછ્યું હતું કે, આ લૂંટફાટ તું કોના માટે કરે છે? તેણે જવાબ આપ્યો હતો કે મારા પરિવાર માટે. મહાત્માએ તેને કહ્યુંઃ જા, જરા પૂછી આવ તો, તારી પત્નીને અને સંતાનોને કે તારાં આવાં ભૂંડા કર્મોના એ ભાગીદાર છે? એ ઘરે ગયા અને બધાને પૂછ્યું પણ જાણવા મળ્યું કે, એ કોઈ તેનાં આવાં લૂંટફાટનાં ખોટાં કામોમાં ભાગીદાર નથી. એ કર્મના ફળ તો વાલિયાએ જ ભોગવવાનાં રહેશે! વાર્તા લાંબી છે, અને આપ સુજ્ઞ વાચકો જાણો છો. તો, એ અર્થના સંદર્ભમાં જ આ ચોવક પણ કહે છે કે, સૌ પોતાનાં કર્મથી બંધાયેલા છે.

એમ પણ કહી શકાય કે, 'જેવું કરો તેવું પામો', 'જેવું વાવો તેવું લણો', 'હાથનાં કર્યાં હૈયે વાગે', 'જેવી કરણી તેવી ભરણી', 'કરમની ગત ન્યારી'... વગેરે વગેરે! ચોવકમાં વપરાયેલા શબ્દોમાં 'સૌ' એટલે 'સૌ', 'કો' એટલે કોઈપણ. 'પિંઢજે'નો અર્થ થાય છે, પોતાના, 'નાલે' એટલે નામથી, 'છુટે'નો અર્થ છે છૂટે! પણ ખરેખર અહીં તેનો અર્થ થાય છે 'બંધાય'!

એવા જ અર્થવાળી બીજી પણ એક ચોવક કચ્છીમાં પ્રચલિત છેઃ **'સૌ-સૌ પિંઢજો નિસીબ ખાય'** અહીં પણ 'સૌ' એટલે સૌ કે બધા, 'પિંઢજો' એટલે પોતાનું 'નિસીબ'નો અર્થ છે નસીબ અને 'ખાય' એટલે 'ખાય'. શબ્દાર્થ છેઃ સૌ પોતપોતાના નસીબનું ખાય છે. મતલબ કે ભોગવટાનો આધાર જ ભાગ્ય પર છે.

જે સૌનું થાશે તે વહુનું થાશે. આ ગુજરાતી કહેવત જેવી ચોવક કચ્છીમાં બહુ વપરાય છે. ચોવક છેઃ **'સૌ ગત સે વૌ ગત'** સરળ શબ્દોમાં અર્થ થાય છે કે લાભ - ગેરલાભ બન્ને સૌ સરખા થવા! અહીં હવે બે શબ્દો આપ સૌ માટે અજાણ્યા હશે, એક તો 'ગત' અને બીજો શબ્દ 'વૌ.' 'ગત'ના મૂળ અર્થ છેઃ ચાલ, તાલ, રીત, સ્વર્ગ! અને 'વૌ' એટલે વહુ.

એક સરસ ચોવકનું સ્મરણ થાય છેઃ **'હાર્યો કિતે પ નાંય પ્યો'** પ્રથમ શબ્દ છે 'હાર્યો', જેનો અર્થ થાય છે વેરાયેલું. 'કિતે' એટલે ક્યાંય અને 'પ' એટલે પણ. 'નાંય'નો અર્થ થાય છે નથી અને 'પ્યો' એટલે પડયું હોવું. ચોવક મૂળમાં કર્મ અને ફળ તરફ જ સંકેત કરે છે. કહે છેઃ (તમને જે જોઈએ છે તે) 'ક્યાંય વેરાયેલું નથી પડ્યું.' મતલબ કે કર્મ કરીને મેળવો! અને એ પણ જે ભાગ્યમાં હશે તેજ અન તેટલું જ મળશે!

**'હૂંધ વે ત મિડે સુજે'** 'હૂંધ' એટલે છત, મહેર અથવા સાહ્યબી. 'વે'નો અર્થ છે હોય, 'ત' એટલે તો અને 'મિડે'નો અર્થ છે બધું. 'સુજે' એટલે સુઝે! સીધો શબ્દાર્થ એવો થાય છે કે, આર્થિક, સામાજિક અને વ્યવહારિક સધ્ધરતા હોય તો (કોઈ પ્રસંગનું) મોટા પાયા પર આયોજન થઈ શકે. બાકી તો, **'ખેણ પિણ ખુધાવા'** એટલે કે ખાવા-પીવાનો આધાર પણ ભગવાન પર હોય. ચોવક છેઃ **'હોય ત ઈધ, નિકાં રોજા'** ઘરની આર્થિક સ્થિતિ પ્રમાણે ખાવા-પીવા મળે! 'હોય' એટલે કચ્છી 'હુવે' અને એ બન્ને શબ્દોનો અર્થ છેઃ હોવું. 'ઈધ' એટલે ઈદ. 'નિકાં'નો અર્થ થાય છે નહીંતર. 'રોજા' એટલે રોજા (મુસ્લિમ બંધુઓના ઉપવાસ). જો ઘરમાં સમૃદ્ધિ હોય તો રોજ ઈદ (દિવાળી) અને નહીં તો... જળપ્રાશન! ■

## મગજ મંથન

વિઠ્ઠલ વઘાસિયા
feedback@bombaysamachar.com

# અહંકાર માણસની દ્રષ્ટિને આંધળી બનાવી દે છે...

### અહંકારી માણસ બીજાની સફળતા પણ સહન કરી શકતો નથી




માનવ જીવનમાં અહમ્ એટલે કે અહંકાર એ એક એવો ગુણધર્મ છે, જે વ્યક્તિના વિકાસમાં અવરોધ રૂપ બને છે. જયારે માણસ પોતાને સર્વશ્રેષ્ઠ માનવા લાગે છે ત્યારે એનું પતન શરૂ થઈ જાય છે. જ્યાં અહંકાર હોય ત્યાં પતન નિશ્ચિત છે.

કામ-ક્રોધ -લોભની જેમ અહમ્ કે અહંકાર પણ માણસનો મોટો શત્રુ છે. અહમ્ ભરેલો માણસ એમ સમજે છે કે, હું જ મહાન છું. હું જ સર્વ શક્તિમાન છું. જે કંઈ થાય છે તે મારે લીધે થાય છે. અહમ્ એટલે હું પદ,ગર્વ, મગરૂરી. 'તમો' ગુણના વધારાને કારણે અહંકાર નામની સ્થૂળ શક્તિ ઉત્પન્ન થાય છે. મન,વાણી અને કર્મને સ્વાર્થ પરાયણ કરવામાં આવે એનું નામ અહમ્. અહંકારી માણસ એમ માનીને ચાલે છે કે, કર્તા- હર્તા ને સર્વસ્વ હું જ છું.

'તું' એટલે કે પરમાત્માને યશ આપતો નથી એટલે જ નરસિંહ મહેતાએ ગાયું કે, 'હું કરું હું કરું એ જ અજ્ઞાનતા શકટનો ભાર જયમ શ્વાન તાણે.' સર્વ ક્રિયાઓ કોઈ અજ્ઞાત શક્તિના બળે ચાલતી હોય છે, છતાં અહંકારી માણસ એમ માને છે કે આ બધું મારી શક્તિ અને યોગ્યતાના બળને લીધે જ ચાલે છે. અહંકારી બનવું એટલે શેતાનિયતના શિકાર બનવું. જયારે અહમ્ ત્યાગી બનવું એટલે દેવત્ત્વને માર્ગે પ્રસ્થાન કરવું.

ગર્વ કરનાર હંમેશાં પરાજિત થયો છે અને ગર્વ ત્યજનાર હંમેશાં સુખી થયો છે. અહંકાર માણસને અવિચારી, ઉદ્ધત અને હિંસક બનાવે છે. ઈતિહાસે આપણને અનેક ઉદાહરણો આપ્યાં છે. જ્યાં અહંકારને કારણે મહાન સામ્રાજ્ય પણ ધરાશાયી થયાં છે. રાવણ, દુર્યોધન, હિટલર, કંસ અને શિશુપાલ જેવા ત્રાસવાદીઓ અહમ્‌ના ઈશારે ચાલીને જ બરબાદ થઈ ગયા. રાવણ પાસે મહાન શક્તિ હતી, પરંતુ એનો અહંકાર એને વિનાશ તરફ લઈ ગયો. તેવી જ રીતે દુર્યોધનનો અહંકાર એને મહાભારતના યુદ્ધ સુધી લઈ ગયો.

અહંકાર વિહીન માણસ નમ્ર હોય છે આપણી દુનિયા જેવી અન્ય અસંખ્ય દુનિયા હોઈ શકે. વિશ્વના મહાસાગરમાં માણસ તરીકે હું એક નાનકડું બિંદુ છું એવો ખ્યાલ જ માણસને અહંકાર મુક્ત બનાવી શકે. માણસમાં રહેલી લઘુતા એને અહંકાર તરફ દોરી જાય છે. મહાત્મા ગાંધીએ ઉચિત કહ્યું છે કે, હું જે કરી શકું છું તે બીજો પણ કરી શકે છે એમ માનવું જોઈએ....એવું ન માનીએ તો અહંકારી કહેવાઈએ.

અહંકારી મનુષ્ય અભિમાની હોય છે. એને પોતાના કુળ, ધન, જ્ઞાન, રૂપ,પરાક્રમ, દાન શક્તિ અને તપનું અભિમાન હોય છે. વિશ્વામિત્ર એ પણ અભિમાન ત્યજીને વશિષ્ઠની યોગ્યતા આગળ નમતું જોખ્યું હતું. આથી જ તે 'રાજર્ષિ'ને બદલે 'બ્રહ્મર્ષિ' બની શક્યા હતા. અહંકારી માણસ હઠીલો હોય છે. તે પોતાની જીદ છોડવા તૈયાર નથી હોતો. એ માને છે કે હું અહમ્‌ને ત્યજીશ તો મારી ક્ષુદ્રતાનો અને લઘુતાનો લોકોને ખ્યાલ આવી જશે. મારી આબરૂ અને ગૌરવ સમાપ્ત થઈ જશે. એવા ડરથી પણ માણસ પોતાનાં હૃદયમાં અહમ્‌ને વધુ ને વધુ સ્થાન આપવા લલચાય છે.

અહંકાર માણસની દૃષ્ટિને આંધળી બનાવી દે છે. અહંકાર, દયા, સહકાર અને સમજદારીને દૂર કરે છે. અહંકાર ધરાવતો માણસ બીજાની સફળતા પણ સહન કરી શકતો નથી. આવી વ્યક્તિની આજુબાજુથી લોકો પણ દૂર થવા લાગે છે. કારણ કે અહંકાર મિત્રતાને પણ નષ્ટ કરી નાખે છે.

આગેવાની, સફળતા કે શક્તિ મેળવવી ખરાબ વાત નથી, પણ એનો ઉપયોગ હકારાત્મક રીતે ન થાય અને તેને અહંકારનું રૂપ આપી દેવામાં આવે, તો એ પતન તરફ લઈ જાય છે. માનવ માત્ર જેટલો વધારે નમ્રતા અને નમ્ર ભાવ ધારણ કરે છે, તેટલો તે વધુ મજબૂત અને લોકપ્રિય બને છે.

સત્તા અને શક્તિ પચાવવા માટે માણસમાં સંયમ અને વિવેક જોઈએ. વાસુકિ નાગ હજાર ગણી શક્તિ ધરાવે છે, છતાં તે ગર્વ કરતો નથી.જ્યારે ઝેરનું નાનકડું બિંદુ ધારણ કરનાર વીંછી પોતાની પૂંછડી ઊંચી રાખીને ચાલે છે. અધૂરો ઘડો વધુ છલકાય છે. માણસ પોતાના દોષને ઢાંકવા માટે પણ અહંકારનો આધાર લેતો હોય છે. અસલી સોના કરતાં નકલી સોનામાં વધુ ચળકાટ હોય છે.

જીવનમાં સુખ,શાંતિ અને યશ મેળવવા માટે અહંકારનો ત્યાગ કરવો અનિવાર્ય છે. પોતાના ગુણોનો ગર્વ હોવો યોગ્ય છે પણ તેને અહંકારમાં બદલવો ન જોઈએ. સાચો વિજેતા તો એ જ હોય છે જે જીતે પછી પણ નમ્ર રહે છે. ■

# ઑસ્ટ્રેલિયા ૧૦ વર્ષથી લૉર્ડ્સમાં નથી હાર્યું, સાઉથ આફ્રિકા 'ચૉકર્સ'ની છાપ હટાવવા મક્કમ

## આજે 3.00 વાગ્યાથી ડબ્લ્યૂટીસીની ફાઇનલઃ કમિન્સની ટીમને હરાવવી મુશ્કેલ, બવુમાની ટીમ સામે અનેક પડકારો

લૉર્ડ્સઃ આજે લંડનમાં ક્રિકેટના મક્કા ગણાતાં લૉર્ડ્સમાં વર્લ્ડ ટેસ્ટ ચૅમ્પિયનશિપ (ડબ્લ્યૂટીસી)ની ફાઇનલ (ભારતીય સમય મુજબ બપોરે ૩.૦૦ વાગ્યાથી) શરૂ થશે જેમાં ડિફેન્ડિંગ ચૅમ્પિયન ઑસ્ટ્રેલિયા અને પહેલી જ વાર ટેસ્ટના વર્લ્ડ કપની ફાઇનલમાં પહોંચેલા સાઉથ આફ્રિકા વચ્ચે ખરાખરીનો ખેલ થશે. ઑસ્ટ્રેલિયા ૧૦ વર્ષથી લૉર્ડ્સમાં ટેસ્ટ મૅચ નથી હાર્યું. એ રીતે, ઑસ્ટ્રેલિયાને હરાવવું મુશ્કેલ છે. જોકે સાઉથ આફ્રિકાનો રેકૉર્ડ પણ બહુ ખરાબ નથી. ૧૯૯૦ના દાયકામાં રંગભેદની નીતિ ત્યજી દીધી ત્યારથી માંડીને અત્યાર સુધીમાં સાઉથ આફ્રિકા લૉર્ડ્સમાં સાતમાંથી ફક્ત એક ટેસ્ટ હાર્યું છે. સેમિ ફાઇનલ કે ફાઇનલ સુધી પહોંચ્યા બાદ એમાં પરાજિત થવા બદલ 'ચૉકર્સ' તરીકે જાણીતા સાઉથ આફ્રિકાને હવે ડબ્લ્યૂટીસીની ફાઇનલ જીતીને એ છાપ હટાવવી જ છે. જોકે સાઉથ આફ્રિકા સામે પણ પડકારો ઓછા નથી.

ઑસ્ટ્રેલિયા પાસે સતત બે ટાઇટલ જીતનાર પ્રથમ ટીમ બનવાની તક છે, જ્યારે દક્ષિણ આફ્રિકાની ટીમ પહેલી વાર ફાઇનલમાં પહોંચી છે. આ ટુર્નામેન્ટ ૨૦૧૯માં શરૂ થઈ હતી અને ૨૦૨૧માં પ્રથમ ફાઇનલમાં ન્યૂ ઝીલેન્ડે ભારતને હરાવીને ટાઇટલ જીત્યું હતું. ઓસ્ટ્રેલિયાએ ૨૦૨૧-૨૩ ની ફાઇનલમાં ભારતને હરાવ્યું હતું. હવે ડિફેન્ડિંગ ચૅમ્પિયન પાસે બીજી વખત તેને જીતવાની તક છે.

### બન્ને દેશની પ્લેઇંગ-ઈલેવનઃ

**ઑસ્ટ્રેલિયાઃ** પૅટ કમિન્સ (કૅપ્ટન), ઍલેક્સ કૅરી (વિકેટકીપર), ઉસ્માન ખ્વાજા, માર્નસ લબુશેન, કૅમેરન ગ્રીન, સ્ટીવ સ્મિથ, ટ્રેવિસ હેડ, બ્યૂ વેબ્સ્ટર, મિચલ સ્ટાર્ક, નૅથન લાયન અને જૉશ હૅઝલવૂડ.

**સાઉથ આફ્રિકાઃ** ટેમ્બા બવુમા (કૅપ્ટન), રાયન રિકલ્ટન (વિકેટકીપર), એઇડન માર્કરમ, વિઆન મુલ્ડર, ટ્રિસ્ટેન સ્ટબ્સ, ડેવિડ બેડિંગમ, કાઇલ વેરેની, માર્કો યેનસેન, કેશવ મહારાજ, કૅગિસો રબાડા અને લુન્ગી ઍન્ગિડી.

બંને ટીમની જાહેરાત કરી છે અને ટાઇટલ માટે શ્રેષ્ઠ પ્રયાસ કરશે. ઓસ્ટ્રેલિયાનું નેતૃત્વ પેટ કમિન્સ કરશે, જ્યારે દક્ષિણ આફ્રિકાનું નેતૃત્વ ટેમ્બા બાવુમા કરશે.

ઓસ્ટ્રેલિયા એકમાત્ર એવી ટીમ છે જેણે ચારેય આઇસીસી ટ્રોફી (વન-ડે વર્લ્ડ કપ, ચેમ્પિયન્સ ટ્રોફી, ટી-૨૦ વર્લ્ડ કપ અને ડબલ્યૂટીસી) જીતી છે. વૈશ્વિક ટુર્નામેન્ટના ફાઇનલમાં તેમને હરાવવી વધુ મુશ્કેલ છે. ટીમ ૧૩ વખત આઇસીસી ટુર્નામેન્ટની ફાઇનલમાં પહોંચી છે અને તેમાંથી ૧૦ વખત ટાઇટલ જીતવામાં સફળ રહી છે. દક્ષિણ આફ્રિકાની ટીમ મહત્ત્વપૂર્ણ મેચોમાં વિજયની નજીક આવ્યા પછી હારી જવા માટે જાણીતી છે. ટીમે અત્યાર સુધી ફક્ત એક જ આઇસીસી ટુર્નામેન્ટ જીતી છે. ટીમે ૧૯૯૮માં ચેમ્પિયન્સ ટ્રોફી જીતી હતી. આ દક્ષિણ આફ્રિકાની ટીમમાં અનુભવી અને યુવા ખેલાડીઓનું સારું મિશ્રણ છે.



લૉર્ડ્સમાં આઇસીસી દ્વારા ચૅમ્પિયન ટીમને ઇનામમાં અપાનારી ગદા સાથે બન્ને હરીફ ટીમના કૅપ્ટન પૅટ કમિન્સ અને ટેમ્બા બવુમા. (આઇસીસી)

**▶ વરસાદની સંભાવના, રિઝર્વ ડે છે**

પાંચ દિવસની આ ફાઇનલ દરમ્યાન લંડનમાં વરસાદ પડવાની સંભાવના છે. જોકે ૧૧-૧૫ જૂનની આ ટેસ્ટ માટે ૧૬મી જૂનનો રિઝર્વ-ડે રાખવામાં આવ્યો છે કે જેથી આ ફાઇનલનું પરિણામ લાવી શકાય. આ ફાઇનલ ડ્રૉ, ટાઇ થાય કે અનિર્ણીત રહે તો ટ્રોફી શૅર કરી લેવામાં આવે, પણ ખાસ કરીને (ખરાબ હવામાન જેવા કારણસર) મૅચ ડ્રૉમાં જવાની શક્યતા ટાળવા માટે જ રિઝર્વ ડે રાખવામાં આવ્યો છે.

**▶ ચૅમ્પિયન ટીમને ૩૧ કરોડનું ઇનામ**

ડબ્લ્યૂટીસીની ફાઇનલ જીતનારી ટીમ માટે આ વખતે રોકડ ઇનામ બમણું કરવામાં આવ્યું છે. ઑસ્ટ્રેલિયા અને સાઉથ આફ્રિકા, બેમાંથી જે ટીમ ચૅમ્પિયન બનશે એને ૩૬ લાખ ડૉલર (અંદાજે ૩૧ કરોડ રૂપિયા)નું પ્રથમ ઇનામ મળશે. આ ઇનામ ગઈ બે સીઝનની સરખામણીમાં બમણું કરવામાં આવ્યું છે. રનર-અપ ટીમને ૨૧ લાખ ડૉલર (આશરે ૧૮ કરોડ રૂપિયા)નું ઇનામ આપવામાં આવશે. ૨૦૨૧માં અને ૨૦૨૩માં ભારત રનર-અપ થયું (બન્ને વખતે) ભારતને અંદાજે સાત કરોડ રૂપિયાનું બીજું ઇનામ મળ્યું હતું.

**▶ કયા બૉલથી ફાઇનલ રમાશે?**

વેસ્ટ ઇન્ડિઝ ઉપરાંત ઇંગ્લૅન્ડમાં પણ ડ્યૂક્સ બૉલથી જ ટેસ્ટ મૅચ રમાતી હોય છે એટલે આ ફાઇનલ પણ ડ્યૂક્સથી જ રમાશે. જોકે ઉલ્લેખનીય છે કે ઑસ્ટ્રેલિયા અને સાઉથ આફ્રિકા, બન્નેના ટેસ્ટ ખેલાડીઓને ઘરઆંગણે માત્ર કૂકાબુરા બૉલથી જ રમવાની આદત છે. લૉર્ડ્સમાં તેમણે ડ્યૂક્સ બૉલથી રમવું પડશે. ■

# આરસીબીનો ઇક્વિટી હિસ્સો વેચાવાની અટકળો વચ્ચે માલિકોએ ખુલાસો કર્યો કે...

**▶ માલિકી-હિસ્સો વેચાશે એવી અફવા પાછળનું કારણ પણ જાણવા જેવું**

**▶ ટીમ પર એક વર્ષના સંભવિત પ્રતિબંધની પણ અટકળ ચાલી છે**

બેંગલૂરુઃ રૉયલ ચૅલેન્જર્સ બેંગલૂરુ (આરસીબી)ની માલિકી ધરાવતી યુનાઇટેડ સ્પિરિટ્સ લિમિટેડ (યુએસએલ)એ ખુલાસો કર્યો છે કે તેઓ આઇપીએલના આ ફ્રૅન્ચાઇઝીમાં પોતાનો જે ઇક્વિટી હિસ્સો છે એ નથી વેચવાના કે આરસીબી ટીમ પણ નથી વેચાવાની. યુએસએલની માલિકી ઇંગ્લૅન્ડની ડિયાજીઓ પીએલસી નામની કંપની પાસે છે.

ત્રીજી જૂને અમદાવાદમાં ૧૮મી આઇપીએલની ફાઇનલમાં પંજાબ કિંગ્સ સામે આરસીબીનો વિજય થયો હતો. આરસીબીએ પહેલી જ વખત આઇપીએલનું ટાઇટલ જીતી લીધું અને એની બેંગલૂરુમાં બીજા દિવસે (ચોથી જૂને) ઉજવણી દરમ્યાન એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમની નજીક જમા થયેલા ત્રણ લાખ જેટલા ક્રિકેટપ્રેમીઓમાં નાસભાગ તથા ધક્કામુક્કીની જે જીવલેણ ઘટના બની એને પગલે આરસીબીનું નામ ચર્ચાસ્પદ થયું છે. એ દુર્ઘટનામાં ૩૦થી ઓછી ઉંમરના કુલ ૧૧ જણનાં મૃત્યુ થયાં હતાં અને અનેક લોકોને ઈજા થઈ હતી.

ખેલકૂદની ઇવેન્ટ દરમ્યાન આરસીબીના આલ્કોહૉલ આધારિત પીણાંને લગતા સૉફ્ટ ઍડવર્ટાઇઝિંગ પર ભારતીય આરોગ્ય વિભાગ નિયંત્રણો મૂકશે એવી સંભાવના હોવાના અહેવાલો વચ્ચે આરસીબીના ઇક્વિટી હિસ્સાના વેચાણની વાતો ઊડી હતી.

યુએસએલના કંપની સેક્રેટરી મિત્તલ સંઘવીએ એક પત્રમાં એવું કહ્યું હોવાનું એક વેબસાઇટ પર જણાવાયું હતું કે 'આરસીબી વિશે ફેલાયેલી અટકળ માત્ર અફવા જ છે અને કંપનીની મીટિંગમાં આરસીબીના ઇક્વિટી હિસ્સાના વેચાણ વિશે કોઈ જ ચર્ચા નથી થઈ.'

અમુક અહેવાલોમાં એવી અટકળ પણ કરવામાં આવી હતી કે આરસીબીના માલિકો આ ટીમનો ઇક્વિટી હિસ્સો બે અબજ યુએસ ડૉલર (અંદાજે ૧૭૧.૧૨ અબજ રૂપિયા)માં વેચવા વિચારે છે.

દરમ્યાન આરસીબીની ટીમ પર ૨૦૨૬ની આઇપીએલથી પ્રતિબંધ મૂકાશે એવી અફવા પણ બે દિવસથી ઊડી છે. અમુક અહેવાલ મુજબ આરસીબી પર બીસીસીઆઇ એક વર્ષનો બૅન મુકશે એવી પણ અટકળ થઈ છે. ■

# પંતે ફટકારી સિક્સર ને સ્ટેડિયમના છાપરાંમાં પડ્યું બાકોરું

**▶ આઈપીએલના ફ્લૉપ શૉ બાદ રિષભ ફરી ફૉર્મમાંઃ ૨૦મીથી પ્રથમ ટેસ્ટ**

લીડ્સઃ પાંચ ટેસ્ટ રમવા માટે શુભમન ગિલના સુકાનમાં ઇંગ્લૅન્ડના પ્રવાસે આવેલી ભારતીય ટીમનો વાઇસ કૅપ્ટન અને વિકેટકીપર-બૅટ્સમૅન રિષભ પંત આઇપીએલના ફ્લૉપ-શૉ બાદ હવે ટેસ્ટ-શ્રેણી માટે જરૂરી ફૉર્મ પાછું મેળવી રહ્યો છે અને એનો એક તાજો પુરાવો તેણે સોમવારે પ્રૅક્ટિસ દરમ્યાન આપ્યો હતો. તેના એક શૉટમાં બૉલ સ્ટેડિયમના છાપરાંને વાગ્યો હતો અને છાપરાંમાં બાકોરું પડી ગયું હતું.

ભારત-ઇંગ્લૅન્ડની પ્રથમ ટેસ્ટ ૨૦મી જૂને શરૂ થશે. નેટ-પ્રૅક્ટિસમાં સ્પિનર વૉશિંગ્ટન સુંદરના એક બૉલમાં રિષભ પંતે તાકાતથી એવો ફટકો માર્યો હતો કે તેના એ શૉટને સિક્સર તો ગણવામાં આવી જ હતી, એ શૉટમાં બૉલ છાપરાંને વાગતાં મજબૂત નળિયું તૂટી ગયું હતું.

રિષભ પંતના આ શૉટથી બેન સ્ટૉક્સના સુકાનમાં ભારત સામે રમનારી ઇંગ્લૅન્ડની ટીમને સંકેત મળી જ ગયો હશે કે પંત આવનારી સિરીઝમાં કેવી ફટકાબાજી કરી શકે.

ભારતીય ક્રિકેટ ટીમના ઇન્સ્ટાગ્રામ હૅન્ડલ પર ખેલાડીઓની પ્રૅક્ટિસનો વીડિયો પોસ્ટ કરવામાં આવ્યો હતો.

સોમવારે ખાસ કરીને ગિલ, પંત, બુમરાહ, સિરાજ અને જાડેજાએ પ્રૅક્ટિસ કરી હતી. હેડ-કોચ ગૌતમ ગંભીર અને કોચિંગ-સ્ટાફના અન્ય સભ્યો ખેલાડીઓને માર્ગદર્શન આપી રહેલા જોવા મળ્યા હતા. ■

# વેસ્ટ ઈન્ડિઝના ટોચના બૅટ્સમૅન નિકોલસ પૂરને અચાનક લઈ લીધી નિવૃત્તિ

કિંગસ્ટનઃ વેસ્ટ ઈન્ડિઝના ૨૯ વર્ષની ઉંમરના ભૂતપૂર્વ કેપ્ટન અને તાજેતરની આઈપીએલમાં લખનઊ સુપર જાયન્ટ્સ (એલએસજી) વતી સેકન્ડ હાઈએસ્ટ ૫૨૪ રન બનાવનાર નિકોલસ પૂરને આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી ઓચિંતી નિવૃત્તિ જાહેર કરી દીધી છે. તે ટી-૨૦ લીગ ટૂર્નામેન્ટોમાં રમતો રહેશે. ટી-૨૦ ઇન્ટરનૅશનલમાં પૂરને ૨,૨૭૫ રન કર્યા જે વેસ્ટ ઇન્ડિઝના તમામ બૅટ્સમેનોમાં હાઈએસ્ટ છે. ક્રિસ ગેઇલ ૧,૮૯૯ રન સાથે બીજા નંબરે છે. વેસ્ટ ઇન્ડિઝ વતી પૂરન ૧૦૬ ટી ૨૦ રમ્યો જે તમામ કેરિબિયન બૅટ્સમેનોમાં સૌથી વધુ છે.

**▶ કૅરિબિયન સત્તાધીશોની યોજના ખોરવી નાખી**

૨૦૨૬ના ટી-૨૦ વર્લ્ડ કપ માટેના પ્લાનમાં વેસ્ટ ઈન્ડિઝના ક્રિકેટ સત્તાધીશો પૂરન પાસે મહત્ત્વની ભૂમિકાની આશા રાખતા હતા ત્યાં જ તેણે નિવૃત્તિ જાહેર કરી દીધી.

પૂરનને એક પણ ટેસ્ટ નહોતી રમવા મળી. જોકે ટી-૨૦ લીગ ટૂર્નામેન્ટના આગમન બાદ નવી પેઢીના ઘણા કૅરિબિયન ખેલાડીઓ ટેસ્ટ ક્રિકેટ રમવામાં માનતા પણ નથી. પૂરન વેસ્ટ ઇન્ડિઝ વતી માત્ર વન-ડે અને ટી-૨૦ ફૉર્મેટમાં રમ્યો હતો. આ બંને ફૉર્મેટમાં થોડા સમય માટે તે વેસ્ટ ઇન્ડિઝનો સુકાની બન્યો હતો.




**▶ આઈપીએલ-૨૦૨૫માં ૫૨૪ રન કર્યા**

તાજેતરની આઈપીએલમાં લખનઊની ટીમ વતી સૌથી વધુ ૬૨૭ રન બનાવનાર મિચલ માર્શ પછી બીજા નંબરે નિકોલસ પૂરનનું નામ હતું. તેણે ૧૪ મૅચમાં ૫૨૪ રન બનાવ્યા હતા. તેણે ૬૧ વન-ડેમાં ૧,૯૮૩ રન અને ૧૦૬ ટી-૨૦માં ૨,૨૭૫ રન કર્યા હતા.

પૂરન તાજેતરમાં ઇંગ્લૅન્ડ સામેની ટી-૨૦ સિરીઝમાં પોતે જ નહોતો રમ્યો ત્યારે ઘણાને નવાઈ લાગી હતી. ૨૦૨૩ના વન-ડે વર્લ્ડ કપના ક્વૉલિફાઇંગ રાઉન્ડમાંથી વેસ્ટ ઇન્ડિઝની બાદબાકી થઈ ત્યાર પછી પૂરન વન-ડેમાં પણ નથી જોવા મળ્યો. ગયા વર્ષે નવેમ્બરમાં પૂરન ૧૦૦મી ટી-૨૦ ઇન્ટરનેશનલ મૅચ રમ્યો ત્યારે તેણે કહ્યું હતું કે તે હજી બીજી ૧૦૦ ટી-૨૦ આંતરરાષ્ટ્રીય મૅચ રમી શકે એમ છે. જોકે હવે અચાનક નિવૃત્તિ જાહેર કરીને તેણે ચાહકોને વિચારતા કરી દીધા છે.

**▶ ચાહકોનો આભાર માન્યો**

નિકોલસ પૂરને સોશિયલ મીડિયા પરની જાહેરાતમાં લખ્યું છે કે મેં ઘણો લાંબો વિચાર કર્યા પછી આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્ત થવાનો નિર્ણય લીધો. વેસ્ટ ઈન્ડિઝ વતી રમવાનું મને ગૌરવ મળ્યું એ પણ હું સદા યાદ રાખીશ. મરૂન કલરના ડ્રેસમાં સજ્જ થઈને ગ્રાઉન્ડ પર ઊતરીને વેસ્ટ ઈન્ડિઝના રાષ્ટ્ર ગીતમાં ભાગ લેવાનું તેમ જ વેસ્ટ ઈન્ડિઝ ટીમની કેપ્ટન્સી સંભાળવાનું મને જે ગૌરવ મળ્યું એ હું શબ્દોમાં વ્યક્ત નથી કરી શકતો. મારા અસંખ્ય ચાહકોનો આભાર માનું છું.'

**▶ હાઈએસ્ટ સિક્સરનો રેકૉર્ડ**

પૂરને ૨૦૧૬માં યુએઈમાં પાકિસ્તાન સામે રમીને વેસ્ટ ઇન્ડિઝ વતી ડેબ્યૂ કર્યું હતું. પૂરન માટે ૨૦૨૪નું વર્ષ સર્વશ્રેષ્ઠ સાબિત થયું હતું. તેણે ત્યારે એક કૅલેન્ડર યરમાં સૌથી વધુ ૧૭૦ સિક્સર ફટકારવાનો વિક્રમ નોંધાવ્યો હતો. ■

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ **funworld1822@gmail.com** પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

અંગ્રેજી - ગુજરાતી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| HERD | વારસ |
| HEARD | વાળ |
| HAIR | સસલું |
| HEIR | સાંભળ્યું |
| HARE | ધણ |

### ઓળખાણ પડી?

૧૯૬૦ના દાયકામાં વેસ્ટ ઈન્ડિઝના ઝંઝાવાતી ફાસ્ટ બોલરો સામે ટેસ્ટની બે ઈનિંગ્સમાં સેન્ચુરી અને ૯૬ રન ફટકારનાર ભારતીય ક્રિકેટરની ઓળખાણ પડી?



અ) ઉમરીગર બ) હઝારે ક) બૉર્ડે ડ) ફડકર

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ મ | ૨ હા | ૩ વિ | ઘા | ૪ લ | ય | | ૫ મ | ૬ ૨ | ૭ મી |
| ૮ દો | ૨ | વા | | ઘ | | ૯ પ્ર | | ૧૦ હ | ટ |
| ન્મ | | ૧૧ દી | ૧૨ ક | રો | | ૧૩ યો | ૧૪ જ | ન | |
| ત્ત | | ૧૫ ત | મા | | ૧૬ લ | ગ | ન | | ૧૭ ઉ |
| | ૧૮ ના | | ણી | | ૧૯ ક | શી | ક | | પ |
| ૨૦ પ | ગા | ૨૧ ૨ | | ૨૨ ક | વા | લ | | ૨૩ ઉ | ૨ |
| ક | | ૨૪ સ | ર્વ | થા | | | ૨૫ પ | ણ | છ |
| ૨૬ ડ | ખો | | | ૨૭ કા | ૨ | ૨૮ જ | | ૨૯ પ | લ્લું |
| દા | | ૩૦ વા | ૩૧ ન | ૨ | | ૩૨ ઘ | ૩૩ ૨ | | |
| ૩૪ વ | સ | વ | સો | | ૩૫ અ | ન્ય | મ | ન | સ્ક |

### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | | | ૩ | ૪ | ૫ | | |
| ૬ | | | | ૭ | | ૮ | | | ૯ |
| | | ૧૦ | | | | | | ૧૧ | |
| ૧૨ | ૧૩ | | | | | ૧૪ | ૧૫ | | |
| | | | ૧૬ | | ૧૭ | | ૧૮ | | |
| ૧૯ | | ૨૦ | | | ૨૧ | ૨૨ | | | |
| | | | | ૨૩ | | | | ૨૪ | |
| | | | | | | | ૨૫ | | |
| ૨૬ | ૨૭ | | ૨૮ | | ૨૯ | | ૩૦ | | ૩૦અ |
| | ૩૧ | | | | ૩૨ | | | | |

**આડી ચાવી**

૧. --- કરવું એટલે બક્ષવું (૪)
૩. પૃથકતા, ભિન્નતા (૪)
૬. --- જવું એટલે થોભી જવું (૨)
૮. ફૂલ ઝાડનું ખેતર (૨)
૧૦. બાળક જેવું (૫)
૧૧. ખૂબ, ઘણો (૨)
૧૨. કુદરતી, સ્વાભાવિક, સહેલું (૩)
૧૪. મોંઘવારીમાં મધ્યમવર્ગનો --- થાય (૨)
૧૬. રીંગણ (૩)
૧૮. કમી, ખોટ (૩)
૧૯. રોકનારું (૪)
૨૧. ગરીબ, બિચારી (૩)
૨૩. ચકચકતી, ચોખ્ખી, સફેદ (૩) જો.છૂ
૨૪. ભૂલ, ઠોકર, નુકસાન (૨)
૨૫. ---મટીને શિવ બને (૨)
૨૬. ગંજીફો, રમવાનાં પાનાંનો જથ્થો (૨)
૨૮. આઠનો સમૂહ (૩)
૩૦. જાડાપણાનું માપ (૩)
૩૧. હકીકત (૩)
૩૨. સાથે જીવવું તે (૫)

**ઊભી ચાવી**

૧. સંપ, દોસ્તી (૪)
૨. જાણીતી, પ્રખ્યાત (૨)
૪. સામયિક માટેની ફી (૪)
૫. યાતાયાત માટે વપરાતું સાધન (૨)
૭. ખુશી, આનંદ, સંતુષ્ટી (૪)
૯. અસામાન્યતા (૬)
૧૦. એક શિકારી પક્ષી (૨)
૧૩. --- વર્ષ જૂની સનાતન સંસ્કૃતિ છે (૩)
૧૫. નગદ મજૂરી (૩)
૧૬. વાંકી (૨)
૧૭. 'કરાંજવું'નું આજ્ઞાર્થ (૩)
૧૯. હાર, સફળ ના થવું તે (૪)
૨૦. બાફ, ઝંખના (૩)
૨૨. ફણગો (૨)
૨૩. શ્રેષ્ઠ (૩)
૨૪. ખવડાવવુંનું આજ્ઞાર્થ (૪)
૨૫. બનેવી (૩)
૨૭. એક અને પા (૨)
૨૮. હવે (૨)
૨૯. સાર, માલ, સત્વ (૨)
૩૦અ. ---મીન ને તીન એટલે જૂજ (૨)

### ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'આવ્યા કરો છો યાદ અનાયાસ' પંક્તિમાં અનાયાસ શબ્દનો અર્થ જણાવો.

અ) અનુભવથી બ) સરળતાથી ક) મહેકથી ડ) મુશ્કેલીથી

### માતૃભાષાની મહેક

કમળ સદા પાણીમાં રહેવા છતાં ફૂલ પાણીથી અલગ રહે છે. ગમે તેવો સખત વરસાદ વરસે છતાં આ ફૂલ ડૂબી ન જતાં પાણીની સપાટી ઉપરનું પોતાનું અંતર જાળવી રાખે છે. કમળના આ સ્વભાવને શાસ્ત્રમાં બહુ મહત્ત્વ અપાયું છે. સંસારમાં રહીને સંસાર વ્યાપાર કર્મબંધનથી અલિપ્ત કહેવાનું શિક્ષણ આ પુષ્પ આપે છે.

### સુડોકુ-૯૦૧૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૮ | | | | | ૪ | | |
| ૧ | | | ૮ | | ૯ | | | ૩ |
| ૪ | ૯ | | | | | ૮ | ૫ | ૧ |
| ૩ | | | | ૧ | | | | |
| | ૧ | | ૯ | | ૫ | | ૬ | |
| | | | | ૩ | | | | ૪ |
| ૨ | ૬ | ૧ | | | | | ૭ | ૫ |
| ૫ | | | ૭ | | ૨ | | | ૬ |
| | | ૭ | | | | | ૩ | ૮ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૯૦૧૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૧ | ૮ | ૨ | ૫ | ૭ | ૪ | ૩ | ૯ |
| ૭ | ૨ | ૫ | ૩ | ૪ | ૯ | ૬ | ૧ | ૮ |
| ૯ | ૪ | ૩ | ૮ | ૬ | ૧ | ૨ | ૫ | ૭ |
| ૩ | ૭ | ૯ | ૧ | ૨ | ૮ | ૫ | ૪ | ૬ |
| ૨ | ૫ | ૪ | ૬ | ૯ | ૩ | ૭ | ૮ | ૧ |
| ૧ | ૮ | ૬ | ૪ | ૭ | ૫ | ૯ | ૨ | ૩ |
| ૫ | ૬ | ૧ | ૭ | ૩ | ૪ | ૮ | ૯ | ૨ |
| ૪ | ૩ | ૨ | ૯ | ૮ | ૬ | ૧ | ૭ | ૫ |
| ૮ | ૯ | ૭ | ૫ | ૧ | ૨ | ૩ | ૬ | ૪ |

### ગુજરાત મોરી મોરી રે

જેનું અન્ન ખાધું એને જ દગો આપવો એ ભાવાર્થની કહેવતના શબ્દો આડાઅવળા થઈ ગયા છે જે યોગ્ય રીતે ગોઠવી કહેવત જણાવો.

ગાવાં ધણીનું ધાન વીરાના ખાવું ગીત

### ઈર્શાદ

*જિંદગી જીવવાની ફિલસૂફી સમજી લીધી,*
*જે ખુશી આવી જીવનમાં, આખરી સમજી લીધી.*

- મરીઝ

### માઈન્ડ ગેમ

ઈશાન ભારતનાં કયાં શહેરમાં ચાના વિવિધ બગીચા હોવાથી એ શહેર 'ટી કેપિટલ ઓફ ધ વર્લ્ડ' તરીકે ઓળખ ધરાવે છે?

અ) શિલોન્ગ બ) ગેંગટોક
ક) ઈટાનગર ડ) જોરહાટ

### ગયા બુધવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| GAP | બાકોરું |
| LAP | ખોળો |
| NAP | ઝોકું |
| RAP | ટકોરો |
| TAP | નળ |

ગુજરાત મોરી મોરી રે
સોનીની સાંજ ને મોચીનું વહાણું

ઓળખાણ પડી?
સ્પોફોર્થ

માઈન્ડ ગેમ
ફિરોઝાબાદ

ચતુર આપો જવાબ
અર્થ જણાવો
ચાલાક

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) સુભાષ મોમાયા (૨) કિશોરકુમાર જીવણદાસ વેદ (૩) ભારતી બુચ (૪) ભારતી પ્રકાશ કટકિયા (૫) નીતા દેસાઈ (૬) રશીક જુથાણી ટોરંટો - કેનેડા (૭) ખુશરૂ કાપડિયા (૮) નૂતન વિપીન શાહ (૯) લજિતા ખોના (૧૦) પુષ્પા પટેલ (૧૧) શ્રદ્ધા આશર (૧૨) જ્યોતિ ખાંડવાલા (૧૩) મીનળ કાપડિયા (૧૪) મહેશ દોશી (૧૫) નિખિલ બંગાળી (૧૬) તાહેર ઔરંગાબાદવાલા (૧૭) શીરીન ઔરંગાબાદવાલા (૧૮) અબ્દુલ્લા એફ. મુનીમ (૧૯) અમીશી બંગાળી (૨૦) પ્રવીણ વોરા (૨૧) મુલરાજ કપૂર (૨૨) મહેશ એન. સંઘવી (૨૩) મનીષા શેઠ (૨૪) ફાલ્ગુની શેઠ (૨૫) ભાવના કર્વે (૨૬) અંબરીષ ઓઝા (૨૭) અરવિંદ કામદાર (૨૮) જગદીશ ઠક્કર (૨૯) અલકા વાણી (૩૦) દેવેન્દ્ર સંપટ (૩૧) વિણા સંપટ (૩૨) દીપીકા દોશી (૩૩) જ્યોત્સના ગાંધી (૩૪) ઈનાક્ષી દલાલ (૩૫) હિના દલાલ (૩૬) રમેશ દલાલ (૩૭) ડાયના સંતોકે (૩૮) નિતિન જયંતીલાલ બજરિયા (૩૯) પુષ્પા ખોના (૪૦) કિશોર બી. સંઘરાજકા (૪૧) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૨) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૪૩) નયના ગિરીશ મિસ્ત્રી (૪૪) ધીરેન ઉદેશી (૪૫) ગીતા ઉદેશી (૪૬) પ્રતિમા પમાણી (૪૭) ડૉ. પ્રકાશ કટકિયા (૪૮) હેમા હરીશ ભટ્ટ

# ગુજરાતનાં ૨૦૭ જળાશયમાં ૪૪ ટકાથી વધુ જળ સંગ્રહ, સરદાર સરોવર ડેમમાં ૫૩ ટકાથી વધુ પાણીનો જથ્થો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં આગામી દિવસોમાં ચોમાસાનું આગમન થવા જઈ રહ્યું છે, જો કે રાજ્યનાં મોટાં જળાશયોમાં પાણીનો જથ્થો પૂરતો હોવાથી સરકાર સહિત સામાન્ય લોકોએ પણ રાહતનો શ્વાસ લીધો છે. ગત વર્ષે થયેલા સાર્વત્રિક અને પૂરતા વરસાદના પરિણામે, હાલની સ્થિતિએ સરદાર સરોવર સહિત રાજ્યનાં કુલ ૨૦૭ જળાશયમાં તેમની કુલ સંગ્રહ શક્તિના ૪૪.૧૮ ટકા જળસંગ્રહ ઉપલબ્ધ છે. ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવરમાં કુલ સંગ્રહશક્તિના ૫૩.૦૪ ટકા પાણીનો જથ્થો ઉપલબ્ધ છે, જેમાંથી આગામી સમયમાં નાગરિકોને જરૂરી પાણી પૂરું પાડવામાં આવશે.

જળ સંપત્તિ વિભાગ, ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે કે, ગત વર્ષે આ જ સમયે, એટલે કે ૧૦ જૂન ૨૦૨૪ની સ્થિતિએ રાજ્યનાં ૨૦૭ જળાશયમાં ૪૦.૮૧ ટકા જળસંગ્રહ હતો. આ વર્ષે પાણીનો જથ્થો વધુ હોવાથી ચોમાસા પહેલાની સ્થિતિ ઘણી સુખદ છે. પ્રદેશવાર જળસંગ્રહની વિગતો જોઈએ તો, મધ્ય ગુજરાતનાં ૧૭ જળાશયમાં સૌથી વધુ ૪૪.૦૮ ટકા જળસંગ્રહ જોવા મળ્યો છે. દક્ષિણ ગુજરાતનાં ૧૩ જળાશયમાં ૪૩.૨૫ ટકા, ઉત્તર ગુજરાતનાં ૧૫ જળાશયમાં ૨૯.૩૮ ટકા, સૌરાષ્ટ્રનાં ૧૪૧ જળાશયમાં ૨૮.૧૦ ટકા અને કચ્છના ૨૦ જળાશયમાં ૨૭.૫૭ ટકાથી વધુ પાણીનો જથ્થો છે. રાજ્યનાં કેટલાંક જળાશયમાં નોંધપાત્ર પ્રમાણમાં પાણીનો જથ્થો સંગ્રહાયેલો છે. સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલા ધોળીધજા અને મોરબીના મચ્છુ-૩ જળાશયમાં હાલ ૯૧ ટકાથી વધુ પાણી ઉપલબ્ધ છે. જ્યારે કચ્છના કાલાઘોઘા જળાશયમાં ૮૨ ટકાથી વધુ, રાજકોટના ભાદર-૨માં ૭૭ ટકાથી વધુ, છોટાઉદેપુરના સુખી જળાશયમાં ૭૪ ટકાથી વધુ તેમજ રાજકોટના આજી-૨માં ૭૩ ટકાથી વધુ પાણીનો જથ્થો સંગ્રહાયેલો છે.

જ્યારે સમગ્ર રાજ્યનાં ૦૬ જળાશય ૭૦ થી ૧૦૦ ટકા ભરાયેલાં છે, ૨૦ જળાશય ૫૦ થી ૭૦ ટકા વચ્ચે ભરાયેલાં છે, અને ૭૧ જળાશયો ૨૫થી ૫૦ ટકા વચ્ચે ભરેલાં છે. આ સંતોષકારક જળસંગ્રહના પરિણામે ઉનાળા દરમિયાન પણ રાજ્યના ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં નાગરિકોની જરૂરિયાત મુજબ પૂરતા પ્રમાણમાં પાણી પૂરું પાડવામાં આવ્યું છે. ■

# ચોમાસા અંગે હવામાન વિભાગની આગાહી, ૧૫મી જૂન બાદ વરસાદી સિસ્ટમ સક્રિય થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં અમીવર્ષાની લોકો કાગડોળે રાહ જોઈ રહ્યા છે, ત્યારે ચોમાસા અંગે સારા સમાચાર આવ્યા હતા. હવામાન વિભાગના અમદાવાદ કેન્દ્રના મોસમ વૈજ્ઞાનિક પ્રદીપ શર્માએ ગુજરાતના હવામાન અંગે આગાહી કરી હતી કે, જેમાં તેમણે જણાવ્યું હતું કે, ગુજરાતમાં હાલ પશ્ચિમના પવનો ફૂંકાઈ રહ્યા છે આ સાથે જ ભેજની સ્થિતિ પણ છવાયેલી છે જેના કારણે આગામી સાત દિવસ વરસાદ પડવાની શક્યતા છે.

ચોમાસું ૧૫ જૂન બાદ સક્રિય થઈ શકે છે. છેલ્લા ૧૪ દિવસથી ચોમાસું અટકી ગયું છે, જ્યારે ચોમાસાને આગળ વધવા માટે અનુકૂળ સ્થિતિ છે. ચોમાસું ૧૪ જૂન આસપાસ મધ્ય ભારતમાં બેસી શકે છે.

પ્રદીપ શર્માએ ગુજરાતના હવામાન અંગે વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાતમાં હાલ પશ્ચિમના પવનો ફૂંકાઈ રહ્યા છે આ સાથે ભેજની સ્થિતિ પણ છવાયેલી છે જેના કારણે આગામી સાત દિવસ વરસાદ પડવાની સંભાવના છે, જ્યારે તાપમાનમાં આગામી સાત દિવસ કોઈ મોટો ફેરફાર થવાની શક્યતા નથી. ચોમાસા અંગે જણાવ્યું હતું કે, દક્ષિણ ગુજરાતમાં આવતા સપ્તાહ સુધી હવામાન ચોમાસું બેસી જાય તેવા સંકેત છે.

હવામાન વિભાગના વેધર મેપ પ્રમાણે, ૧૦, ૧૧ અને ૧૨મી જૂને અમરેલી, ભાવનગર, ગીરસોમનાથ, દીવ, તાપી, ડાંગ, નવસારી, વલસાડ, દમણ અને દાદરાનગર હવેલીમાં છૂટાછવાયાં સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી આપવામાં આવી છે. ■

# ગુજરાતની ૪,૫૬૪ ગ્રામ પંચાયતોમાં સરપંચની ચૂંટણી માટે ૧૭,૭૨૮ ફોર્મ ભરાયાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં આગામી ૨૨મી જૂનના રોજ ગ્રામ પંચાયતની ચૂંટણી યોજાવાની છે, ત્યારે રાજ્યના ૩૩ જિલ્લામાં ૮,૦૦૦થી વધુ ગ્રામ પંચાયતોની ચૂંટણી માટે ઉમેદવારી પત્ર ભરવાનો અંતિમ દિવસ નવ જૂન સોમવાર હતો. ગ્રામ પંચાયતની ચૂંટણીમાં સરપંચ અને સભ્ય માટે ઉમેદવારી ફોર્મ ભરવાનો અંતિમ દિવસ હોવાથી રાજયની તાલુકા પંચાયતોમાં ફોર્મ સ્વિકારની કામગીરીમાં ધસારો રહ્યો હતો.

૧૧ જૂને બુધવારે ઉમેદવારી ફોર્મ પરત ખેંચવાનો અંતિમ દિવસ છે. મળતી વિગત મુજબ ગ્રામ પંચાયતીની ચૂંટણીમાં સરપંચ માટે ૧૭,૭૨૮ ફોર્મ ભરાયાં હતાં. કુલ ૪,૫૬૪ ગ્રામ પંચાયતોમાં સરપંચની ચૂંટણી માટે ૧૭,૭૨૮ ફોર્મ ભરાયાં હતાં. જેમાં સૌથી વધુ બનાસકાંઠાની ગ્રામ પંચાયતોમાં ફોર્મ ભરાયાં હતાં.

ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણીમાં સભ્યો માટે ૬૪,૭૧૪ ફોર્મ ભરાયાં હતાં. બનાસકાંઠાની ૩૮૫ ગ્રામ પંચાયતમાં સરપંચ માટે ૧,૮૪૦ ફોર્મ ભરાયાં હતાં. આ ઉપરાંત રાજ્યની ૩,૫૨૬ ગ્રામ પંચાયતોની પેટાચૂંટણીમાં સરપંચ માટે ૯૭૧ ફોર્મ ભરાયાં હતાં. જ્યારે સભ્ય માટે ૧,૯૪૯ ફોર્મ ભરાયાં હતાં.

ગુજરાતમાં ચૂંટણી પહેલા અનેક ગ્રામ પંચાયતો સમરસ બની છે. જ્યારે મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાની ગોવિંદપુરા જૂથ ગ્રામ પંચાયતમાં ચૂંટણીનો બહિષ્કાર કરવામાં આવ્યો છે. આઠ ગામના લોકોએ મામલતદારને આવેદનપત્ર આપીને ચૂંટણીનો બહિષ્કાર કર્યો છે. જૂથ પંચાયત અને નગરપાલિકાને મર્જ કરવાના નિર્ણયનો વિવાદ થતાં આઠ ગામના લોકોએ ચૂંટણીમાં સરપંચ અને સભ્યોનો બહિષ્કાર કરી ચૂંટણીનો આડકતરો વિરોધ કર્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, પાંચ હજાર ૧૧૫ સરપંચોની બેઠક માટે મતદાન થશે. ૪૪ હજાર ૮૫૦ વોર્ડ, ૧૬ હજાર ૫૦૦ મતદાન મથકો સજ્જ કરાયાં છે. ૨૮ હજાર ૩૦૦ જેટલી મતપેટીઓ છે, એક કરોડ ૩૦ લાખથી વધુ મતદારો મતાધિકારનો ઉપયોગ કરશે. ૨૭ ટકા ઓબીસી અનામત લાગુ થયા બાદ પ્રથમવાર પંચાયતની ચૂંટણી યોજાઇ રહી છે. ■

# અમદાવાદમાં આજે ભગવાન જગન્નાથજીની જળયાત્રા યોજાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં ૨૭ જૂનના રોજ ભગવાન જગન્નાથની ૧૪૮મી રથયાત્રા નીકળવાની છે. આ પૂર્વે ૧૧ જૂને જળયાત્રા યોજાશે. આ જળયાત્રા સવારે ૮ વાગ્યે હાથી, બેન્ડવાજા, ધજા પતાકા, ભજન મંડળી સાથેની શોભાયાત્રા મંદિરની પાછળથી સાબરમતી નદીના સોમનાથ ભુદરના આરે પહોંચશે અને નદી કિનારે ગંગા પૂજનની વિધિ કરવામાં આવશે. આ દરમિયાન રાજ્યના ગૃહ પ્રધાન, મેયર સહિત ધારાસભ્યો ઉપસ્થિત રહેશે, જે માટેની તૈયારીઓ મંદિર પરિસરમાં પૂરજોશમાં ચાલી રહી છે.

જેમાં સાબરમતી નદી કિનારે સોમનાથ ભૂદરના આરેથી ગંગા પૂજનની વિધિ પૂર્ણ થયા બાદ મહંતોની હાજરીમાં ૧૦૮ કળશમાં નદીના જળ ભરીને મંદિરે લાવવામાં આવશે, જ્યારે ભગવાનનો ભવ્ય જળાભિષેક કર્યા બાદ ભગવાનને ગજવેશ પહેરવામાં આવશે, જયારે તેની બાદ ભગવાન જગન્નાથ, બલરામ અને બહેન સુભદ્રાજી ત્રણેય મામાને ઘરે જશે.

ભગવાન જગન્નાથ જમાલપુર નિજ મંદિરથી સરસપુરના રણછોડરાય મંદિરમાં રહે છે. આ દરમિયાન ૧૧ જૂનથી ૧૫ દિવસ સુધી સરસપુરના રણછોડરાય મંદિર ખાતે વિવિધ ભજન મંડળીઓ દ્વારા કાર્યક્રમ યોજાય છે, જેમાં મોટી સંખ્યામાં આસપાસના સ્થાનિકો ભાગ લેતા હોય છે.

આ ઉપરાંત મંદિરમાં આ રથયાત્રાને પગલે તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે, જેમાં ભગવાન જગન્નાથ, બલરામ અને બહેન સુભદ્રાજીના ત્રણેય રથના કલરની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. અમદાવાદમાં યોજાતી રથયાત્રામાં મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહે છે. તેમ જ ભારે પોલીસ બંદોબસ્ત પણ ગોઠવવામાં આવે છે. ■

# અમદાવાદના કુખ્યાત ગૅંગસ્ટર નઝીર વોરા અને સરફરાઝ કિટલીના ગેરકાયદે બાંધકામ પર બુલડોઝર ફર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના જુહાપુરા વિસ્તારમાં કુખ્યાત ગૅંગસ્ટર નઝીર વોરાના ઝુબેદા હાઉસ અને સરફરાઝ કિટલીના ઘરે અમદાવાદ મનપા તંત્ર દ્વારા ડિમોલિશન કરવામાં આવ્યું હતું. જુહાપુરા વિસ્તારમાં નઝીર વોરાએ ઊભા કરેલા આલિશાન ફાર્મહાઉસને તોડી પાડવામાં આવ્યું હતું. ઝુબેદા હાઉસ નામના ગેરકાયદે બાંધકામ ઉપર બુલડોઝર ફેરવવામાં આવ્યું હતું. ગ્રાઉન્ડ ફ્લોર અને ફર્સ્ટ ફ્લોરના બંગલા પ્રકારનાં બાંધકામમાં મ્યુનિસિપલ કોર્પોરેશનના દક્ષિણ પશ્ચિમ ઝોનના એસ્ટેટ વિભાગની ટીમ દ્વારા આજે ચુસ્ત પોલીસ-બંદોબસ્ત વચ્ચે ડિમોલિશનની કાર્યવાહી કરવામાં આવી હતી. નઝીર વોરા જુહાપુરા વિસ્તારમાં મુખ્ય માર્ગ પર આવેલા કોર્પોરેશનના રિઝર્વેશન પ્લોટ પર ૧૦ વર્ષથી ગેરકાયદે કબજો ભોગવતો હતો. આખરે ગૅંગસ્ટર સામે કડક કાર્યવાહી કરવામાં આવી હતી. આ ગેરકાયદેસર દબાણ કરેલી આખી જગ્યા ૨૦ કરોડ રૂપિયાની પ્રોપર્ટી છે.

ઝોન સાતના ડિસીપીએ જણાવ્યું હતું કે, અમદાવાદ પોલીસ કમિશનરના આદેશથી કુખ્યાત ગૅંગસ્ટરના ગેરકાયદે બાંધકામ પર કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જુહાપુરાના કુખ્યાત ગૅંગસ્ટર નઝીર વોરા પર ૧૯૯૬થી લૂંટ, ખંડણી, હત્યા, હત્યાના પ્રયાસ, લેન્ડ ગ્રેબિંગ, રાયોટિંગ, પાસા સહિતના ૩૦થી વધુ ગુના પોલીસ ચોપડે નોંધાયેલા છે. નઝીર વોરાએ જે આલિશાન ફાર્મહાઉસ બનાવ્યું હતું તે સહિત અહીંની જગ્યા લોકોને પ્રસંગો ઉજવવા લાખો રૂપિયામાં ભાડે આપી કમાણી કરતો હતો. આ ફાર્મ હાઉસને ગેરકાયદે પ્રવૃત્તિઓને અંજામ આપવાનો અડ્ડો બનાવી દીધો હતો.

વેજલપુર પોલીસ સ્ટેશનના પીઆઈ આર. એમ. ચૌહાણે આ અંગે જણાવ્યું હતું કે, ૩૨૯૨ ચોરસ મીટરના પ્લોટમાં ડિમોલિશન કરવામાં આવ્યું છે. અમદાવાદ મનપાના રિઝર્વ પ્લોટ પર નઝીર વોરાએ કબજો કર્યો હતો. છેલ્લાં ૧૦થી ૧૨ વર્ષથી નઝીર વોરાનો ગેરકાયદેસર પ્લોટ પર કબજો હતો. નઝીરે ૩૨૯૨ ચોરસ મીટરના પ્લોટ ઉપર ૫૨૮ ચોરસ મીટરનું ગેરકાયદેસર બાંધકામ કરાવ્યું હતું. પ્લોટ પર ગેરકાયદેસર કબજો કરીને લગ્ન પ્રસંગોમાં ભાડે અપાતો હતો. નઝીર વોરા પર નવ વાર પાસા અને તડીપારની કાર્યવાહી કરવામાં આવી છે. તેના ગુનાઓ પૈકીના અનેક ગંભીર ગુનાઓ નોંધાયા છે. ■

# લોકરક્ષક કેડરની પોલીસની ભરતી માટે ગુજરાત એસટી એક્સ્ટ્રા બસ દોડાવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા આગામી ૧૫ જૂન, ૨૦૨૫ના રોજ લોકરક્ષક કેડરની લેખિત પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. આ પરીક્ષા રાજયના અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ગાંધીનગર, આણંદ અને ભાવનગર સ્થિત પરીક્ષા કેન્દ્રો પર લેવાશે, જેમાં રાજ્યભરમાંથી અંદાજે ૨.૪૮ લાખ ઉમેદવારો પરીક્ષા આપશે. આ વિશાળ સંખ્યામાં ઉમેદવારોની સુવિધા માટે, ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા વિશેષ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. ગુજરાત એસ. ટી. દ્વારા ૧૪ અને ૧૫ જૂન, ૨૦૨૫ ના રોજ વિવિધ જિલ્લાઓમાંથી પરીક્ષા કેન્દ્રો નજીકના ડેપો સુધી પહોંચવા માટે એક્સ્ટ્રા બસોનું સંચાલન કરવામાં આવશે.

ઉમેદવારોના ધસારાને ધ્યાનમાં રાખીને, નિગમ દ્વારા આ એક્સ્ટ્રા બસ સેવાઓ માટે ઓનલાઈન એડવાન્સ ટિકિટ બુકિંગની સુવિધા પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે. ઉમેદવારો નિગમના ડેપો ખાતેથી અથવા નિગમની વેબસાઇટ પરથી કાઉન્ટર અને ઓનલાઈન બુકિંગ કરી શકશે. તે ઉપરાંત પરીક્ષા સંબંધી સંચાલન અને બસ સેવાઓ અંગેની કોઈપણ પૂછપરછ માટે, ઉમેદવારો નિગમના ટોલ-ફ્રી નંબર ૧૮૦૦ ૨૩૩ ૬૬૬૬૬૬ પર સંપર્ક કરીને જાણકારી મેળવી શકે છે. ■

# રાજકોટમાં દબાણ હટાવ ઝુંબેશ તેજ

## ૧૫ કરોડની સરકારી જમીન ખુલ્લી કરાવાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ મહાનગર પાલિકા દ્વારા ટાઉન પ્લાનિંગ દ્વારા ટીપી રોડ ખુલ્લા કરાવવા અને અલગ અલગ હેતુ માટે ફાળવવામાં આવેલ મનપાના ખાલી પ્લોટ પરના દબાણોને દૂર કરવા માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ અંતર્ગત છેલ્લા છ મહિનાની અંદર ૯૦૦થી વધુ ગેરકાયદે બાંધકામોને નોટીસ આપવામાં આવી હતી, ત્યારબાદ હવે ડિમોલિશનની કાર્યવાહી કરવામાં આવી રહી છે.

આ કાર્યવાહી અંતર્ગત મનપાના વેસ્ટઝોનમાં મોટા મૌવા રોડ ઉપર કટારિયા ચોકડી પાસે ટીપી સ્કીમ નંબર ૧૦માં ઈન્ફાસ્ટ્રક્ચર હેતુના પ્લોટ પર વર્ષોથી બનેલાં ગેરકાયદેસર ૨૫ કાચાં-પાકાં મકાનો આજે તોડી પાડી રૂપિયા ૧૫ કરોડની ૧૫૦૦ ચો.મી.થી વધુ જગ્યા ખુલ્લી કરાવાવામાં આવી હતી.

મ્યુનિસિપલ કમિશનરના આદેશ બાદ ટાઉન પ્લાનિંગ શાખા દ્વારા વહેલી સવારથી જ અનઅધિકૃત બાંધકામ દૂર કરવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. અગાઉ નોટિસ આપવામાં આવી હોવા છતાં દબાણકર્તાઓએ જાતે દબાણ દૂર ન કરતાં, વેસ્ટ ઝોનના વોર્ડ નંબર ૧૧માં મોટા મૌવા રોડ પર કટારિયા ચોકડી પાસે ટીપી સ્કીમ નંબર ૧૦, અંતિમ ખંડ નંબર ૭૯-બી, જે સોશિયલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર હેતુ માટે ફાળવાયેલો પ્લોટ હતો, તેના પરનાં ૨૫ કાચાં-પાકાં મકાનો પર બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું હતું. અગાઉથી જાણકારી હોવાથી દબાણકર્તાઓએ પોતાનો માલસામાન કાઢી લીધો હોવાથી શાંતિપૂર્વક ડિમોલેશનની કામગીરી પૂર્ણ થઈ હતી. ■

## લાંચખોરો પર એસીબીનો સપાટો

# રાજકોટમાં શિક્ષણ વિભાગના કર્મીઓ, ગાંધીનગરમાં પોલીસકર્મી લાંચ લેતા પકડાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં ભ્રષ્ટાચારને નાથવા માટે એન્ટિ કરપ્શન બ્યૂરો દ્વારા રાજકોટ અને ગાંધીનગરમાં બે મોટી કાર્યવાહી કરવામાં આવી હતી. આ કાર્યવાહીમાં એક નિવૃત્ત કર્મચારીના એરિયર્સ બિલ પાસ કરાવવા માટે લાંચ માગનારા શિક્ષણ વિભાગના બે કર્મચારીઓ અને પ્રોહિબિશન કેસમાંથી નામ કાઢવા માટે લાંચ લેનારા એક પોલીસકર્મીને રંગેહાથ ઝડપી પાડવામાં આવ્યા હતા.

રાજકોટમાં એસીબી દ્વારા ગોઠવવામાં આવેલા છટકામાં લોધિકા તાલુકાના પાળ ગામની ગાયત્રી હાઈસ્કૂલના નિવૃત્ત કર્મચારીના એરિયર્સ બિલ અને રજા રોકડ રૂપાંતરણની રકમ ઝડપથી મંજૂર કરવા માટે લાંચ માગવામાં આવી હતી. ફરિયાદ અનુસાર, નિવૃત્ત કર્મચારીને તેમના મોંઘવારીના ૫૩ ટકા મુજબના એરિયર્સ બિલ અને રજા રોકડ રૂપાંતરણની કુલ આશરે રૂ. ૧૨,૧૫,૦૦૦ ની રકમ મેળવવામાં વિલંબ થતો હતો. આ રકમ ઝડપથી મળે તે માટે આરોપીઓએ શરૂઆતમાં રૂ. ૩ લાખનો વહીવટ કરવાનું જણાવ્યું હતું, જે રકઝકના અંતે રૂ. ૨,૦૦,૦૦૦ ઘરે આવીને આપવાનો વાયદો કર્યો હતો. એસીબી દ્વારા ગોઠવવામાં આવેલા છટકા દરમિયાન આરોપી નિવૃત્ત ટ્રસ્ટી ગુણવત્તાલાલ ચુનીલાલ ખીરા અને હાઈસ્કૂલના કલાર્ક ધર્મેન્દ્ર ભાનુંશકર ખીરાને લાંચ લેતા ઝડપી પાડવામાં આવ્યા હતા.

બીજી ઘટના ગાંધીનગરના ચિલોડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં બની હતી, જ્યાં એસીબીએ પ્રોહિબિશનના ગુનામાંથી નામ કાઢી નાખવા માટે લાંચ લેતા એક પોલીસકર્મીને રંગેહાથ ઝડપી પાડ્યો હતો. ફરિયાદીના પતિનું નામ ચિલોડા પોલીસ સ્ટેશનના પ્રોહિબિશનના ગુનામાં ખુલ્યું હતું. ગત ૨ જી જૂનના રોજ પોલીસ કર્મચારીઓ ફરિયાદીના ઘરે તેમના પતિને પકડવા ગયા હતા અને તેમને વોન્ટેડ બતાવ્યા હોવાનું જણાવી પોલીસ સ્ટેશન હાજર થવા જણાવ્યું હતું. જેથી ફરિયાદી તેમના વકીલ મિત્ર સાથે ચિલોડા પોલીસ સ્ટેશન જઈને પ્રોહિબિશનના ગુનાની તપાસ કરનાર હેડ કોન્સ્ટેબલ વિષ્ણુભાઈ રબારીને મળ્યા હતા અને તેમના પતિનું નામ ખોટી રીતે ખોલેલ હોવા અંગે વાતચીત કરી હતી. ફરિયાદીને ખોટી રીતે હેરાન પરેશાન ન કરવા વિનંતી કરતાં જમાદાર વિષ્ણુભાઈ રબારીએ આરોપી પોલીસ કોન્સ્ટેબલ યુવરાજસિંહને મળી લેવા જણાવ્યું હતું.

ત્યારબાદ ફરિયાદી અને તેમના વકીલ મિત્ર આરોપી પોલીસ કોન્સ્ટેબલ યુવરાજસિંહને મળતાં ફરિયાદીના પતિનું પ્રોહિબિશનના ગુનામાંથી નામ કાઢી નાખવાના બદલામાં આરોપીએ સૌ પ્રથમ રૂપિયા ત્રણ લાખની લાંચની માગણી કરી હતી, જે રકઝકના અંતે રૂ. ૧,૧૦,૦૦૦ આપવાનું નક્કી થયું હતું. પરંતુ ફરિયાદી લાંચના નાણાં આપવા માગતા ન હોવાથી તેમણે એસીબીનો સંપર્ક કર્યો હતો અને એસીબીના છટકામાં આરોપી યુવરાજસિંહ લાંચ લેતા ઝપડાઈ ગયા હતા. ■

# માઇક્રોન સાણંદ ખાતે ₹૧૩,000 કરોડના રોકાણ સાથે સ્પેશિયલ ઇકોનોમિક ઝોન સ્થાપશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ માઇક્રોન ગુજરાતના સાણંદ ખાતે રૂ. ૧૩,૦૦૦ કરોડના અંદાજિત રોકાણ સાથે ૩૭.૬૪ હેક્ટર વિસ્તારમાં તેનો સ્પેશિયલ ઇકોનોમિક ઝોન (એસઈઝેડ) સ્થાપશે, જ્યારે એક્યુસ કર્ણાટકના ધારવાડ ખાતે ૧૧.૫૫ હેક્ટર વિસ્તારમાં ઇલેક્ટ્રોનિક્સ ઘટકોના ઉત્પાદન માટે રૂ. ૧૦૦ કરોડના અંદાજિત રોકાણ સાથે તેનો સ્પેશિયલ ઇકોનોમિક ઝોન (એસઈઝેડ) સ્થાપશે.

સરકારે જણાવ્યું હતું કે તેણે સેમિકન્ડક્ટર અને ઇલેક્ટ્રોનિક ઘટકોના ઉત્પાદન માટે સ્પેશિયલ ઇકોનોમિક ઝોન (સેઝ) સ્થાપવા માટે માઇક્રોન સેમિકન્ડક્ટર ટેક્નોલોજી ઇન્ડિયા અને હુબલી ડ્યુરેબલ ગુડ્સ ક્લસ્ટર (એક્સીસ ગ્રૂપ) ના પ્રસ્તાવોને મંજૂરી આપી છે.

સેમિકન્ડક્ટર અને ઇલેક્ટ્રોનિક્સ ઘટકોના ઉત્પાદનને વેગ આપવા માટે ચોક્કસ સ્પેશિયલ ઇકોનોમિક ઝોન (એસઈઝેડ) નિયમોમાં છૂટછાટ આપ્યા પછી આ નિર્ણય લેવામાં આવ્યો છે.

વાણિજ્ય મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે સેઝ માટે મંજૂરી બોર્ડે માઇક્રોન સેમિકન્ડક્ટર ટેકનોલોજી ઇન્ડિયા પ્રાઇવેટ લિમિટેડ અને હુબલી ડ્યુરેબલ ગુડ્સ ક્લસ્ટર પ્રાઇવેટ લિમિટેડ (એક્યુઅસ ગ્રૂપ) તરફથી અનુક્રમે સેમિકન્ડક્ટર અને ઇલેક્ટ્રોનિક ઘટકોના ઉત્પાદન માટે સેઝ સ્થાપવા માટે મળેલા પ્રસ્તાવોને મંજૂરી આપી છે,

આ ક્ષેત્રોમાં ઉત્પાદન માટે ખૂબ જ મૂડી તથા આયાત આધારિત હોવાથી અને નફાકારક બનવામાં લાંબો સમય લાગે છે, તેથી આ ઉચ્ચ ટેકનોલોજી ક્ષેત્રોમાં મુખ્ય રોકાણોને પ્રોત્સાહન આપવા અને ઉત્પાદનને વેગ આપવા માટે નિયમમાં સુધારા કરવામાં આવ્યા છે. ■

# રાજકોટના કોટડા સાંગાણી નજીક ગમખ્વાર અકસ્માતમાં બે યુવાનનાં ઘટનાસ્થળે જ મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ જિલ્લાના કોટડા સાંગાણી તાલુકાના રાજગઢ-ખાંડાધાર રોડ પર મોડી રાત્રે બે બાઇક વચ્ચે સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં બે યુવાનનાં ઘટનાસ્થળે જ કમકમાટીભર્યાં મોત નિપજ્યાં હતા. આ ઘટનાથી સમગ્ર પંથકમાં શોકનો માહોલ છવાઈ ગયો છે. મળતી માહિતી અનુસાર, મૃતકોમાં રામોદ ગામના રોહિત દીપકભાઈ રાઠોડ (ઉં.વ. ૨૪) અને રાજકોટના કરણભાઈ કમલેશભાઈ દિવેચા (ઉં.વ. ૨૮)નો સમાવેશ થાય છે.

પ્રાથમિક વિગતો અનુસાર, રોહિત રાઠોડ શક્તિમાન કંપનીમાં નોકરી કરતો હતો. તે પોતાની ફરજ પૂરી કરી સાથી કર્મચારી કિશન રસિકભાઈ પડાળિયા (ઉં.વ. ૨૩) સાથે ઘરે પરત ફરી રહ્યો હતો. બીજી તરફ, કરણભાઈ દિવેચા પોતાની દીકરી અને બહેનને રામપરા નવાગામ મૂકીને રાજકોટ પરત જઈ રહ્યા હતા. આ દરમિયાન રાજગઢ-ખાંડાધાર રોડ પર બંને બાઇક વચ્ચે સામસામે ટક્કર થઈ હતી. આ અકસ્માતમાં રોહિત રાઠોડ અને કરણભાઈ દિવેચાને ગંભીર ઈજાઓ થતાં તેમનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું, જ્યારે કિશન પડાળિયા ગંભીર રીતે ઘવાયા હતા. તેમને તાત્કાલિક પ્રથમ ગોંડલની સિવિલ હૉસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર માટે રાજકોટની હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

મૃતક કરણભાઈ દિવેચા પરિણીત હતા અને તેમને એક દીકરી છે. તેઓ છૂટક મજૂરી કરીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવતા હતા. બીજી તરફ, રોહિત રાઠોડ છેલ્લાં એક વર્ષથી શક્તિમાન કંપનીમાં કાર્યરત હતો. તે પરિવારમાં માતા, બે ભાઈઓ અને એક બહેનમાં સૌથી નાનો હતો. ઘટનાની જાણ થતાં જ કોટડા સાંગાણી પોલીસની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. ■

# શિક્ષણપ્રધાને સંતરામપુર અને કડાણા તાલુકાની ગ્રામ પંચાયત માટે જાહેરાત કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત રાજ્ય ચૂંટણી પંચ દ્વારા ગ્રામ પંચાયતોની ચૂંટણી આગામી તા.૨૨ જૂનના યોજાશે. ભાજપના નેતાઓ દ્વારા ગ્રામ પંચાયતની ચૂંટણી સમરસ બનાવવાના પ્રયત્નો કરી રહી છે. શિક્ષણપ્રધાન કુબેર ડિંડોર દ્વારા ચૂંટણી સમરસ થશે તો લાખો રૂપિયાના પુરસ્કાર તરીકે વિકાસના કામો કરવાની જાહેરાત કરી હતી.

ગુજરાત રાજ્ય ચૂંટણી પંચ દ્વારા સોમવારે ૮૩૨૬ ગ્રામ પંચાયતોની ચૂંટણીની તારીખો જાહેર કરી છે. આગામી તા. ૨૨ જૂનના મતદાન કરવામાં આવશે તેમ જ તા. ૨૫ જૂનના દિવસે મતગણતરી કરવામાં આવશે. રાજ્યમાં ૮૩૨૬ ગ્રામ પંચાયતમાંથી ૪૬૮૮ ગ્રામ પંચાયતની ચૂંટણી, જ્યારે ૩૬૩૮ ગ્રામ પંચાયતની પેટા ચૂંટણી હાથ ધરવામાં આવશે.

શિક્ષણપ્રધાન કુબેર ડિંડોરે જાહેરાત કરતાં જણાવ્યું હતું કે, 'મારી વિધાનસભા સંતરાપુર અને કડાણા તાલુકામાં ગ્રામ પંચાયત સમરસ થશે અથવા કરવામાં આવે તો એના માટે વિશેષ જોગવાઈ કરીને હું ૫૧ લાખ રૂપિયા એ વિશેષ પુરસ્કાર રૂપે વિકાસના કામમાં આપવાની જાહેરાત કરું છું. ગ્રામ પંચાયતોની ચૂંટણીને ધ્યાનમાં રાખી જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા તા. ૨ જૂનના જાહેનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું હતું. આ સિવાય તા. ૯ જૂન સુધી ફોર્મ ભરવાની તેમ જ તા. ૧૧ જૂન સુધીમાં ફોર્મ પરત ખેંચવાની પ્રક્રિયા કરી શકાશે. તા. ૧૦ જૂનના ફોર્મની ચકાસણી કરવામાં આવશે. ■

# સુરતમાં વૃદ્ધને 'ડિજિટલ અરેસ્ટ' કરી ૧૬ લાખ પડાવ્યા

## આંતરરાષ્ટ્રીય બાસ્કેટબોલ ખેલાડી સહિત ત્રણ ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સાયબર ક્રાઈમની ઘટનાઓમાં ચિંતાજનક વધારો જોવા મળી રહ્યો છે, જેમાં ગુનેગારો ડિજિટલ ફ્રોડ અને ડિજિટલ અરેસ્ટ જેવી ગુનાહિત પ્રવૃત્તિઓ દ્વારા સામાન્ય નાગરિકોને લાખો રૂપિયાનો ચૂનો લગાવી રહ્યા છે. આવો જ એક ચોંકાવનારો કિસ્સો સુરતમાંથી સામે આવ્યો છે, જ્યાં દિલ્હી પોલીસની ખોટી ઓળખ આપીને એક વૃદ્ધને 'ડિજિટલ અરેસ્ટ' કરી, મની લોન્ડરિંગના કેસની ધમકી આપીને ૧૬ લાખથી વધુ રૂપિયા પડાવવામાં આવ્યા હતા. આ મામલે પોલીસે ભાવનગરના આંતરરાષ્ટ્રીય બાસ્કેટબોલ પ્લેયર સહિત ત્રણ આરોપીઓને ઝડપી પાડ્યા હતા.

મળતી વિગતો અનુસાર, સુરતમાં રહેતા એક વૃદ્ધને વીડિયો કોલ દ્વારા દિલ્હી પોલીસના અધિકારી તરીકે ઓળખ આપીને ૨.૫૦ કરોડ રૂપિયાના મની લોન્ડરિંગના કેસમાં ફસાયા હોવાનું જણાવ્યું હતું. ત્યારબાદ તેમને બે દિવસ સુધી ડિજિટલ અરેસ્ટ કરવામાં આવ્યા હતા, જેમાં તેમને સ્કાઈપ જેવા પ્લેટફોર્મ પર સતત હાજર રહેવા અને પોતાના ઘરમાં જ બંધ રહેવા મજબૂર કરવામાં આવ્યા હતા. આ દરમિયાન આરોપીઓએ વૃદ્ધની બેંક એફ.ડી. તોડાવીને કુલ ૧૬ લાખ ૬૫ હજાર રૂપિયા ઓનલાઈન ટ્રાન્સફર કરાવી લીધા હતા.

આ સમગ્ર ઘટનાની જાણ વૃદ્ધે પોતાની દીકરીને કરતા તેમણે તાત્કાલિક સાયબર ક્રાઈમ સેલમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે બેંક ડિટેલના આધારે તપાસ કરતા ભાવનગરમાં રહેતા ૨૨ વર્ષીય આંતરરાષ્ટ્રીય બાસ્કેટબોલ ખેલાડી પરમવીરસિંહ, ૩૮ વર્ષીય રાજુ પરમાર અને ક્રિષ્ના કુમારને ઝડપી પાડ્યા હતા. આરોપીઓના બેંક એકાઉન્ટની તપાસ કરતા સામે આવ્યું છે કે તેમની સામે ૧૮ રાજ્યમાં સાયબર ફ્રોડની ફરિયાદો નોંધાયેલી છે. ■

# મહેસૂલી તલાટીની ૨,૩૮૯ જગ્યાઓ માટે ૪.૮૬ લાખથી વધુ અરજીઓ

અમદાવાદઃ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા રાજ્યમાં મહેસૂલી તલાટી વર્ગ-૩ ની ૨૩૮૯ જગ્યાઓની ભરતીની જાહેરાત કરવામાં આવી હતી. તે માટેની અરજી પ્રક્રિયાનો ૧૦ જૂનના રોજ રાત્રે ૧૧:૫૯ કલાકે છેલ્લો દિવસ છે. સ્નાતક કક્ષાની શૈક્ષણિક લાયકાત પર કરવામાં આવનારી આ ભરતીમાં લાખો ઉમેદવારોએ અરજી કરી છે. મળતી વિગતો અનુસાર, ૨૩૮૯ જગ્યાઓ માટે અરજી કરવાના છેલ્લા દિવસના બપોર સુધીમાં કુલ ૪.૮૬ લાખથી વધુ અરજીઓ આવી ગઈ છે, જેમાંથી ૩.૮૪ લાખ અરજીઓ કન્ફર્મ થઈ ચૂકી છે. આ ઉપરાંત, ૩.૨૦ લાખ ઉમેદવારોએ પરીક્ષા ફી પણ ભરી દીધી છે. આધારભૂત સ્રોતના જણાવ્યા અનુસાર ગૌણ સેવા પસંદગી મંડળ, આ ભરતી માટેની પ્રાથમિક પરીક્ષા જુલાઈ મહિનામાં યોજી શકે છે. આ પરીક્ષા ૨૦૦ ગુણની બહુવિકલ્પીય પ્રશ્નો આધારિત રહેશે. જેમાં ગુજરાતી, અંગ્રેજી, જાહેર વહીવટ, ઇતિહાસ, ભૂગોળ જેવા વિષયોનો સમાવેશ થશે. ■

## ૯. લગ્ન સંબંધી

**પરિચય સંમેલન**
15/06/2025, રવિવારે કાંદિવલીમાં સમસ્ત ગુજરાતી સમાજના/ દરેક જ્ઞાતીના કુંવારા દિકરા/ દિકરીઓ માટે. શ્રી હરિઈચ્છા ફાઉન્ડેશન 9082825482. (દહેજ નહીં.). (૧૫૩૫નં. ૯...

■ સુંદર મરાઠી કન્યા ઉંમર 29 ઊંચાઈ 5.3" શિક્ષણ ૧૨મી, કપડાના દુકાનમાં કામ કરે છે. પગાર 12,000/- કન્યાના વડીલ નથી અપેક્ષા મહેનતુ, નિર્વ્યસની છોકરો જોઈએ. જાતીબાધ નથી. (તરત લગ્ન) (દહેજ નહીં) 8446389460. (બી-૧૬૦૮૬)

## ૧૦. મહિલાઓ માટે

**મહેમાનોનો ઉતારો**
બાપલી બંગલો રોજના ધોરણેથી બોરીવલી/ કાંદિવલીમાં, બર્થડે, સગાઈ, પાર્ટી, એક્ઝિબિશન માટે 9821112796. (૧૫૯૯૬-એ)

**ગાદીવાલા ચપ્પલ**
પગના દુખાવા માટે સોફ્ટ ચપ્પલ/સ્લીપર જેન્ટ્સ- લેડીઝ માટે બોરીવલી પશ્ચિમ 9869669633. (એસડીબી-૨૬૬૫)

**કાનનાં મોટા કાણાં**
દવાથી એકજ સીટીંગમાં પુરાવો તરત બુટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલીઃ 9969388693 / 7506569229. (બી-૧૫૯૪૫)

## ૧૨. યાત્રા સહેલગાહ

**શ્રીજી ટ્રાવેલ્સ**
4 સ્ટાર અને 5 સ્ટારમાં ફરવાવાળા માટે રાજસ્થાનનું ખૂબજ રિઝનેબલ ભાવમાં, મીનીમમ ૧૦ જણનું પેકેજ બ્રેકફાસ્ટ અને ડીનર, લકઝરી ગાડીમાં ફરવા સાથે જૂન, જુલાઈ, ઓગસ્ટમાં તમારી ડેટ મુજબ અને શ્રીલંકા, દુબઈ, સિંગાપુર, થાઈલેન્ડ, વિયેતનામ, ડોમેસ્ટીક ટુર, એર ટીકીટ, હોટેલ બુકીંગ માટે સંપર્કઃ 9820891965. (બી-૧૬૦૮૦)

**લોનાવાલા**
રોજીંદા ભાડાથી- ૩ બેડરૂમ હોલ કિચનનો લકઝરીયસ બંગલો, સ્વિમીંગ પૂલ, એસી, ટીવી, ફ્રિજ, ગેસ, વાસણો, કેરટેકર સાથે જુઓ વેબસાઈટઃ lonavalastay.yolasite.com (MTDC Approved). સંપર્કઃ રાજેશ શાહ. 9702668800, 9820334345. (૧૫૩૬૦/એ)

**શ્રાવણમાં યાત્રાઓ**
**1) મહાકાલેશ્વર - ઓમકારેશ્વર જુલાઈ-25 2) જગન્નાથપુરી-ગંગાસાગર ઓગસ્ટ-1 3) પશુપતિનાથ - નેપાલ ઓગસ્ટ 10 4) અષ્ટવિનાયક દર્શન ઓગસ્ટ 22 ''ગ્લોબલ ટૂર્સ''. (અનુકૂળ તારીખે ગ્રુપ આવકાર્ય) - 9967894750. (બી-૧૬૦૬૯)**

**શ્રી યમુના**
હૈદરાબાદ ઔરંગાબાદ ઉજ્જૈન - ઈંદોર - ચંપારણ - ગંગાસાગર - પુરી, ચારધામ, વ્રજયાત્રા. 9892377559. (૧૫૩૫૫-એ)

## ૧૪. નોકરી ખાલી છે

**બકલ-ક્લીપ્સ**
હેર બેન્ડ, ફેન્સી એસેસરીઝના 5/10 વર્ષના અનુભવી કેન્ડીડેટ્સ (પ્રોડક્શન, માર્કેટીંગ, સેલ્સ, ડીલીવરી) મલાડ વેસ્ટમાં જોઈએ છે. 9082267130. (૧૬૦૦૦-સી)

■ અમે મૂળજી જેઠા માર્કેટમાં એકબીજાની નજીક બે મેડા શોધી રહ્યા છીએ. અમારી પહેલી પસંદગી ગોવિંદ ચોક અને સાંચા ગલી છે. કૃપા કરીને અમારો સંપર્ક કરો. પ્રતિમા ટેક્સટાઈલ કિરીટ મહેતા 9322139593. (બી-૧૬૦૪૧)

**ફિમેલ**
એડવર્ટાઈઝિંગ કંપનીમાં જાહેરાતની જાણકાર ફિમેલ 25 થી 35 વર્ષની ગુજરાતી લખતા/ વાંચતા આવડવું+ કોમ્પ્યુટર જાણકારી જરૂરી મલાડથી બોરીવલી વચ્ચે રહેનાર. બાયોડેટાસહ વહાર્ટસપ- 9820454421. (૬-એ)

■ પાર્ટ ટાઈમ સુવર્ણ તક નિવૃત્ત/ હોમમેકર. Age: 45+. પગાર 7208494371/ 8652481180. (બી-૧૬૦૮૧)

**COMPUTER TEACHER REQUIRED**
**For English Medium School in Borivali, Kandivali, Santacruz, Ghatkopar. Call / WhatsApp: 7039404776, Email - mce2022.gs@gmail.com (15982-I)**

**મુંબઈ સમાચાર**
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com

## ૧૪. નોકરી ખાલી છે

**ACCOUNTS EXECUTIVE**
Female / Male required with 3-4 years experience in GST, TDS & Tally ERP also knowing Gujarati - English Language, Age between 20 to 50, Walk-in Interview on Sunday 15th June 2025 between 10 am to 3 pm at Shree Gurjar Sutar Vishwakarma Baug, 36/ 37, Bajaj Road, Vileparle (West). Mob: 9224337172 / 9833481238. (15360/B)

## ૧૬. પેઈંગ ગેસ્ટ

**પેઈંગ ગેસ્ટ**
વિલે-પારલા વેસ્ટમાં સ્ટેશન/ કોલેજ નજીક સ્ટુડન્ટ/ વર્કિંગવુમન, છોકરીને જગ્યા મળશે. 9920111654- 8850048973. (૪-એ)

## ૧૭. જગ્યા આપવી છે

**ઘાટકોપર**
ફલેટ, ઓફિસ, દુકાન ભાડે/ વેચાણથી લેવા/ વેચવા રમેશ નિમાવત 9320571016- 9082933313. (૧૫૯૬૦-એ)

**લોનાવાલામાં બંગલો જોઈએ**
**બંગલો/ રોહાઉસેસ 3/4 બેડરૂમનો જોઈએ છે. [Spot Payment] (દલાલ માફ) 9869029635. (૧૫૯૮૨-સી)**

**સાંતાક્રુઝ (ઈસ્ટ)**
સ્ટેશન નજીક, 3 BHK, 1050 કાર્પેટ, per floor-1 Flat, 1 કવર્ડ પાર્કિંગ, લીફ્ટ, 3,75,00,000/= cr. Contact- Pankaj Parmar- 9821026788. (૧૫૩૫૯-સી)

**કાંદિવલી (વેસ્ટ)**
એમ. જી. રોડ, સ્માર્ટ 1 બેડ માસ્ટર બેડ સાથે @ 90L, 2 બેડ @ 1.19 Cr, પઝેશન ટૂંક સમયમાં, ઈન્ડોર ગેમ ઝોન, રૂફટોપ એમેનીટીઝ, મેટ્રો, દેરાસર, સ્કૂલ, હૉસ્પિટલ, સ્ટેશન નજીક. (P51800056407). 8104282352/ 8108439084. (જેપી/૪૯૯૩-જી)

**બોરીવલી (વેસ્ટ)**
પ્રબોધન ઠાકરે હોલ પાસે, 2/3 BHK, રેડી OC સાથે, વાસ્તુ ડોર, ગુજરાતી લોકાલીટી, 2 કાર પાર્કિંગ, દેરાસર/સ્ટેશન નજીક, અન ટચ ફલેટ એમેનીટીઝ સાથે વેચાણથી. 9821472329 / 9833562999. (૧૫૯૬૨-સી)

**સાંતાક્રુઝ (વેસ્ટ)**
જુહુ રોડ, 2.5 અને 3 બેડરૂમ, નવા બિલ્ડિંગમાં, રેડી પઝેશન, ઓસી એપ્લાઈડ. સંપર્કઃ 9619007799. (૧૫૯૮૭-એ)

**JVPD SCHEME**
10th રોડ, 3 બેડરૂમ, Approx 1600', હાયર ફલોર વેચાણથી. સંપર્ક - 9820122892. (૧૫૯૮૭-બી)

■ ભુલેશ્વર 225 ફૂટ, 3જે માળે ભાડે આપવો છે. નવનીતઃ 8850765241. (બી-૧૬૦૫૫)

**કાંદિવલી (વેસ્ટમાં)**
ભુરાભાઈ હોલની પાસેઃ ૨ બેડ (૬૫૧ કાર્પેટનો) ફુલી ફર્નિશ્ડ - બીજે માળે જુના બિલ્ડિંગમાં વેંચાણથી સંપર્ક - 8080832228, 8591954566. (બી-૧૬૦૫૬)

**દહીંસર (વેસ્ટ)**
સ્ટેશન અને જૈન દેરાસર નજીક ૧/૨ બેડરૂમના ફલેટો સાથે/ અલગ (સેમ્પલ ફલેટ રેડી) પઝેશન ટૂંક સમયમાં. સરળ પેમેન્ટની સુવિધા ઉપલબ્ધ. કિંમત ૧,૦૦,૦૦૦,૦૦/-થી શરૂ+ ગવર્મેન્ટ ટેક્ષ અલગથી ફોન- 8828277511. (બી-૧૬૦૫૦)

**કાંદીવલી (વેસ્ટ)**
૧/૨/૩ બેડરૂમના ફલેટો- ચારકોપ સેકટર ૨, (સેમ્પલ ફલેટ રેડી) ૧૫ માળ સુધીના સ્લેબ પૂર્ણ થઈ ગયેલ છે. પોડીયમ રેમ્પ કાર પાર્કિંગ, પઝેશન ટૂંક સમયમાં. પેમેન્ટની સરળ સુવિધા ઉપલબ્ધ. કિંમત ૧,૦૦,૦૦૦,૦૦/ - થી શરૂ + ગવર્મેન્ટ ટેક્ષ અલગથી ફોનઃ 8433576269. (બી-૧૬૦૫૧)

**ગોરેગાંવ (ઈસ્ટ/વેસ્ટ)**
(સિલ્વર ગ્રુપ) ૨/૩/૪ બેડરૂમના ફલેટો - જોડી/ અલગ (સેમ્પલ ફલેટ રેડી) બિલ્ડિંગનું બાંધકામ પૂર્ણ થવાની દિશામાં. સરળ પેમેન્ટની સુવિધા ઉપલબ્ધ. કિંમત ૨,૦૦,૦૦,૦૦૦/- થી શરૂ + ગર્વમેન્ટ ટેક્ષ અલગથી. ફોનઃ- 7738900988/ 9004339998. (બી-૧૬૦૫૨)

**વિલેપાર્લે (વેસ્ટ)**
બાપુભાઈ વશી રોડ, સ્પેશિયસ 3 બેડરૂમ તેમજ 4 બેડરૂમ એમેનીટીઝવાળા ટાવરમાં રેડી પઝેશન OC સાથે. રીઝનેબલ ભાવમાં - 8356990950. (જેપી/૪૯૯૩-એફ)

**વિલેપાર્લે (વેસ્ટ)**
ઈર્લા - KLS હોસ્પિટલ પાસે નવા ટાવરમાં 3 બેડરૂમ 890' તેમજ જોડી ફલેટ હાયરફલોર બુકિંગમાં, પઝેશન 1 વર્ષ - 9819117722. (જેપી/૪૯૯૩-ડી)

**સાઉથ મુંબઈ**
**સિક્કા નગર ૧ બેડરૂમ ૪૭૫ કારપેટ, ૧ પાર્કિંગ વેચાણથી આપવાનો છે. (લેવા- વેચાણ-ભાડે). દેવેન-૯૯૩૦૬૭૦૨૭૨, ૯૮૨૦૩૩૫૨૭૨. (૧૫૯૭૩-સી)**

**ખાર (વેસ્ટ)**
ફક્ત ગુજરાતી માટે ૩ બેડરૂમ ૧૧૫૦' કારપેટ અને ૬ બેડરૂમની જોડી એરિયા ૨૩૦૦' કારપેટ, ૬ બાથરૂમ, ૨ કિચન, સ્પેશિયસ હોલ, સેપરેટ સર્વન્ટ ટોયલેટ, ૪ પાર્કિંગ, એરકંડીશન્ડ લોબી, જીમ, સેપરેટ સોસાયટી ઓફિસ, તદ્દન નવું બિલ્ડિંગ, વેચાણથી. ''ઓનર''- 9820156133. (બી-૧૫૮૮૧)

## ૧૭. જગ્યા આપવી છે

**કાંદિવલી (વેસ્ટ)**
એમ. જી. રોડ, શ્રી સ્વામિનારાયણ મંદિર પાસે, સ્ટેશનથી 7 મિનિટે, ૨જી. સોસાયટી, સ્પેશિયસ 2 બેડરૂમ ફલેટ, પ્રાઈમ લોકેશન હવેલી/દેરાસર પાસે, રેડી પઝેશન (રીડેવલપમેન્ટ ટૂંક સમયમાં) agent: 8657422167. (જેપી-૪૯૯૬-સી)

**બોરીવલીમાં**
ઓબેરોયમાં - રીવાલી પાર્કમાં - લોઢામાં - કલ્પતરુમાં - ગોદરેજમાં લેવા/વેચવા/ભાડેથી - ''શ્રીજી'' 98200 45571. (જેપી/ ૪૯૯૦-એચ)

**કાંદિવલી**
ઠાકુર કોમ્પ્લેક્સમાં ''1 બેડ+પાર્કિંગ'' કાણકિયા પાર્કમાં 97,00,000/- ''શ્રીજી'' 9820045571. (જેપી-૪૯૯૦-ડી)

**ઘાટકોપર - વિદ્યાવિહાર - ચેમ્બુર - તિલકનગર**
ફલેટ, ઓફિસ, દુકાન, ભાડેથી/ વેચાણથી લેવા - વેચવા ''પંકજ નરેન્દ્રભાઈ વોરા'' ૯૩૨૧૧૦૩૨૪૯. (૧૫૯૮૬-એ)

**વાલકેશ્વર**
3 બેડરૂમ - 900' - કાર્પેટ - પાર્કીંગ - 5,25,00000/= નેગોશીએબલ શાહ - 9820068382. (૧૫૩૫૭-એ)

**ગામદેવી**
2 બેડરૂમ - 825' - કાર્પેટ - પાર્કીંગ - 4,15,00000/= નેગોશીએબલ - શાહ - 9820068382. (૧૫૩૫૭-બી)

**નાનાચોક**
3 બેડરૂમ - 970' - 2 પાર્કીંગ -ફર્નિસ્ટ - 7,50,00000/= નેગોશીએબલ - શાહ - 9820068382. (૧૫૩૫૭-સી)

**ગામદેવી**
3 બેડરૂમ - 825' - પાર્કીંગ -સી.વ્યુ - 4,75,00000/= નેગોશીએબલ - શાહ - 9820068382. (૧૫૩૫૭- ડી)

**વાલકેશ્વર**
પેડર, નેપીયંસી, બ્રીચ કેન્ડી, અલ્ટામાઉન્ટ, તારદેવ, ગોવાલિયા ટેંક, મરીન ડ્રાઈવ, ચર્ચગેટ, કફ પરેડ, આકર્ષક ફલેટો/ કોમર્શીયલ લેવા/ વેચવા અને લીવલાઈસન્સથી હાર્દિક એસ્ટેટ- ૯૮૨૦૦૫૬૫૩૩. (એસડીબી-૨૬૭૩)

**અંધેરી**
**વેસ્ટમાં 1 BHK S.V. Road ભાડાથી/ ઈસ્ટમાં 2 BHK ભાડાથી- વેચાતા 1.75 CRમાં સ્ટેશન નજીક લેવા સારી તક 9820601794 Bharat Mayani (એસડીબી-૨૬૭૨)**

**ચોપાટી પાસે બાબુલનાથ નજીક**
જૂના ભાડે (૩૫૦ કાર્પેટ) એક રૂમ અને કિચન (૨૪ કલાક પાણી) (પાર્કીંગ) (રીડેવલપમેન્ટ થશે) વેચાણથી ૧૩૦ લાખ (નેગોશીએબલ) 9136430653. (એસડીબી-૨૬૭૪)

**પરેલ**
2 બેડરૂમ ફર્નીશ્ડ-2,60,00,000/- - લેવા- વેચવા- લીઝ- ફાઈનાન્સ ''નિતીન''- 9867222020. (૫-એ)

**ચર્ચગેટ**
3 બેડરૂમ 1450', 7,50,00,000/- લેવા- વેચવા- લીઝ- ફાઈનાન્સ ''નિતીન''- 9867222020. (૫-બી)

**લોઅર પરેલ**
વલ્ડ ટાવર, 4 બેડરૂમ 2700', સીલિંક વ્યુ, 3 પાર્કિંગ, 16,00,00,000/- ''નિતીન''- 9867222020. (૫-સી)

**વિલેપાર્લે વેસ્ટ**
**લીવ લાઈસન્સથી 4 બેડરૂમ્સ સેમી ફર્નીશ્ડ ફલેટ 1236' 11th ફલોર નવું મકાન બજાજ રોડ, આપવાનો છે. એજન્ટઃ અશ્વીન મરચન્ટ ૯૮૧૯૮૭૪૫૧૫. (૭-સી)**

**વિલેપાર્લે વેસ્ટ**
**ઓનરશીપથી 4 બેડરૂમ્સ 1305' 12th ફલોર 2 ફલેટ નવું મકાન ૭૪૦' ૨ બેડરૂમ ૧૧મે અને10મે માળે, બજાજ રોડ, આપવાના છે. એજન્ટઃ અશ્વીન મરચન્ટ ૯૮૧૯૮૭૪૫૧૫. (૭-ડી)**

**વિલેપાર્લે (ઈસ્ટ)**
વેચાણથી 1505' કારપેટ, હાયર ફલોર, 4 પાર્કિંગ અને OC સાથે, બ્રાન્ડ ન્યુ બિલ્ડીંગ, દીક્ષિત રોડ, ઈસ્ટ/ વેસ્ટ એન્ટ્રી, ''નવકાર એસ્ટેટ'' ધીરેન ગડા- 9594925992. જતીન વીરા- 9119512675 (જેપી/ ૪૯૯૭-ડી)

**સાન્તાક્રુઝ વેસ્ટ**
1 બેડ 525 કારપેટ નિયર સ્ટેશન સેલ/ ભાડા પર 7045622403. (બી-૧૬૦૯૦)

**વિલેપાર્લે (ઈસ્ટ)**
વેચાણથી- બ્રાન્ડ ન્યુ ટાવરમાં, 3 B H K 1030' કારપેટ, હાયર ફલોર, પાર્કિંગ અને OC સાથે, રેડી ટુ મુવ, રામમંદિર રોડ, ચિંતામણી દેરાસર નજીક, ''નવકાર એસ્ટેટ'' ધીરેન ગડા- 9594925992 જતીન વીરા- 9119512675. (જેપી/૪૯૯૭-સી)

**સાંતાક્રુઝ (વેસ્ટ)**
વેચાણથી- 3 BHK, 938' કારપેટ, હાયર ફલોર, ઇસ્ટ/વેસ્ટ એન્ટ્રી, નવું બિલ્ડીંગ 2 પાર્કિંગ અને OC સાથે, આશા પારેખ હોસ્પિટલ પાસે. ધીરેન ગડા- 9594925992 જતીન વીરા- 9119512675. (જેપી/ ૪૯૯૭-બી)

**10TH KHETWADI**
3 BHK for Sale, Fully Furnished, 1275 sqft 2 Parking, Higher Floor, 6.11 Cr. 9821249991. (15995-B)

FOR SALE LUXURIOUS 3 BHK Flat fully furnished Shilaj Opp. Taj Ahmedabad. 8153888008. (B-16091)

## ૧૭. જગ્યા આપવી છે

**SICKA NAGAR**
1 BHK for Sale 470 sqft 1.95 Cr. 9821249991. (15996-B)

**SICKA NAGAR**
3 BHK for Sale, 940' 1 Parking, 5.25 Cr. 9821249991. (15996-B)

**BORIVALI WEST**
2 Bedroom, 3 Washroom, 2 Parking, TPS Road, New Building, @55000/- Rent. Shree Vardhaman Realtors. 7666270456. (B-16085)

**SOUTH MUMBAI / ATTRACTIVE PRICE**
2 BHK Kemps Corner, 800 sq.ft. Compound, Parking, Asking 3.75 Cr. Full maintained, Immediate Possession. For Sale / Purchase / Lease, 1/2/3/4 BHK, Shop, Office, Showroom, Warehouse. 'Ashok Turakhia' 9820777676. (B-16083)

## ૧૯. ફેકટરી વર્કશોપ

**રે રોડ સ્ટેશન નજીક**
ગ્રાઉન્ડ ફલોર ૧૧૦૦ ફુટ+ મેઝનીન ૬૦૦ ફૂટ ટોઈલેટ બાથરૂમ એટેચ ૨) ૭૨૦૦ ફુટ ગ્રાઉન્ડ+ ૧લો માળ, પાવર- પાણી સાથે આઉટ રાઈટથી આપવાનું છે. સંપર્કઃ જીતુભાઈ- 9821041515/ 9702434343. (એસડીબીજી-૨૬૪૭)

**દાદર પૂર્વ**
(વડાલા રામ મંદિર પાસે) ઈન્ડસ્ટ્રીયલ યુનિટ ભાડેથી/ ઓનરશીપથી આપવાનું છે. કાર્પેટ એરિયા ૧૬૬૧ અને ૧૧૦૦ ફુટ લોફ્ટ, એક રીઝર્વ પાર્કિંગ. કલાઉડ કિચન/ ઓફિસ/ ઈન્ડસ્ટ્રીયલ/ કોલસેન્ટર/ ફેકટરી માટે ખાસ લાયક. સંપર્કઃ જીતુભાઈ- ૯૭૦૨૪૩૪૩૪૩ / ૯૮૨૧૦૪૧૫૧૫. (એસડીબીજી-૨૬૬૭)

**વસઈ**
**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા- ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

**વસઈ - કામણ**
**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

**MIDC Taloja L-block on L&L**
Shed area: 690 sq. mtrs +Open Space area: 400 sq.mtrs; Shed Floor: 1.5 Ft (Above Road Level) & PCC 6", RCC boundary wall.
Call: 9833309050
(B-16089)

**INDEPENDENT FACTORY**
Premium Location Land & Sheds 17K, 32K Kandivali Charkop, Dahisar Highway, 40K TTC Rabale, MIDC Patalganga, Kaman - Vasai. Sale / Lease. Ideal for MNC. Milan Kamdar (Since 1984) 9820017603. (KP-2530-A)

## ૨૦. ધંધાદારી જગ્યા

**મસ્જિદ બંદર**
કાઝી સૈયદ સ્ટ્રીટ, નરસી નાથા સ્ટ્રીટ, સેમ્યુલ સ્ટ્રીટ, નાગદેવી, નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, ઓફિસ, ગોડાઉન લેવા - વેચવા / ભાડેથી. ''લક્ષ્મીકાંત ભટ્ટ'' (યુઈ) ૯૮૨૧૩૦૭૨૬૨, ૯૩૨૧૨૪૪૧૯૧. (૧૫૯૪૦-એ)

**ઓફિસ ભાડેથી**
**કપુરવાલા બિલ્ડીંગ, મસ્જિદ બંદર વેસ્ટ, 260 કારપેટ ફુલ્લી ફર્નિશ્ડ. 7021802511. (૧૫૯૭૮-એ)**

**ઓફિસો/ગોદામો**
મસ્જીદ બંદર (ઈસ્ટ/વેસ્ટ) નાની મોટી જગ્યાઓ ભાડેથી/ ઓનરશીપ લેવા/ વેચવા મળો- મહેશ શાહ- 9820253026/ 022-23422261. (એસડીબીજી-૨૬૬૯)

**PRELEASED OFFICE**
**મહિને 60,000/= ભાડેથી લાગેલી, ઓફિસ વેંચવાની (1.44 CR) (300'+ 300' LOFT). યુઝેબલ - 600' મહાવીર નગર, CROMA/D'MART પાસે કાંદિવલી (વેસ્ટ) (2 પાર્કિંગ સાથે) ઓનરઃ 7666644727. (૧૫૯૬૫-સી)**

**નાગદેવીમાં દુકાન**
૨૨૦ કાર્પેટ, રોડ ફેસીંગ, મોકાની, કોમર્શિયલ, ઓફિસ લાયક, પહેલે માળે, નાગદેવીમાં મોહમ્મદઅલી રોડ નજીક, ઓનરશીપથી વેચાણમાં (૧,૧૦,૦૦,૦૦૦). ઓનર- 9004030903. (૧૫૯૯૦-એ)

**દાદર (વેસ્ટ)**
સ્ટેશનની બાજુમાં, રોડ ફેસીંગ, 2500', પ્રિલીઝડ, બેકઓફિસ, કલાસીસ લાયક જગ્યા, ૨જે માળે વેચાણથી. જેન્યુઈન પાર્ટી-દલાલ સંપર્કઃ 9324406269 (10-1, 5-8). (૧૫૯૯૦-સી)

## ૨૦. ધંધાદારી જગ્યા

**Juhu Scheme**
ભાડેથી Shop 240' carpet વૈશાલી શોપીંગ, આપવાની છે. યશ મહેતાઃ 9833766747. (૧૫૯૮૦-એ)

**અંધેરી-મરોલ**
ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં સેન્ટ્રલી એરકન્ડીશન ઓફિસ 1000' + 1000' કારપેટ, ફુલ્લી ફર્નિશ્ડ, વેચાણથી/ ભાડેથી. એજન્ટ દિનેશ ઠક્કર - 9819337299. (૧૫૯૫૯-સી)

**વિલેપાર્લે વેસ્ટ**
**લીવ લાઈસન્સથી ઓફિસો ડી જે રોડ ૧૧૫૦' 603' 450' 1030' 225' + 225' આપવી છે. એજન્ટઃ અશ્વીન મર્ચન્ટ 9819874515. (૭-એ)**

**રૂનવાલ સેન્ટર, ચેમ્બૂર**
**ઓફીસ ૪૫૦૦ સ્કવેઅર ફીટ (પૂરા ફલોર), ૨ કાર પાર્કિંગ, ભાડેથી. ૯૮૨૦૦૭૨૫૫૭ (૯ થી ૭). (એસકે/ ૨૩૨૩-એ)**

**સી.પી. ટેન્ક સર્કલ**
ભોય તળીયે, કોમર્શિયલ જગ્યા, આશરે ૧૧૦૦ ફુટ, લીવ લાયસન્સથી આપવાની છે, રેડી કબજો, 9820034317. (બી-૧૬૦૮૨)

**કાંદિવલી પશ્ચિમ**
લિંક રોડ પાસે સારા ભાડે લાગેલી દુકાનો વેચાણથી, કાર્પેટ ૩૨૨, ૪૩૩, ૧૦૦૦. રેન્ટ ૯૦, ૧૦૦, ૨૪૦ K. રેટ ૨.૮, ૩.૮, ૮.૨ Cr. ફૂલ પેકેજ. બ્રોકર્સ આવકાર્ય. ઓનરઃ ૯૮૧૯૮૨૭૭૧૪. (બી-૧૬૦૮૮)

**OFFICE FOR RENT**
Dadar W. 2 mins Walk from Dadar Stn. Multiple Options available - 1000' - 2000' - 4000' - 10000'. Independent Commercial Bldg. with Parking. Call: Monish 9819006163. (15994-A)

**SHOPS- GODOWN**
For Sale- Rent, Temble Pada Road, Pandav Kunj Bhandup (West) Lg 4 & 5 area 665' Ideal for Bank, Salon Retail Shop etc Owner 022-66318562- 66311728- 9930647494- 9821936787. (JP/4995-B)

**LOWER PAREL**
1200 sqft Office Premises available for Leave & Licence. Only WhatsApp 7304472581 (Owner). (SDB-2660)

**SALE - RENT**
Office Tendice - 69 Andheri East 689' off W. E. Highway off Suren Road, Ready Possession, New Building ph Owner 022-66318562- 66311728- 9930647494- 9821936787. (JP/4995-A)

**PRESTIGE CHAMBERS, Masjid Bandar 1000 sq ft, Quote: ₹ 16,000/- per sqft Commercial space available for Sale Dnyanesh Sarang 9819620382. (SK/2323-A)**

**GOREGAON - MALAD,**
Kandivali, Andheri 600 to 30000 sqft. Office / Ind. Unit / Godown for M.N.C./IT / Corporates L.L/ Outright. Agarwal Estate Consultant 9820232273. (B-16084)

## ૨૩. મનોરંજન

**''પ્રાર્થના- 6500/-''**
''દાંડિયા'', ''સંગીતસંધ્યા'', ''લગ્નગીત'', ''બર્થડે'', ''એનિવર્સરી'', ''ડીજે'':- 9820889938. (૧૬૦૦૦-એ)

**હાસ્ય ધમાકા**
**હાસ્ય દરબાર + ડાયરો + સંગીત સંધ્યા + લગ્ન ગીત + ગેમ્સ. 9820464530. (૧૫૯૬૨-એફ)**

**નાટક-મ્યુઝીકલ**
સોશ્યલ- પીકચર 16 ગ્રુપોઃ મુંબઈ- પાર્લા- મલાડ- બોરીવલીમાં રવિવારે- 7021276622. (૧૫૯૮૩-જી)

## ૩૧. નાણાંકીય

**શેરબજાર**
કમોડિટીના ટ્રેડિંગ માટે App જોઈએ છે. સંપર્ક 9004260508-8108508134. (જેપી/ ૪૯૯૫-એફ)

**FINANCE REQUIRED**
7 કરોડ, ફક્ત પ્રાઈવેટ ફાઈનાન્સ જોઈએ છે સંપર્ક યોગેશ વ્યાસ 9004260508-8108508134. (જેપી/૪૯૯૫-જી)

**PHYSICAL SHARES, INHERItance Shares, IEPF matter please contact for Trustful Guidance: 8910897049. (SDBG-2671)**

## ૩૨. જમીન-મિલકત

**બોઈસર ઈસ્ટ**
**દહિસર- ચેકનાકાથી ૭૫ કી.મી. સુર્યા નદી, બરોડા એક્સ. વે, બૂલેટ ટ્રેનથી ૧૦ કી.મી., ૨૫ ફાર્મ હાઉસની વચ્ચે, ૨ એકર, ફાર્મ હાઉસ વેચાણથી આપવું છે. (૭૦ રાજાપુરી આંબાના વૃક્ષ, ૩ બેડરૂમ હોલ કિચન, ૨૦૦૦ સ્કે. ફીટનો બંગલો, સંપૂર્ણ એમેનિટિસ સાથે, અલગ સર્વન્ટ રૂમ, ૨ બોરવેલ ૨૪ કલાક પાણી, નો પાવરકટ). ફોનઃ ૯૮૨૦૫૪૪૪૦૬ (બ્રોકર આવકાર્ય)* (બી-૧૬૦૭૭)**

## ૩૨. જમીન-મિલકત

**''શાહાપુર- આજા પર્વત''**
૫૨ ફુલ્લી ડેવલોપ પ્રીમિયમ N.A. પ્લોટ તેમજ ફાર્મહાઉસ પ્લોટ લેવા- 9869108628. (જેપી-૪૯૯૫-ઈ)


**AGRICULTURE PLOT SALE AT KARJAT**
**Agricultural Plot 30000 Sq. Ft. Rate 300/- per Sq. Ft. Available for Sale. Complete Tar Fencing, Main Entrance Gate, Single Owner. Ideal for Resort, Farmhouse, Home Stay, Etc. Contact: 9821114355/ 9321807605. (15992-G)**

## ૩૩. ધંધાદારી

■ અમેરિકા, લંડન, કેનેડા, યુરોપ, વિદેશોમાં પાર્સલ મોકલવા. ક્વિક ઍર- 9619756991. (બી-૧૬૦૪૮)

**એક્સપ્રેસ એડવર્ટાઈઝીંગ**
મોક્ષપ્લાઝા બોરીવલી (વેસ્ટમાં) ન્યુઝપેપરમાં જાહેરાત, નોટીસો, શ્રધ્ધાંજલી સમયસર છપાવવાઃ 9820401077. (૧૫૯૮૨-એચ)

**દુનિયાભરમાં પાર્સલ**
નાસ્તો, મસાલા, કપડાં, બીજો સામાન હોલસેલમાં અમેરિકા, કેનેડા યુરોપ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુકે, દુબઈ, સિંગાપુર. - 9769691025 / 26822572. (બી-૧૫૯૯૬)

**SARTHAK BIRD NET**

કબુતર જાળી
ચૂહા જાળી
ઈનવીઝીબલ ગ્રીલ
નાયલોન સેફટી નેટ
૩ વર્ષની વોરંટી
Jitu
93214 74132
(બી-૧૬૦૩૨)

**હવે નહીં લપસવું/ પડવું**
એન્ટીસ્કિડ ટ્રીટમેન્ટથી બાથરૂમ અને સોસાયટી બનાવો સલામત ઝોન. 9324785234. (સોસાસટીમાં ડેમો આપશું.). (૧૫૯૮૩-એચ)

**''કેસર કેરી''**
વલસાડની પ્રખ્યાત (વર્લ્ડ ફેમસ) ઘેર બેઠા મંગાવો 9427577771. (૧૫૮૭૪-એ)

**સ્ટેમ્પ ડયુટી**
**રજીસ્ટ્રેશન**
**એડજુડીકેશન**
**ઈન્ડેક્સ II**
**પોઈંટ એડવાઈઝરી**
**9029077715**
(બી-૧૬૦૯૨)

■ ચારેબાજુ ધમધોકાર બિઝનેશ, સલામત આવક છતાં ક્યાં સુધી દુઃખ વેઠશો, 9377992110, 9867510027. (બી-૧૬૦૮૭)

**ONLINE REGISTRATION**
Flat / Shop Leave & License. Call: 9833986526 / 8652586526. (SDB-2662)

## ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ) 9773226675, 9326448699 (કાંદિવલી). (૧૫૯૮૨-ડી)

**ACE પેસ્ટીસાઈડ**
(1993થી) ઉધઈ, વાંદા, માંકડ. કાંદિવલીઃ 9833523290, 9220789533, ચીરાબજારઃ 9029181030. (૧૫૯૯૨-એ)

## ૪૬. વોટર પ્રુફિંગ

**વોટરપ્રુફીંગ વર્ક**
PU ફોમ. ઈન્જેકશન ગ્રાઉન્ટીંગ, તોડયા વગર વોટર પ્રુફીંગ વર્ક- બાથરૂમ, ટોયલેટ, સ્વિમીંગ પુલ, વોટર ટેન્ક, પોડિયમ સાથે ટેરેસ. 9136328369. (૧૫૩૫૯-ડી)

**વોટરપ્રુફીંગ એક્સપર્ટ**
બિલ્ડિંગ રીપેરીંગ, છજીયા, ટેરેસ, બાથરૂમ, આઉટસાઈડ વોલ. 7977141377. (૧૫૩૫૦-બી)

## ૫૨. કુરીઅર્સ

■ વિદેશમાં અમેરિકા, લંડન, EUROPE, AUSTRALIA, CANADAમાં વસતા સ્નેહીજનોને પાર્સલ મોકલવા માટે. અંધેરી East 9825305632, 9320095632. (બી-૧૬૦૪૦)

**મનસ્વી પાર્સલ**
યુરોપ, અમેરિકા, ન્યુઝીલેંડ, ઓસ્ટ્રેલિયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. ૯૮૨૦૧૯૪૭૧૯, ૭૨૦૮૦૧૯૫૧૫. (૧૫૯૭૫-એ)

# શુભાંશુનું અંતરિક્ષગમન મુલતવી

ફલોરિડાઃ ભારતના અવકાશયાત્રી શુભાંશુ શુકલા અને અન્ય ત્રણ અવકાશયાત્રીને લઇને ઇન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન જવા માટેનું મિશન ખરાબ હવામાનને લીધે બુધવારે સાંજ પર મુલતવી રાખવાની મંગળવારે ફરજ પડી હતી.

ઇન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઇઝેશન (ઇસરો)ના અધ્યક્ષ વી. નારાયણે જણાવ્યું હતું કે ફલોરિડામાં સ્પેસપોર્ટ ખાતે હવામાન ખરાબ હોવાથી અવકાશયાનનું ઉડ્ડયન મોકૂફ રાખવામાં આવ્યું હતું.

ભારત, પોલૅન્ડ અને હંગેરી માટે મહત્ત્વનું ગણાતું આ ૧૪ દિવસનું અવકાશી મિશન અગાઉ અમેરિકાના નેશનલ ઍરોનૉટિક્સ ઍન્ડ સ્પેસ એડમિનિસ્ટ્રેશન (નાસા)ના ફલોરિડામાં આવેલા કેનેડી સ્પેસ સેન્ટર ખાતેથી મંગળવારે ભારતીય સમય મુજબ સાંજે ૫.૫૨ વાગ્યે અંતરિક્ષ ભણી ઉપડવાનું હતું, પરંતુ ખરાબ હવામાનને લીધે તે હવે ૧૧ જૂને ભારતીય સમય મુજબ સાંજે ૫.૩૦ વાગ્યે હાથ ધરાશે.

શુભાંશુ શુકલા અંતરિક્ષમાં જનારા બીજા ભારતીય બનશે. અગાઉ, રાકેશ શર્મા ૪૧ વર્ષ પહેલાં એટલે કે ૧૯૮૪માં સોવિયેત રશિયાના સોયુઝ અવકાશયાનમાં બેસીને અંતરિક્ષમાં ગયા હતા.

શુભાંશુ શુકલાનો જન્મ લખનઊમાં થયો હતો.

'એક્સિઓમ-ફૉર' મિશનના બધા ગ્રાહક વિવિધ દેશોની સરકાર જ છે. તેને ફલોરિડાના કેનેડી સ્પેસ સેન્ટરના લૉન્ચ કૉમ્પ્લેક્ષ ૩૯એ ખાતેથી અંતરિક્ષમાં મોકલાશે. તેમાં ભારતના શુભાંશુ શુકલ પાઇલટ છે, જ્યારે કમાંડર પેગી ઉપરાંત નિષ્ણાતો - હંગેરીના ટીગર કાપુ અને પોલૅન્ડના સ્લાવોઝ ઉઝનાન્સ્કી-વિસ્નીવસ્કી છે.

'એક્સિઓમ-ફૉર' અને સ્પેસએક્સની ટીમે રવિવારે પૂરું રિહર્સલ કર્યું હતું.

દરમિયાન, ભારતના વિજ્ઞાન અને ટૅક્નોલૉજી પ્રધાન જિતેન્દ્ર સિંહે જણાવ્યું હતું કે અમને ભારતની અંતરિક્ષમાંની ક્ષમતા અને સિદ્ધિનું ગર્વ છે. આ કામગીરી દ્વારા વિક્રમ સારાભાઇ અને સતીશ ધવનને યોગ્ય શ્રદ્ધાંજલિ અપાઇ છે. (એજન્સી)■

# કેન્યાના અકસ્માતમાં પાંચ ભારતીયનાં મોત

નૈરોબી : કતારમાં રહેતા ઓછામાં ઓછા પાંચ ભારતીયોના કેન્યામાં થયેલા અકસ્માતમાં મરણ થયાં હતાં. ભારતીયો જે બસમાં મુસાફરી કરી રહ્યા હતા તે બસ ખીણમાં ખાબકી ગઈ હતી.

કતારના ભારતના રાજદૂતાલયે કહ્યું હતું કે ૨૮ ભારતીયનું જૂથ કેન્યાની મુલાકાતે ગયું હતું. કેન્યામાં સોમવારે તેમની બસને અકસ્માત નડ્યો હતો. રાજદૂતાલયે એક્સ પર મૂકેલી પોસ્ટમાં કહ્યું હતું કે મળેલી માહિતી પ્રમાણે અકસ્માતમાં પાંચ ભારતીય નાગરિકોના જાન ગયા છે. ભારતના નૈરોબી ખાતેના રાજદૂતાલયના અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા છે અને બધી મદદ કરી રહ્યા છે.

ગલ્ફ ટાઈમ્સે અહેવાલ આપ્યો હતો કે ભારતીયો જે બસમાં મુસાફરી કરી રહ્યા હતા તે નિરંકુશ થઈને ઈશાનની કાઉન્ટી ન્યાનદૌરાની ખાઈમાં પડી હતી. મૃતકોની ઓળખાણ હજી થઈ નથી. ભારતના મિશને બીજી પોસ્ટમાં લખ્યું હતું કે અમે ઈન્ડિયન કલ્ચર સેન્ટર, ઈન્ડિયન કમ્યુનિટી બેનેવોલન્ટ ફોરમ અને ભારતના બીજા સામાજિક જૂથોના સંપર્કમાં છીએ. અકસ્માતમાં માર્યા જનારાના કુટુંબીજનો અને મિત્રો પ્રત્યે અમે સંવેદના વ્યક્ત કરીએ છીએ.

મિશને પૂછપરછ માટે હેલ્પલાઈન નંબર પણ જાહેર કર્યો છે. (એજન્સી)■

# જમ્મુ કાશ્મીરમાં ૧૩૪ અધિકારીની બદલી

શ્રીનગરઃ જમ્મુ અને કાશ્મીર સરકારે ૧૩૪ અધિકારીઓની બદલી કરી છે. મંગળવારે તાત્કાલિક અસરથી ૧૩૪ અધિકારીઓની બદલી અને નિમણૂકના આદેશો જાહેર કરવામાં આવ્યા હતા. જમ્મુ અને કાશ્મીર સરકારના આદેશ પર કમિશનર સેક્રેટરી જનરલ એડમિનિસ્ટ્રેશન ડિપાર્ટમેન્ટે જમ્મુ અને કાશ્મીર એડમિનિસ્ટ્રેટિવ સર્વિસ (જેકેએએસ) ના અધિકારીઓની બદલીઓ કરી હતી.

આદેશમાં કહેવામાં આવ્યું છે કે બદલીઓ અને નિમણૂકો વહીવટના હિતમાં કરવામાં આવી છે. ■

# બજાર અથડાઇ ગયુંઃ સેન્સેક્સ લપસ્યો, નિફ્ટી ૨૫,૧૦૦ ઉપર ટકી રહ્યો, વિશ્લેષકોની ચેતવણી છતાં સ્મોલકૅપમાં લેવાલી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મંગળવારે અફડાતફડીમાંથી પસાર થઇને અંતે બજાર અથડાઇ ગયું હતું. સેન્સેક્સમાં પીછેહઠ જોવા મળી હતી જ્યારે, નિફ્ટીએ ૨૫,૧૦૦ની સપાટી ટકાવી રાખી હતી. વિશ્લેષકો સ્મોલ કેપમાં વેલ્યુએશન્સ અને કમાણી સંદર્ભે ચેતવણી આપી હોવા છતાં આ કેટેગરીના શેરમાં લેવાલી અને સુધારો જોવા મળ્યો હતો.

બંધ સમયે, સેન્સેક્સ ૫૩.૪૯ પોઈન્ટ અથવા ૦.૦૬ ટકા ઘટીને ૮૨,૩૯૧.૭૨ પર બંધ થયો હતો, અને નિફ્ટી ૧.૦૫ પોઈન્ટ વધીને ૨૫,૧૦૪.૨૫ પોઇન્ટની સપાટી પર બંધ થયો હતો. કુલ ટ્રેડ઼ેડ શેરોમાંથી લગભગ ૨૧૬૦ શેર વધ્યા હતા, ૧૭૨૩ શેર ઘટ્યા હતા અને ૧૩૬ શેર યથાવત રહ્યા હતા.

રિલાયન્સ, એચડીએફસી બેન્ક અને આઇસીઆઇસીઆઇ બેન્ક જેવા ઇન્ડેક્સ હેવીવેઇટ શેરોમાં ભારે પ્રોફિટ બુકિંગ જોવા મળ્યું હતું. ટોપ ગેઇનર્સ શેરોમાં એશિયન પેઇન્ટ, બજાજ ફાઇનાન્સ, ટાટા સ્ટીલ, બજાજ ફિનસર્વ, આઇસીઆઇસીઆઇ બેન્ક, મારુતિ, રિલાયન્સ, એચડીએફસી બેન્ક અને એમએન્ડએમનો સમાવેશ હતો. જ્યારે ટેક મહિન્દ્રા, ટાટા મોટર્સ, ઇન્ફોસિસ, એચસીએલ ટેક, ઇન્ડસઇન્ડ બેન્ક અને અલ્ટ્રાટેક ટોપ ગેઇનર્સ રહ્યા હતા. પ્રાઇમરી માર્કેટની હલચલમાં પંપ અને મોટર ઉત્પાદક ઓસ્વાલ પમ્પ્સે તેના જાહેર ભરણાં માટે પ્રાઇસ બેન્ડ રૂ. ૫૮૪થી રૂ. ૬૧૪ પ્રતિ શેર નક્કી કરી છે. શ્રમતા વિસ્તરણ અને મૂડીખર્ચ સહિતના ઓબ્જેક્ટ ધરાવતું, કુલ રૂ. ૮૯૦ કરોડનુ આ ભરણું ૧૩ જૂનના રોજ ખુલશે અને ૧૭ જૂનના રોજ બંધ થશે. એન્કર ઇન્વેસ્ટર બિડ ૧૨ જૂને ખૂલશે અને બીએસઇ તથા એનએસઇ પર લિસ્ટિંગ ૨૦ જૂને થવાની સંભાવના છે. કેન્ટ આરઓ, કર્ણાટક એન્જિનિયરિંગ, મંગલ ઇલેક્ટ્રિકલ્સ અને વિદ્યા વાયર્સને આઇપીઓ માટે સેબીની મંજૂરી મળી છે.

નિફ્ટીમાં ટોચના વધનારા શેરોમાં ગ્રાસીમ ઇન્ડસ્ટ્રીઝ, ડો. રેડ્ડીઝ લેબ્સ, ટેક મહિન્દ્રા, ટાટા મોટર્સ, ઇન્ફોસિસ સમાવિષ્ટ હતા, જ્યારે ઘટનારા શેરોમાં ટ્રેન્ટ, એશિયન પેઇન્ટ્સ, બજાજ ફાઇનાન્સ, ટાટા સ્ટીલ, બજાજ ફિનસર્વ સમાવિષ્ટ હતા. મોરચે, રિયલ્ટી ઇન્ડેક્સ એક ટકા ઘટ્યો હતો, જ્યારે આઇટી ઇન્ડેક્સ ૧.૭ ટકા વધ્યો હતો, મીડિયા ઇન્ડેક્સ એક ટકા વધ્યો હતો અને પાવર ઇન્ડેક્સ લગભગ એક ટકા વધ્યો હતો. બીએસઈ મિડકેપ ઇન્ડેક્સ ફ્લેટ બંધ થયો હતો, જ્યારે બીએસઈ સ્મોલકેપ ઇન્ડેક્સ ૦.૩ ટકા વધ્યો હતો.

બીઇએલ, બીઇએમએલ, ડેટા પેટર્ન અને અન્ય ડિફેન્સ સ્ટોક્સમાં પાંચ ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો. મોર્ગન સ્ટેન્લીના રેટિંગ અપગ્રેડેશન બાદ ગ્રાસીમ ઇન્ડસ્ટ્રીઝના શેરમાં ચમકારો જોવા મળ્યો હતો. ટાટા મોટર્સમાં સારા વોલ્યુમ સાથે ઉછાળો જોવા મળ્યો હતો. હિંદુસ્તાન ઝિન્કમાં ચાર દિવસમાં ૧૭ ટકાનો ઉછાળો જોવા મળ્યો છે.

સુઝલોન એનર્જીમાં પ્રમોટર્સ ફોમીલી બલ્ક ડીલમાં ૧.૪૫ ટકા હિસ્સો વેચશે. ઇલેક્ટ્રિસિટ ડેરિવેટીવ્ઝ માટે એમસીએક્સને સેબીની મંજૂરી મળી છે. ટાટા મોટર્સ ૨૦૩૦ સુધીમાં સાત નવા મોડલ સહિતના પ્રોડક્ટ લોન્ચ માટે રૂ. ૩૩,૦૦૦ કરોડથી રૂ. ૩૫,૦૦૦ કરોડનું રોકાણ કરશે. કોન્ટીનેન્ટલ પીવી બિઝનેસના વિસ્તરણ માટે રૂ. ૧૦૦ કરોડનું રોકાણ કરશે.

સ્ટેટ બેન્કે સરકારને ૨૦૨૫ માટે ડિવિડંડ પેટે રૂ. ૮૦૭૬.૮૪ કરોડની ચૂકવણી કરી છે. વેદાંતા રૂ. ૫૦૦૦ કરોડના એનસીડી ફંડનો ઉપયોગ હાઇ કોસ્ટ ડેટ ઘટાડીને રૂ. ૩૫૦ કરોડનો વ્યાજ ખર્ચ બચાવવા માટે કરશે. અદાણી જૂથે નાણાકીય વર્ષ ૨૦૨૫ના કરવેરાની ચૂકવણી માટે રૂ. ૭૫,૦૦૦ કરોડનો અંદાજ જાહેર કર્યો છે. સેઇલે પાછલા વર્ષે અંદાજે રૂ. ૭૫૦ કરોડનું કરજ ઘટાડ્યું છે. જાહેર ક્ષેત્રની સેન્ટ્રલ બેન્કે રૂ. ૫૭ કરોડના રોકાણ સાથે ફ્યુચર જેનરાલી ઇન્ડિયા લાઇફ ઇન્સ્યુરન્સનો ૨૫.૧૮ ટકા હિસ્સો હસ્તગત કર્યો છે.

ચાઇના અને અમેરિકાની વાટાઘાટો સફળ થવાની વધતી આશા વચ્ચે ગ્લોબલ ઇક્વિટી માર્કેટમાં સુધારાનો પવન ફૂંકાયો હતો. એશિયાઇ શેરબજારોમાં પણ સુધારો જોવા મળ્યો હતો. રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાની અણધારી નીતિગત હળવાશ, અમેરિકાના મજબૂત જોબ ડેટા અને યુ.એસ.-ભારત વેપાર વાટાઘાટોમાં સકારાત્મક પરિણામ આવવાની આશા સ્થાનિક ઇક્વિટી માર્કેટને ટેકો આપી જ રહી છે, પરંતુ ફાઇનાન્શિયલ સ્ટોક્સમાં પ્રોફિટ બુકિંગ જોવા મળ્યું હતું. આરબીઆઈ દ્વારા રેપો રેટમાં ૫૦ બેસિસ પોઈન્ટ અને સીઆરઆરમાં ૧૦૦ બેસિસ પોઈન્ટનો ઘટાડો કરવાના આક્રમક પગલાથી બજારના સેન્ટિમેન્ટ્સમાં ઉત્સાહ જોવા મળ્યો છે. યુ.એસ.-ભારતની વેપાર વાટાઘાટોમાં પ્રગતિ જોવા મળી છે. બંને દેશ નવમી જુલાઈની સમયમર્યાદા પહેલા કૃષિ અને ઓટોમોબાઈલ ક્ષેત્રોમાં ટેરિફ ઘટાડા પર કેન્દ્રિત વચગાળાના કરાર તરફ કામ કરી રહ્યા હોવાનું ભારત સરકારના સાધનોએ જણાવ્યું હતું.

ટોચની સ્ટોક બ્રોકિંગ ફર્મના રિસર્ચ હેડે જણાવ્યું હતું કે, રિઝર્વ બેન્ક દ્વારા વ્યાજદરમાં ઘટાડા અને ભારત-અમેરિકા વેપાર કરાર પોઝિટિવ રહેવા અંગેના આશાવાદને કારણે બજારો પોઝિટિવ ઝોનમાં આગળ વધી શકે છે. કરારના પ્રથમ તબક્કાને અંતિમ સ્વરૂપ આપવા માટે બંને દેશોના અધિકારીઓ નવી દિલ્હીમાં મળે તેવી અપેક્ષા છે.

જોકે, વિશ્લેષકોએ ચેતવણી પણ આપી હતી કે નવા યુએસ ટેરિફ અને ભૂ-રાજકીય તણાવ જેવા વૈશ્વિક મુદ્દાઓ બજારની અસ્થિરતાનું કારણ બની શકે છે. જ્યારે આરબીઆઈનું સાહસિક પગલું અને સ્થિર જીડીપી દૃષ્ટિકોણ આત્મવિશ્વાસને ટેકો આપે છે, ત્યારે વૈશ્વિક અનિશ્ચિતતા હજુ પણ જોખમ ઊભું કરે છે. વિદેશી ફંડોનું વલણ આગળ કેવું રહે છે એ પણ મહત્ત્વની બાત છે. ભારતીય બજારમા એફઆઇઆઇએ સાત સત્રમાં આઠ હજાર કરોડ રૂપિયાથી વધુ વેચવાલી કરી છે. વિશ્લેષકોને કોર્પોરેટ સેકટરના નાણાકીય પરિણામો નબળા રહેવાની આશંકા છે. કોર્પોરેટ ઈન્ડિયાના તાજેતરમાં માર્ચ ૨૦૨૫ના અંતના ચોથા ત્રિમાસિકના નાણાકીય પરિણામો એકંદર સારી વૃદ્ધિના જાહેર થવા છતાં સમીક્ષકો ચાલુ પૂર્ણ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ અને વર્ષ ૨૦૨૬-૨૭ માટે સાવચેતી સાથે વૃદ્ધિના અંદાજો ઘટાડીને મૂકવા લાગ્યા છે.

# ખાંડમાં માગ અનુસાર મિશ્ર વલણ

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગ ખપપૂરતી મર્યાદિત રહેતાં ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૨૦ના ઘટાડા સાથે રૂ. ૩૭૩૦થી ૩૭૭૦માં થયાના અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં મથકો પરના નિરુત્સાહી અહેવાલે સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં ઉપલા મથાળેથી રૂ. ૨૦નો ઘટાડો આવ્યો હતો, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં માગને ટેકે ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૦થી ૧૨નો સુધારો આવ્યો હતો. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે મથકોના નિરુત્સાહી અહેવાલો અને માગ પણ ખપપૂરતી રહેતાં ભાવમાં ક્વિન્ટલે રૂ. ૨૦નો ઘટાડો આવ્યો હતો. આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ પણ ખપપૂરતી રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. જોકે, આજે સ્મોલ ગ્રેડની ખાંડમાં મથકો પરનાં નિરુત્સાહી અહેવાલ, અમુક માલોની નબળી ગુણવત્તા તેમ જ ખપપૂરતી માગ રહેતાં તેના વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૨૦ના ઘટાડા સાથે રૂ. ૩૯૦૨થી ૩૯૫૨માં થયા હતા.


PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**પશ્ચિમ રેલવે-રતલામ ડિવિઝન**

**ઈ-ટેન્ડર નોટિસ**

ટેન્ડર નોટીસ નં. M247GLRSRP 252610, તારીખઃ ૦૫.૦૬.૨૦૨૫. કામનું નામઃ ૮૦ ઈલેક્ટ્રિક લોકોમોટિવ્સનું રિપાઈપિંગ. સ્થળઃ CWM/ દાહોદ પશ્ચિમી રેલવેની ઓફિસ. કામની અંદાજિત કિંમતઃ રૂ. ૪,૯૭,૮૪,૬૮૮/- બાના રકમ ડિપોઝિટઃ રૂ. ૩,૯૯,૦૦૦/- ઈ-ટેન્ડરની સુપ્રતિની & ખોલવાની તારીખ અને સમયઃ ઈ-ટેન્ડરની સુપ્રતિ ૨૬.૦૬.૨૦૨૫ના ૧૪.૩૦ ક. સુધી. અને ઈ-ટેન્ડર ખૂલશે તેજ દિવસે ૧૫.૦૦ ક. ટેન્ડર નોટીસ અને દસ્તાવેજો www.ireps.gov.in/ E-Tenders/ Works/ IR Electrical પર ઉપલબ્ધ છે.

Sr. ઈલેક્ટ્ર. એન્જિનિયર (પ.)
રોલિંગ સ્ટોક વર્કશોપ,
દાહોદ, (પશ્ચિમ રેલવે)

DE/17/1/071

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly


# વૈશ્વિક સોનામાં ધીમો સુધારોઃ રોકાણકારોની નજર અમેરિકા-ચીન વચ્ચેની વેપાર વાટાઘાટો પર

## સ્થાનિક સોનામાં ₹ ૪૯૫નો અને ચાંદીમાં ₹ ૧૪૪૦નો ચમકારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ લંડન ખાતે આજે સત્રના આરંભે રોકાણકારોની નજર અમેરિકા અને ચીન વચ્ચે ચાલી રહેલી વેપાર વાટાઘાટો પર હોવાથી સાવચેતીના વલણ વચ્ચે સોનાના હાજર ભાવમાં ધીમો સુધારો આવ્યો હતો અને વાયદામાં નરમાઈનું વલણ રહ્યું હતું, જ્યારે ચાંદીના ભાવમાં ધીમો ઘટાડો આવ્યો હતો. જોકે, સ્થાનિક ઝવેરી બજારમાં આજે ઓવરનાઈટ પ્રોત્સાહક અહેવાલોને ધ્યાનમાં લેતા સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૯૩થી ૪૯૫નો સાધારણ સુધારો આવ્યો હતો, જેમાં શુદ્ધ સોનાના ભાવ ફરી રૂ. ૯૬,૦૦૦ની સપાટી પાર કરી ગયા હતા. તેમ જ ચાંદીના ભાવ કિલોદીઠ રૂ. ૧૪૪૦ના ચમકારા સાથે રૂ. ૧,૦૭,૦૦૦ની સપાટીએ પહોંચ્યા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર સ્થાનિકમાં ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની સટ્ટાકીય લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૧૪૪૦ના ઉછાળા સાથે રૂ. ૧,૦૭,૦૦૦ના મથાળે રહ્યા હતા. તેમ જ સોનામાં જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગ શુષ્ક રહી હોવા છતાં સ્ટોકિસ્ટો અને રોકાણકારોની છૂટીછવાઈ માગને ટેકે વેરારહિત ધોરણે ૧૦ ગ્રામદીઠ ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૪૯૩ વધીને રૂ. ૯૫,૯૭૩ના મથાળે અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૪૯૫ વધીને રૂ. ૯૬,૩૫૯ના મથાળે રહ્યા હતા.

આજે લંડન ખાતે સત્રના આરંભે રોકાણકારોના સાવચેતીના અભિગમ વચ્ચે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૧ ટકાના સુધારા સાથે ઔંસદીઠ ૩૩૨૯.૦૯ ડૉલર આસપાસ અને વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૦૨ ટકા ઘટીને ઔંસદીઠ ૩૩૫૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૨ ટકા ઘટીને ઔંસદીઠ ૩૬.૬૪ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. નોંધનીય બાબત એ છે કે આજે સત્રના આરંભે ડૉલર ઈન્ડેક્સ આગલા બંધ સામે ૦.૧૫ ટકા વધીને ક્વૉટ થઈ રહ્યો હોવાથી પણ સોનામાં સુધારો અટક્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

હાલમાં વિશ્વના બે મોટા અર્થતંત્રો અમેરિકા અને ચીનના વચ્ચે મહત્ત્વનાં ખનીજો પરનાં ટૅરિફના દરો અંગે વાટાઘાટો ચાલી રહી છે અને તેની ફળશ્રુતિની વૈશ્વિક અર્થથંત્ર પર અસર થાય તેમ હોવાથી રોકાણકારોએ સોનામાં નવી લેવાલીમાં સાવચેતીનું વલણ અપનાવ્યું હોવાનું કેસીએમ ટ્રેડનાં વિશ્લેષક ટીમ વૉટરરે જણાવ્યું હતું. જોકે, ગઈકાલે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે અમારું વહીવટીતંત્ર ચીન સાથે સારી વાટાઘાટો કરી રહ્યું છે.

નોંધનીય બાબત એ છે કે ગયા મહિને અમેરિકા અને ચીને ઊંચા ટૅરિફ લાદવાનું મોકૂફ રાખતાં અમુક અંશે નાણાં બજારને રાહત મળી હતી. તેમ છતાં ગત મે મહિનામાં અમેરિકાની ટૅરિફની માઠી અસર પડતાં ચીનની નિકાસ ઘટીને ત્રણ મહિનાની નીચી સપાટીએ રહી હતી અને ફેક્ટરી ગેટ ડિફ્લેશન બે વર્ષની નીચી સપાટીએ રહ્યું હોવાનું આર્થિક આંકડાકીય માહિતીમાં જણાવ્યું હતું.

વધુમાં વૈશ્વિક રોકાણકારોની નજર આવતીકાલે (બુધવારે) જાહેર થનારા અમેરિકાનાં ફુગાવાના ડેટા પર સ્થિર થઈ છે. કેમ કે ફુગાવાન ડેટાની સીધી અસર અમેરિકી ફેડરલ રિઝર્વની આગામી ૧૭-૧૮ જૂનના રોજ યોજાનાર નીતિવિષયક બેઠક પર પડશે. જોકે કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સમાં સાધારણ વધારો અપેક્ષિત છે, પરંતુ જો તેમાં નોંધપાત્ર વધારો જોવા મળશે તો સોનામાં રોકાણકારોની સલામતી માટેની લેવાલી નીકળતા ભાવમાં ચમકારો જોવા મળી શકે છે, એમ ટીમ વૉટરરે જણાવતા ઉમેર્યું હતું કે આર્થિક અને રાજકીય અનિશ્ચિતતા, નીચા વ્યાજદર તેમ જ ફુગાવામાં વધારાના સંજોગોમાં રોકાણકારોની સોનામાં સલામતી માટે લેવાલી રહેતી હોય છે.

# ડૉલર સામે રૂપિયામાં નવ પૈસાનો સુધારો

મુંબઈઃ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં આજે જોવા મળેલા મિશ્ર વલણ ઉપરાંત આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં સુધારાતરફી વલણ રહ્યું હોવા છતાં ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૧૯૯૨.૮૭ કરોડની ચોખ્ખી લેવાલી રહી હોવાથી સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ડૉલર સામે રૂપિયો નવ પૈસાના સુધારા સાથે ૮૫.૫૭ના મથાળે બંધ રહ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું. આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૫.૬૬ના બંધ સામે ૮૫.૬૨ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૫.૬૮ અને ઉપરમાં ૮૫.૫૧ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે સાધારણ નવ પૈસાના સુધારા સાથે ૮૫.૫૭ના મથાળે બંધ રહ્યો હતો.

તાજેતરમાં રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ કેશ રિઝર્વ રેશિયોમાં ઘટાડો કર્યો હોવાથી નાણાબજારમાં પર્યાપ્ત પ્રવાહિતા હોવાથી ફોરવર્ડનાં પ્રીમિયમમાં ઘટાડો થયો છે. આ સિવાય સ્થાનિક તેમ જ વૈશ્વિક સ્તરનાં મહત્ત્વના પરિબળોના અભાવે ડૉલર સામે રૂપિયો ૮૫થી ૮૬ની રેન્જમાં કોન્સોલિડેટ થઈ રહ્યો હોવાનું કોટક સિક્યોરિટીઝનાં કરન્સી અને કૉમૉડિટી વિભાગનાં હેડ અનિંદ્ય બેનરજીએ જણાવ્યું હતું. દરમિયાન આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સમાં ૫૩.૪૯ પૉઈન્ટનો ઘટાડો આવ્યો હતો.


**BRIHANMUMBAI MAHANAGARPALIKA**

**K/પશ્ચિમ વોર્ડ**
**સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ**
**હિતની અભિવ્યક્તિ**

'K/પશ્ચિમ વોર્ડમાં મોટર લોડરની સપ્લાય'ની યોજના અમલમાં મૂકવા માટે, 'K/પશ્ચિમ વોર્ડના અધિકાર ક્ષેત્રમાં નોંધાયેલા રસ ધરાવતા સ્થાનિક રજિસ્ટર્ડ મજૂર સહકારી મંડળીઓ, સેવા સહકારી મંડળીઓ, બેરોજગાર સેવા સહકારી મંડળીઓ, બિન- સરકારી સંસ્થાઓ વગેરે પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે. યોગ્યતા તૈયાર કરવામાં આવશે અને કાર્ય હાથ ધરવા માટે સંસ્થાઓ પસંદ કરવા માટે યોગ્યતા યાદીમાંથી લોટરી કાઢવામાં આવશે.

વિગતો, અરજી ફોર્મ અને ઉદ્દેશ પત્ર માટે, રસ ધરાવતા કંપનીઓએ વેબસાઈટ http://portal.mcgm.gov.in અથવા આસીસ્ટન્ટ એન્જિનિયર (SWM) 'K/પશ્ચિમ વોર્ડની ઓફિસને સંપર્ક કરવો જોઈએ.

સંસ્થાએ ૧૯.૦૬.૨૦૨૫, બ. ૦૧.૦૦ કલાકે અથવા તે પહેલાં વિભાગ ઓફિસમાંથી ટેન્ડર ફોર્મ ખરીદવું જોઈએ અને સંસ્થાએ ૨૦.૦૬.૨૦૨૫ના બ. ૦૧.૦૦ ક. વિભાગ ઓફિસમાં ટેન્ડર ફોર્મ સુપ્રત કરવું જોઈએ.

સહી/-
આસીસ્ટન્ટ એન્જિનિયર
(સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ)
'K/W વોર્ડ

PRO/626/ADV./2025-26

**પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો**



**BRIHANMUMBAI MAHANAGARPALIKA**

**વિભાગઃ ચીફ એન્જિનિયર (મિકેનિકલ & ઈલેક્ટ્રિકલ)**
**નં. E.E.મીકે./EI/૧૬૨૮/મેઈન્ટ. તા. ૧૦.૦૬.૨૦૨૫**

**ઈ-ટેન્ડર નોટીસ**

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર લાયક બિડરો પાસેથી નીચેના કામો માટે ઓનલાઈન ટેન્ડરો મંગાવે છે. બીડ પ્રારંભ તારીખ અને સમય અને બીડ અંતિમ તારીખ અને સમય ટેન્ડર સેક્શન હેઠળ મહારાષ્ટ્ર સરકારની ઈ-પ્રોક્યોરમેન્ટ સિસ્ટમ/B.M.C.ની વેબસાઈટ પર વિગતવાર ટેન્ડર નોટિસમાં ઉલ્લેખેલ છે.

| ક.નં. | બીડ નંબર | કામનું નામ |
|---|---|---|
| ૧. | ૨૦૨૫_MCGM_ ૧૧૮૮૧૨૮_૧ | બિલ્ડીંગમાં ઓશિવારા મેટરનિટી હોમના પ્રસ્તાવિત સ્થળાંતરને ધ્યાનમાં રાખીને, K/W વોર્ડ હેઠળ કેપ્ટન સ્વાન્ત માર્ગ ખાતે સિગ્નેચર બિલ્ડીંગ નજીક એમેનિટી બિલ્ડીંગ ખાતે સ્થિત ઓમેગા મેક સ્ટ્રેચર લિફ્ટનું રિપેર અને CSMC (૬૦ મહિના માટે). |
| ૨. | ૨૦૨૫_MCGM_ ૧૧૮૮૧૨૯_૧ | ૦૧.૦૭.૨૦૨૫ થી ૩૦.૦૬.૨૦૨૮ સુધી ૩૬ મહિનાની મુદત માટે વિવિધ BMC ઓફિસ/ પ્રિમાઈસિસ ખાતે સ્થિત ૦૯ નં. લિફ્ટોની CSMC. |
| ૩. | ૨૦૨૫_MCGM_ ૧૧૮૮૧૩૨_૧ | નવા ઘાટકોપર પમ્પિંગ સ્ટેશન, ઘાટકોપર ખાતે સ્થિત લિફ્ટની રિપેર્સ. |
| ૪. | ૨૦૨૫_MCGM_ ૧૧૮૮૩૨૪_૧ | M/E વોર્ડમાં નટવર પારેખ કમ્પાઉન્ડ, ગોવંડીની બિલ્ડિંગ નં. ૧૦૮ ખાતે આવેલ લિફ્ટની રિપેરિંગ વર્ક. |

ઈચ્છુક ટેન્ડરોએ ટેન્ડરની વધુ વિગતો માટે મહારાષ્ટ્ર સરકારની ઈ-પ્રોક્યોરમેન્ટ સિસ્ટમ અને BMC વેબસાઈટ http://portal.mcgm.gov.in ની મુલાકાત લેવાની રહેશે.

સહી/-
E.E.મીકે. (EI) મેઈન્ટ.

PRO/629/ADV./2025-26

**પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.**


# ટીનની આગેવાનીમાં ચોક્કસ ધાતુઓમાં સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ લંડન મેટલ એક્સચેન્જ ખાતે આજે કોપરનાં ભાવમાં વધ્યા મથાળેથી સાધારણ ઘટાડો આવ્યો હોવાના તેમ જ અન્ય ધાતુઓમાં મિશ્ર વલણ રહ્યું હોવાના નિર્દેશો સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં ખાસ કરીને ટીન અને નિકલમાં સામસામા રાહ જોવા મળ્યા હતા, જેમાં ટીનમાં સ્ટોકિસ્ટોની લેવાલીને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૧૦ વધી આવ્યા હતા, જ્યારે નિકલમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. ૧૩નો ઘટાડો આવ્યો હતો.

પ્રાપ્ત અહેવાલ અનુસાર ચીનનાં આર્થિક ડેટાઓ નબળા આવ્યા હોવાથી આજે લંડન ખાતે સત્રના આરંભે કોપરના એક મહિને ડિલિવરી શરતે ભાવ ગઈકાલના વધ્યા મથાળેથી ૦.૩ ટકાના ઘટાડા સાથે ટનદીઠ ૯૭૫૭.૬૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. દરમિયાન આજે સ્થાનિકમાં મુખ્યત્વે ટીન અને કોપર વાયરબારમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૦ વધીને રૂ. ૨૮૩૨ અને રૂ. પાંચ વધીને રૂ. ૯૧૭ના મથાળે રહ્યા હતા. આ સિવાયની અન્ય ધાતુઓ જેમાં વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને રૂ. ૫૫૩, કોપર સ્ક્રેપ હેવી, કોપર આર્મિચર અને કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને અનુક્રમે રૂ. ૮૩૯, રૂ. ૮૨૪ અને રૂ. ૭૬૨ અને કોપર કેબલ સ્ક્રેપ તથા એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને અનુક્રમે રૂ. ૮૫૧ અને રૂ. ૨૪૫ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે નિકલ અને લીડ ઈન્ગોટ્સમાં સ્ટોકિસ્ટોની વેચવાલીના દબાણ સામે વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની લેવાલી નિરસ રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૩ ઘટીને રૂ. ૧૩૪૦ અને રૂ. ત્રણ ઘટીને રૂ. ૧૮૨ના મથાળે રહ્યા હતા, જ્યારે નિરસ માગે ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને રૂ. ૨૫૫ના મથાળે રહ્યા હતા. આ સિવાયની અન્ય ધાતુઓ જેમ કે બ્રાસ શીટ કટિંગ્સ અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં ખપપૂરતી માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૫૯૫ અને રૂ. ૨૦૦ના મથાળે ટકેલા રહ્યા હતા.

## મલયેશિયા પાછળ આરબીડી પામોલિનમાં નરમાઈ

# ૧થી ૧૦ જૂન સુધી મલયેશિયાની પામતેલની નિકાસ ૨૬ ટકા વધી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ગઈકાલે ૧૨ સેન્ટનો ઘટાડો આવ્યો હોવાના ઓવરનાઈટ અહેવાલ ઉપરાંત આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં ૬૧ રિંગિટ ઘટી આવ્યાના નિર્દેશો હતા. આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં આજે હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે કામકાજો પાંખાં રહ્યા હતા. તેમ જ હાજરમાં ૧૦ કિલોદીઠ આરબીડી પામોલિનમાં રૂ. પાંચનો અને દેશી તેલમાં કપાસિયા રિફાઈન્ડ અને સરસવમાં રૂ. પાંચનો ઘટાડો આવ્યો હતો. કાર્ગો સર્વેયર ઈન્ટરટેક સર્વિસીસ દ્વારા તાજેતરમાં સંકલિત કરવામાં આવેલી આંકડાકીય માહિતી અનુસાર ગત તા. ૧થી ૧૦ જૂન દરમિયાન મલયેશિયાની પામતેલની નિકાસ આગલા મે મહિનાના સમાનગાળાના ૨,૯૩,૯૯૧ ટન સામે ૨૬.૪૦ ટકા વધીને ૩,૭૧,૬૦૦ ટનની સપાટીએ રહી છે. આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૧૨૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૧૪૦ અને સનફ્લાવર રિફાઈન્ડના રૂ. ૧૩૬૦, પતંજલીનાં આરબીડી પામોલિનના રૂ. ૧૧૫૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૧૬૦ અને સનફ્લાવર રિફાઈન્ડના રૂ. ૧૩૩૦, જી-વનના આરબીડી પામોલિનના રૂ. ૧૧૨૫ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૧૩૫ તથા ગોકુલ એગ્રો અને એવીઆઈના સોયા રિફાઈન્ડના રૂ. ૧૧૪૦ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપાર પાંખાં હતા.

આજે ગુજરાતમાં ગોંડલની મંડીમાં જુની મગફળીની ૫૦૦૦ ગૂણીની અને નવી મગફળીની ૧૦,૦૦૦ ગૂણી મળી કુલ ૧૫,૦૦૦ ગૂણીની આવક હતી, જેમાં જૂનીનાં વેપાર મણદીઠ રૂ. ૧૦૦૦થી ૧૧૦૦માં અને નવીના વેપાર મણદીઠ રૂ. ૯૫૦થી ૧૪૦૦માં થયા હતા. આ સિવાય રાજકોટની મંડીમાં મગફળીની ૨૪,૦૦૦ ગૂણીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૦૦૦થી ૧૧૧૦માં થયા હતા. દરમિયાન આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૧૪૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૧૭૦, સન રિફાઈન્ડના રૂ. ૧૩૨૦, સિંગતેલના રૂ. ૧૩૭૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૨૬૦ અને સરસવના રૂ. ૧૪૪૫ના મથાળે રહ્યા હતા, જ્યારે આજે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૧૫૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૩૪૦માં થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.


**પશ્ચિમ રેલવે - રતલામ ડિવિઝન**

W/૬૨૩/NIT/૧ તારીખ ૦૫.૦૬.૨૦૨૫

**ઈ-ટેન્ડરીંગ નોટીસ**

ડિવિઝનલ રેલવે મેનેજર (WA) રતલામ ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી વેબસાઈટ www.ireps.gov.in પર ઈ-ટેન્ડર દ્વારા *ઓપન ટેન્ડર* મંગાવે છે વિગતો નીચે મુજબ છેઃ

| ક. નં. | ઈ-ટેન્ડર નં. & કામનું નામ | અંદાજિત મૂલ્ય ₹ | રૂ.માં બારડી | પૂર્ણતાનો સમયગાળો |
|---|---|---|---|---|
| ૧ | RTM-૨૦૨૪-૨૫-૧૫૬R | ૨,૨૪,૫૮૦.૦૦ | ૪,૫૦૦/- | ૨૪ મહિના |
| | ચિત્તોડગઢઃ ૨ વર્ષ માટે ચિત્તોડગઢ સ્ટેશનના યાર્ડ વિસ્તાર અને સ્ટેશન ખાતે રોડેન્ટ મેનેજમેન્ટ સર્વિસની જોગવાઈ. કામનો સમાન પ્રકારઃ- NA | | | |
| ૨ | RTM-૨૦૨૫-૨૬-૫૭ | ૭,૫૬,૧૫,૯૦૯.૩૧ | ૫,૨૮,૧૦૦/- | ૧૫ મહિના |
| | ૧. રતલામ - ડૉ આંબેડકર નગર સેક્શન - ૫૨ KG T/out ઈન્ટુ ૬૦ KGનું વાતચીત. કુલ TTR-૨૬ નં. (૧: ૧૨). ૦૩ નં. (૧:૮.૫) & ૦૩ નં. - ટ્રેપ પોઈન્ટ. ૨. રતલામ હરકિયાખાલ સેક્શન - ૫૨ KG T/out ઈન્ટુ ૬૦ KGનું વાતચીત. કુલ TTR-૨૯ નં. (૧: ૧૨). ૦૨ નં. (૧:૮.૫) & ૦૧ નં. - ટ્રેપ પોઈન્ટ. ૩. ચાંદેરિયા - નિમાચ સેક્શન - ૫૨ KG T/out ૬૦ KGનું વાતચીત. કુલ TTR-૩૦ નં. (૧: ૧૨), ૦૩ નં. (૧:૮.૫) & ૦૩ નં. - ટ્રેપ પોઈન્ટ. ૪. ચાંદેરિયા - નિમાચ સેક્શન - ડિપ સ્ક્રિનિંગ સાથે TBR (કુલ=૧૦.૪૯૦ TKM.) કામનો સમાન પ્રકારઃ કોઈપણ ટ્રેક વર્ક. | | | |
| ૩ | RTM-૨૦૨૫-૨૬-૫૮ | ૧,૬૪,૪૮,૫૬૦.૧૯ | ૨,૩૨,૩૦૦/- | ૧૨ મહિના |
| | ૧. મહારગઢ - ૬૦ KG રેલ સેક્શનમાં ૫૨ KG રેલ સેક્શનનું વાતચીત. કુલ TRR (P) - ૧.૭૩૪ Tkm. ૨. નામલી - ૬૦ KG રેલ સેક્શનમાં ૫૨ KG રેલ સેક્શનનું વાતચીત. કુલ TRR (P) - ૨.૯૨ Tkm. ૩. બરલ્યા ચૌરાશી - ૬૦ KG રેલ સેક્શનમાં ૫૨ KG રેલ સેક્શનનું વાતચીત. કુલ TRR (P) - ૨.૮૦૮ Tkm. ૪. ઘોસવાસ - ૬૦ KG રેલ સેક્શનમાં ૫૨ KG રેલ સેક્શનનું વાતચીત. કુલ TRR (P) - ૩.૨૭૪ Tkm. ૫. નીમાચ - હરકિયાખાલ - સેક્શન - ૬૦ KG રેલ સેક્શનમાં ૫૨ KG રેલ સેક્શનનું વાતચીત. કુલ TRR (P) - ૨.૯૭૪ Tkm. ૬. નીમાચ - રતલામ સેક્શન - ૬૦ KG રેલ સેક્શનમાં ૫૨ KG રેલ સેક્શનનું વાતચીત. કુલ TRR (P) - ૨.૦૩૨ Tkm & ૩૪ નં. SEJ. કામનો સમાન પ્રકારઃ કોઈપણ ટ્રેક વર્ક. | | | |
| ૪ | RTM-૨૦૨૫-૨૬-૫૯ | ૫૦,૭૬,૧૧૪.૬૧ | ૧,૦૧,૫૦૦/- | ૦૯ મહિના |
| | ચાંદેરિયા - મંડસોર (UP) - TRR (P) - ૬.૭૪ Tkm. કામનો સમાન પ્રકારઃ કોઈપણ ટ્રેક વર્ક. | | | |

અંદાજિત જથ્થોઃ ટેન્ડર શેડ્યૂલ મુજબ. ટેન્ડર ફોર્મની કિંમતઃ રૂ. Nil. વેબસાઈટ પર અપલોડ કરવાની તારીખઃ ૦૫.૦૬.૨૦૨૫. ટેન્ડર અને ખોલવાની તારીખઃ ૩૦.૦૬.૨૦૨૫. વિગતવાર ટેન્ડર નોટીસ, પાત્રતા માપદંડ અને નિયમો અને શરતો વેબસાઈટ www.ireps.gov.in પર ઉપલબ્ધ છે.

DE/5/1/073 DRM (W/A), રતલામ ડિવિઝન, પશ્ચિમ રેલવે

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly • અમને ફોલો કરોઃ X.com/WesternRly


# મે મહિનામાં ઈક્વિટી મ્યુચ્યુઅલ ફંડના આંતરપ્રવાહમાં બાવીસ ટકાનો ઘટાડો

નવી દિલ્હીઃ ગત મે મહિનામાં ઈક્વિટી મ્યુચ્યુઅલ ફંડોમાં આંતરપ્રવાહ ૨૧.૬૬ ટકાના ઘટાડા સાથે રૂ. ૧૯,૦૧૩ કરોડની સપાટીએ રહ્યો હોવાનું એસોસિયેશન ઑફ મ્યુચ્યુઅલ ફંડ્સ ઈન ઈન્ડિયાએ આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે. એસો.ના જણાવ્યાનુસાર ગત મે મહિનામાં સતત પાંચમા મહિનામાં ઈક્વિટી ફંડોનાં આંતરપ્રવાહમાં ઘટાડો જોવા મળ્યો છે તેમ જ સતત ૫૧માં મહિનામાં ચોખ્ખો આંતરપ્રવાહ જળવાઈ રહ્યો છે, જ્યારે બીજી તરફ ગત મે મહિનામાં ડેબ્ટ ફંડોમાં રૂ. ૧૫,૯૦૮ કરોડનો બાહ્યપ્રવાહ રહ્યો હતો. તે પૂર્વેના એપ્રિલ મહિનામાં રૂ. ૨.૨ લાખ કરોડનો આંતરપ્રવાહ રહ્યો હતો. એકંદરે ગત મે મહિનામાં મ્યુચ્યુઅલ ફંડોમાં કુલ આંતરપ્રવાહ આગલા એપ્રિલ મહિનાના રૂ. ૨.૭૭ લાખ કરોડ સામે રૂ. ૨૯,૦૦૦ કરોડની સપાટીએ રહ્યો હતો. આમ આંતરપ્રવાહને ટેકે ઉદ્યોગની એસેટ્સ અન્ડર મેનેજમેન્ટ જે એપ્રિલ મહિનાના અંતના રૂ. ૭૦ લાખ કરોડ હતી તે મે મહિનાના અંતે વધીને રૂ. ૭૨.૨ લાખ કરોડની સપાટીએ રહી હતી. ગત મે મહિનામાં ઈક્વિટી સંલગ્નિત ફંડોમાં આંતરપ્રવાહ આગલા અૉપ્રિલ મહિનાના રૂ. ૨૪,૨૬૯ કરોડ સામે ઘટીને રૂ. ૧૯,૦૧૩ કરોડનાં સ્તરે રહ્યો હતો. આ પૂર્વે ગત ડિસેમ્બર મહિનામાં રૂ. ૪૧,૧૫૬ કરોડનો, જાન્યુઆરીમાં રૂ. ૩૯,૬૮૮ કરોડનો, ફેબ્રુઆરીમાં રૂ. ૨૯,૩૦૩ કરોડનો અને માર્ચ મહિનામાં રૂ. ૨૫,૦૮૨ કરોડનો આંતરપ્રવાહ રહ્યો હતો. ગત મે મહિનામાં ઈક્વિટી ફંડ હેઠળની કેટેગરી ફ્લેક્સિ કેપ ફંડમાં સૌથી વધુ રૂ. ૩૮૪૧ કરોડનો આંતરપ્રવાહ રહ્યો હતો. જોકે, ઈક્વિટી લિન્કડ સેવિંગ સ્કીમમાં રૂ. ૬૭૮ કરોડનો બાહ્યપ્રવાહ રહ્યો હતો. આ ઉપરાંત વૅલ્યૂ ફંડ અને ડિવિડન્ડ યિલ્ડ ફંડમાં અનુક્રમે રૂ. ૯૨ કરોડનો અને રૂ. ૨૧ કરોડનો બાહ્યપ્રવાહ રહ્યો હતો. વધુમાં લાર્જકેપ ફંડમાં આગલા એપ્રિલ મહિનાના રૂ. ૨૬૭૧ કરોડનાં આંતરપ્રવાહ સામે મે મહિનામાં પ્રવાહ ઘટીને રૂ. ૧૨૫૦ કરોડની સપાટીએ રહ્યો હતો.




# ભાડાવધારા વગર એસી લોકલ ટ્રેનો ઉપલબ્ધ થશે?

## મુખ્ય પ્રધાને માસ્ટર પ્લાન જાહેર કર્યો!

મુંબઈઃ સોમવારે મુંબ્રા રેલવે સ્ટેશને થયેલા ગંભીર અકસ્માત બાદ સરકારે પોતાની ગતિવિધિઓ વધારી દીધી છે. રાજ્યના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે મુંબઈવાસીઓ માટે લોકલ મુસાફરીને લઈને મોટી જાહેરાત કરી છે. ''સરકાર પાસે ભાડામાં વધારો કર્યા વિના એસી ટ્રેનો પૂરી પાડવાનો માસ્ટર પ્લાન છે. મેટ્રો નેટવર્કના અભાવે લોકલ ટ્રેનોમાં ભીડ વધી છે. રેલવે ટ્રેનોમાં દરવાજા લગાવવાનું કામ ચાલી રહ્યું છે. સરકાર સમજે છે કે લોકલ ટ્રેનોમાં વેન્ટિલેશનની વ્યવસ્થા કરવી પડશે,'' દેવેન્દ્ર ફડણવીસે જણાવ્યું.

આ અકસ્માત બાદ રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવની ભૂમિકા પર પ્રશ્નાર્થ ચિન્હ ઊભો થયો છે. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે આ અંગે પ્રતિક્રિયા આપતા કહ્યું કે, ''મેં રેલવે પ્રધાનની અસંવેદનશીલતાના સમાચાર જોયા.

(જુઓ પાનું ૪) ▸▸

# ઘાયલ બે પ્રવાસીની હાલત ગંભીર, ત્રણની સર્જરી કરાઈ

થાણેઃ મુંબ્રા સ્ટેશન નજીક સોમવારે સવારે ટ્રેનમાંથી પડી જતાં ઘાયેલ થયેલા પ્રવાસીઓમાંથી બે જણની હાલત હજી ગંભીર છે, જ્યારે મંગળવારે ત્રણ પ્રવાસીની સર્જરી કરવામાં આવી હતી, એમ પાલિકાની હોસ્પિટલના અધિકારીએ જણાવ્યું હતું.

સોમવારે સવારે પીકઅવર્સમાં થયેલી આ દુર્ઘટનામાં ચાર જણનાં મોત થયાં હતાં, જ્યારે નવ જણ ઘાયલ થયા હતા, જેઓ બે ટ્રેનમાં લટકીને પ્રવાસ કરી રહ્યા હતા.

કલવાની છત્રપતિ શિવાજી મહારાજ હોસ્પિટલના ડીન ડો. રાકેશ બારોટે જણાવ્યું હતું કે બે દર્દીની જ્યુપિટર હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે અને તેમની હાલત નાજુક છે.

પાલિકાની હોસ્પિટલમાં સાત ઘાયલ પ્રવાસીને દાખલ કરવામાં આવ્યા હતા અને તેમાંથી ત્રણની સર્જરી કરવામાં આવી હતી. અન્ય બે જણની બાદમાં સર્જરી કરવામાં આવશે.

પાલિકાના સત્તાવાળાઓએ જણાવ્યું હતું કે એક પ્રવાસીને વિશેષ સારવાર માટે મુંબઈની જે. જે. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. (પીટીઆઇ)■

## ડોમ્બિવલીમાં નિયમિત ટ્રેન રદ થતા

# મુસાફરો બળજબરીથી એસી લોકલમાં ઘૂસતા હોવાનો વીડિયો સામે આવ્યો

મુંબઈઃ મંગળવારે સવારે ડોમ્બિવલીમાં એક મુસાફરે X પર એક વીડિયો શેર કર્યો હતો જેમાં ભીડવાળી એસી ટ્રેનમાં મુસાફરો બળજબરીથી ટ્રેનમાં ઘૂસી રહ્યા છે. મુસાફરે જણાવ્યું કે આ વીડિયો મુંબ્રા રેલવે સ્ટેશન નજીક મુંબઈ લોકલ ટ્રેનમાંથી ભીડને કારણે પડી જતા ચાર લોકોનાં મોત થયાની કમનસીબ ઘટનાના એક દિવસ પછીનો છે. તેમણે મંગળવારે ડોમ્બિવલીમાં નિયમિત ટ્રેન રદ થયા પછીની પરિસ્થિતિ પર પ્રકાશ પાડ્યો હતો.

એક મુસાફર દ્વારા શેર કરાયેલા વીડિયોમાં ડોમ્બિવલી સ્ટેશન પર પહેલેથી જ ભરેલી ટ્રેનમાં લોકો પ્રવેશવા માટે પ્રયત્ન કરી રહ્યા છે. પરંતુ ભીડને કારણે એર-કન્ડિશન્ડ લોકલ ટ્રેનનો દરવાજો બંધ થઈ શકતો નથી, જેથી ટ્રેન સ્ટેશન પર અટકી ગઈ છે. વીડિયોમાં, રેલવે સુરક્ષા દળના કર્મચારીઓ પરિસ્થિતિને નિયંત્રિત કરવાનો પ્રયાસ કરી રહ્યા હોય તેવું જોવા મળે છે.

ChougleKhalid નામના એકાઉન્ટ પરથી પોસ્ટ કરાયેલ આ વીડિયોમાં લોકલ ટ્રેનમાં ચઢવાનો પ્રયાસ કરી રહેલા મુસાફરો જોવા મળે છે. મુસાફરે કેપ્શનમાં લખ્યું, ''ભીડને કારણે મુંબઈ

(જુઓ પાનું ૪) ▸▸

# દેશી દારૂ ૮૦ રૂ., મહારાષ્ટ્રમાં બનેલો દારૂ ૧૪૮ રૂ.

# મહારાષ્ટ્રમાં દારૂ મોંઘો થશે

## એક્સાઈઝ વિભાગમાં ૧૨૨૩ નવી ભરતી

આ સાથે, હોટેલ અને રેસ્ટોરન્ટ કરાર દ્વારા સીલબંધ વિદેશી દારૂના વેચાણને લીઝ પર ચલાવવાની મંજૂરી આપવામાં આવી છે. તેના પર દસથી પંદર ટકા વધારાની ફી વસૂલવામાં આવશે. એક્સાઇઝ વિભાગને મજબૂત બનાવવા માટે, રાજ્ય એક્સાઇઝ વિભાગમાં ૧૨૨૩ નવી જગ્યાઓ ભરવામાં આવશે. ઉપરાંત રાજ્ય એક્સાઇઝ વિભાગ હેઠળ મુંબઈ શહેર અને ઉપનગરો માટે એક નવી વિભાગીય કચેરી ખોલવામાં આવશે, એવી માહિતી સામે આવી છે. આ સિવાય મુંબઈ ઉપનગરો, થાણે, પુણે, નાસિક, નાગપુર અને અહિલ્યાનગર એમ છ જિલ્લાઓ માટે એક નવી અધિક્ષક કચેરી ખોલવામાં આવશે. ઉત્પાદન અને વેચાણ માટે વિભાગ દ્વારા એઆઇ આધારિત કંટ્રોલ રૂમ પણ તૈયાર કરવામાં આવશે. ■

| ૧૮૦ મિલી દારૂની છૂટક કિંમત |
|---|
| દેશી દારૂ - ૮૦ રૂપિયા |
| મહારાષ્ટ્રમાં બનેલ દારૂ - રૂ. ૧૪૮ |
| ભારતીય બનાવટનો વિદેશી દારૂ - ૨૦૫ રૂપિયા |
| વિદેશી દારૂની પ્રીમિયમ બ્રાન્ડ - ૩૬૦ રૂપિયા |

મુંબઈઃ થોડા દિવસો પહેલા દેશમાં બીયર અને દારૂના ભાવ ઘટવાના સમાચાર આવ્યા બાદ દારૂ પ્રેમીઓએ ખુશી વ્યક્ત કરી હતી. જોકે, રાજ્ય સરકારના ઉત્પાદનમાં વધારો કરવા માટે એક્સાઇઝ ડિપાર્ટમેન્ટ દારૂના વેચાણ પર ટેક્સ વધારવાનું વિચારી રહ્યું હતું. આખરે, ગઇ કાલની કેબિનેટ બેઠકમાં દારૂના વેચાણ પર આઇએમએફએલ (ટેક્સ) વધારવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. તેથી, દારૂ પ્રેમીઓના ખિસ્સાને ફટકો પડશે. રાજ્ય સરકારના આ નિર્ણયને કારણે, દારૂ પર ડ્યુટીમાં વધારાને કારણે રાજ્યની તિજોરીમાં રૂ. ૧૪,૦૦૦ કરોડની આવક વધશે. દારૂ પ્રેમીઓને એક ક્વાર્ટર એટલે કે ૧૮૦ મિલી દારૂ માટે ૮૦ થી ૩૬૦ રૂપિયા ચૂકવવા પડશે. આમાં, દેશી દારૂ ૧૮૦ મિલી માટે ૮૦ રૂપિયામાં ઉપલબ્ધ થશે. જ્યારે, વિદેશી પ્રીમિયમ બ્રાન્ડ્સ ૧૮૦ મિલી ૩૬૦ રૂપિયામાં ઉપલબ્ધ થશે. રાજ્યની આવક વધારવા માટે, રાજ્ય એક્સાઇઝ ડિપાર્ટમેન્ટે દારૂના વેચાણ પર ટેક્સ વધારવાનો નિર્ણય લીધો છે. ભારતીય બનાવટના વિદેશી દારૂ (આઇએમએફએલ) પરની ડ્યુટીમાં ૧.૫ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. આ સાથે, વિદેશી દારૂ પર પણ ટેક્સ વધારવામાં આવ્યો છે. ■

## ત્રણ વર્ષમાં લોકલ ટ્રેન અકસ્માતમાં મૃત્યુની સંખ્યા ચોંકાવનારી

# મધ્ય રેલવેનાં આ સ્ટેશનો પર સૌથી વધુ મૃત્યુ થયાં છે

મુંબઈઃ મુંબઈની 'લાઈફલાઈન' ગણાતી લોકલ ટ્રેનો હવે મૃત્યુના પાટા પર દોડી રહી છે. મુંબ્રા સ્ટેશન પર થયેલા અકસ્માત પર સવાલો ઊભા થઈ રહ્યા છે. એક આરટીઆઈ મુજબ, છેલ્લાં ત્રણ વર્ષમાં મુંબઈ લોકલ ટ્રેનોમાં મુસાફરી કરતા ૭,૫૬૦ મુસાફરોએ જીવ ગુમાવ્યા છે, જ્યારે ૭,૨૯૩ ગંભીર રીતે ઘાયલ થયા છે. મુંબઈ રેલવે પોલીસ (જીઆરપી) દ્વારા આરટીઆઈ હેઠળ આપવામાં આવેલી માહિતીમાં આ વાત સામે આવી છે. સસ્તી, ઝડપી અને સુલભ લોકલ મુસાફરી હવે જોખમી બનતી જાય છે. ભીડ, મર્યાદિત લોકલ ટ્રીપ, અપૂરતી સુવિધાઓ, સ્ટેશનના પ્રવેશદ્વાર પર સુરક્ષાનો અભાવ અને ટ્રેક નજીક બેરિકેડિંગનો અભાવ લોકલ ટ્રેન અકસ્માતોનું કારણ બને છે.

સામાજિક કાર્યકર્તા સમીર ઝવેરીના જણાવ્યા મુજબ, મધ્ય રેલવે રૂટ પર સૌથી વધુ અકસ્માતો થાણે અને કલ્યાણ વચ્ચે થયા છે. ૨૦૨૪માં થાણે અને કલ્યાણ જીઆરપીમાં સૌથી વધુ મૃત્યુ નોંધાયા હતા. કુલ ૩૮૭ લોકો મૃત્યુ પામ્યા હતા અને ૭૮૮ લોકો ઘાયલ થયા હતા. એકલા કલ્યાણમાં ૧૧૬ લોકો મૃત્યુ

(જુઓ પાનું ૪) ▸▸

| વર્ષ | મધ્ય રેલવે (મૃત્યુ/ઘાયલ) | પશ્ચિમ રેલવે (મૃત્યુ/ઘાયલ) |
|---|---|---|
| ૨૦૨૪ | ૧૫૩૩ / ૧૬૫૫ | ૯૩૫ / ૧૦૪૨ |
| ૨૦૨૩ | ૧૬૫૦ / ૧૪૬૬ | ૯૪૦ / ૯૭૫ |
| ૨૦૨૨ | ૧૫૮૫ / ૧૧૫૩ | ૯૨૨ / ૧૦૦૨ |
| કુલ | ૪૭૬૮ / ૪૨૭૪ | ૨૭૯૨ / ૩૦૧૯ |

# અકસ્માત અંગે એક અલગ જ શંકા

## લોખંડના સળિયાથી થયો અકસ્માત?

મુંબઈઃ સોમવારે મધ્ય રેલવેના મુંબ્રા સ્ટેશન નજીક ચાલતી લોકલ ટ્રેનમાંથી તેર મુસાફરો પડી ગયા હતા. આ અકસ્માતમાં ચાર મુસાફરોના મોત થયા હતા. જ્યારે બાકીના મુસાફરો ઘાયલ થયા હતા. મધ્ય રેલવેની અપ અને ડાઉન ફાસ્ટ લાઇન પર બે લોકલ ટ્રેનો વિરુદ્ધ દિશામાં જઈ રહી હતી ત્યારે આ અકસ્માત થયો હતો. મધ્ય રેલવેએ જણાવ્યું હતું કે બે ટ્રેનો જુદા જુદા પાટા પરથી પસાર થઈ રહી હતી ત્યારે દરવાજા પર ઉભેલા મુસાફરોની બેગ અથડાતા ૧૩ લોકો નીચે પડી ગયા હતા.

જોકે, હવે આ અકસ્માત કેસમાં એક નવું પાસું સામે આવ્યું છે. મધ્ય રેલવેને શંકા છે કે મુંબ્રામાં આ લોકલ ટ્રેન અકસ્માત લોખંડના સળિયાને કારણે થયો હશે. પ્રાથમિક માહિતી મુજબ, જે લોકલ ટ્રેનમાંથી મુસાફરો પડી ગયા હતા તેના છેલ્લા કોચ પર સ્ક્રેચ મળી આવ્યા છે. ટ્રેનમાંથી પડી ગયેલા એક મુસાફરે એમ પણ કહ્યું કે, ''અમને એવું લાગ્યું કે અમને કોઈ વસ્તુથી ટક્કર લાગી છે. અમે પડી જતા પહેલા દિવાલ સાથે અથડાયા હોઈએ

(જુઓ પાનું ૪) ▸▸

# અજિત પવારની એનસીપીએ પુનઃમિલનની ચર્ચાને ફગાવી દીધી, સુળેએ મુદ્દો ટાળ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ એનસીપીના ૨૬મા સ્થાપના દિવસની ઉજવણી કરતી વખતે અજિત પવારના નેતૃત્વ હેઠળના એનસીપીએ મંગળવારે કહ્યું હતું કે હરીફ જૂથ સાથે પુનઃમિલનનો કોઈ પ્રસ્તાવ નથી, જ્યારે એનસીપી (એસપી)ના સાંસદ સુપ્રિયા સુળેએ પણ આ મુદ્દા પર તાજેતરની ઘણી ચર્ચાઓ છતાં કોઈ નિવેદન આપવાનું ટાળ્યું હતું.

શરદ પવાર દ્વારા ૨૬ વર્ષ પહેલાં સહ-સ્થાપિત રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી ૨૦૨૩માં વિભાજીત થઈ ગઈ હતી.

બંને જૂથોએ પુણેમાં અલગ અલગ કાર્યક્રમો યોજીને સ્થાપના દિવસની ઉજવણી કરી હતી.

રાજ્ય એનસીપીના વડા સુનિલ તટકરેએ કહ્યું કે એનડીએમાં જોડાવાનો નિર્ણય 'લોકોના કલ્યાણ માટે' સામુહિક રીતે લેવાયેલો હતો અને અજિત પવારનો નિર્ણય નહોતો.

'...આ કોઈ વ્યક્તિગત નિર્ણય નહોતો. અજિત પવારના નેતૃત્વમાં એનડીએમાં જોડાવાનો નિર્ણય સામૂહિક હતો. મેં વારંવાર સ્પષ્ટતા કરી છે કે ૨૦૧૪થી એવા ઘણા પ્રસંગો આવ્યા છે જ્યારે (ભાજપના નેતૃત્વ હેઠળના) ગઠબંધનમાં જોડાવાનો નિર્ણય (તે સમયે અવિભાજિત) પક્ષ દ્વારા લેવામાં આવ્યો હતો. અમે એનડીએમાં જોડાવાની લગભગ નજીક હતા, પરંતુ છેલ્લી ઘડીએ નિર્ણય બદલી નાખવામાં આવ્યો,' એમ તેમણે કહ્યું હતું.

૨૦૨૩માં અજિત પવારના નેતૃત્વમાં પાર્ટીએ લોકોના કલ્યાણ માટે શાસક ગઠબંધનમાં જોડાવાનો નિર્ણય લીધો હતો,

(જુઓ પાનું ૪) ▸▸

# બુલેટ ટ્રેન પ્રોજેક્ટઃ સેના (યુબીટી), મનસેનો ભાજપ પર પ્રહાર

મુંબઈઃ શિવસેના (યુબીટી) અને મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે)એ મંગળવારે ભાજપ પર નિશાન સાધતા કહ્યું કે પક્ષના આગ્રહને કારણે મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ થઈ રહ્યો છે. જોકે, તેના માટેના ભંડોળનો ખર્ચ ઉપનગરીય ટ્રેન સેવાઓને સુધારવા પાછળ કરવો જોઈએ. શિવસેના (યુબીટી)ના સાંસદ સંજય રાઉતે સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે આ અકસ્માતમાં જીવ ગુમાવનાર લોકો એરકન્ડિશન્ડ (એસી) ટ્રેન કે બુલેટ ટ્રેનમાં મુસાફરી નથી કરવાના. નિયમિત દોડતી ટ્રેન સર્વિસ ઘટાડી એસી લોકલ ટ્રેનોમાં વધારો કરવામાં આવતા આ અકસ્માત થયો હતો. બુલેટ ટ્રેન અને હાઈસ્પીડ ટ્રેનો ગુજરાત માટે છે, મુંબઈના મરાઠી માણુસ માટે નહીં. ટ્રેનોની ફ્રિકવન્સી વધારવી જોઈએ. મુંબઈનું તમામ બજેટ બુલેટ ટ્રેન માટે વાળવામાં આવી રહ્યું છે. મનસેએ થાણા રેલવે સ્ટેશન પર વિશાળ વિરોધ રેલી યોજીને રેલવે પ્રશાસનની કથિત નિષ્ક્રિયતાને વખોડી કાઢી હતી. અને તાત્કાલિક સલામતી અને ઇન્ફ્રાસ્ટ્રક્ચરમાં સુધારો કરવાની માગણી કરી હતી. (પીટીઆઈ)■

# એક વર્ષ પહેલા હાઈ કોર્ટે કાઢી હતી ઝાટકણી

મુંબઈઃ મુંબઈમાં દર વર્ષે ચાલતી લોકલ ટ્રેનોમાંથી મુસાફરો પડી જવાથી મૃત્યુ પામવાની હૃદયદ્રાવક ઘટનાઓ પર બોમ્બે હાઈ કોર્ટે વારંવાર ગંભીર નોંધ લીધી છે અને રેલવે વહીવટીતંત્રના વરિષ્ઠ અધિકારીઓને સમન્સ પાઠવ્યા છે. ગયા વર્ષે જૂનમાં, કોર્ટે વરિષ્ઠ અધિકારીઓને કડક ચેતવણી પણ આપી હતી કે તેઓ ભવિષ્યમાં આ સમસ્યા માટે ઉચ્ચ કક્ષાના અધિકારીઓને જવાબદાર ઠેરવશે. તેથી, પ્રશ્ન એ ઊભો થાય છે કે શું આ અધિકારીઓ સોમવારની આઘાતજનક ઘટનાની જવાબદારી લેશે?

મુંબઈમાં ઉપનગરીય રેલવે (લોકલ) સેવાઓમાં ભીડભાડ, રેલવે વહીવટીતંત્ર દ્વારા ગેરવહીવટ, લોકલ ટ્રેનોમાંથી પડી જવાથી મુસાફરોનાં મૃત્યુ, પાટા પાર કરતી વખતે મૃત્યુ, પ્લેટફોર્મ અને લોકલ ટ્રેનો વચ્ચેની જગ્યામાં ફસાઈ જવાથી મુસાફરોના મૃત્યુ, મહિલા મુસાફરોની સુરક્ષા વગેરે જેવા મુદ્દાઓ છેલ્લા દાયકામાં વિવિધ જાહેરહિતની અરજીઓ દ્વારા હાઈ કોર્ટ સમક્ષ આવ્યા છે. આખરે, હાઈ કોર્ટની વિવિધ બેન્ચ દ્વારા સમયાંતરે આપવામાં આવેલા નિર્દેશો પછી જ, રેલવે વહીવટીતંત્રે પ્લેટફોર્મની ઊંચાઈ વધારવી, લોકલ ટ્રેનોના દરવાજામાં વચ્ચેના સ્લાઇડિંગ થાંભલાઓને મુસાફરો માટે વધુ સુરક્ષિત બનાવવા અને લોકલ કોચમાં સીસીટીવી કેમેરા લગાવવા જેવા અનેક પગલાં લીધાં હતા.

લોકલ ટ્રેન અકસ્માતમાં કાયમી ધોરણે અપંગ બનેલા સમીર ઝવેરી સહિત ઘણા લોકોએ મુસાફરોની સુરક્ષા યોજનાની માગણી માટે જાહેરહિતની અરજીનો માર્ગ અપનાવવો પડ્યો હતો. હાલમાં, યતીન જાધવ દ્વારા એડવોકેટ સુરભી પ્રભુદેસાઈ દ્વારા દાખલ કરાયેલી જાહેરહિતની અરજી મુખ્ય ન્યાયાધીશની બેન્ચ સમક્ષ પેન્ડિંગ છે.

ગયા વર્ષે ૨૬ જૂને તત્કાલીન મુખ્ય ન્યાયાધીશ દેવેન્દ્ર ઉપાધ્યાયની આગેવાની હેઠળની બેન્ચ સમક્ષ જ્યારે આ અરજીની સુનાવણી થઈ ત્યારે રેલવે વહીવટીતંત્રે દાવો કર્યો હતો કે તેણે અગાઉની તમામ સૂચનાઓનું પાલન કર્યું છે.

''આ લાઈફલાઈન દરરોજ ૩૩ લાખ મુસાફરને વહન કરે છે અને આ વિશાળ સંખ્યાને (જુઓ પાનું ૪) ▸▸

# મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણીને લઈને અજિત પવારની ભવિષ્યવાણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણીઓ આગામી મહિનાઓમાં યોજાવાની છે. કોઈ પણ ક્ષણે ચૂંટણીની જાહેરાત થઈ શકે છે ત્યારે રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણી પર ભવિષ્યવાણી કરી છે. પુણેમાં બોલતા અજિત પવારે કહ્યું હતું કે સ્થાનિક સ્વરાજ્ય સંસ્થા માટે ભારે જોર લગાવવું પડશે. ચાર મહિના બાકી રહ્યા છે. મુંબઈમાં વોર્ડ સ્તરે ચૂંટણી થશે, કોઈ પણ વોર્ડ મળે પણ દરેક કાર્યકર્તાએ પોતાની જવાબદારી પાર પાડવાની છે. સૌ કોઈએ મળીને ભારે જોર લગાવીને ચૂંટણી લડવાની છે. સભ્ય નોંધણી બાબતે અજીત પવારે કહ્યું હતું કે પક્ષે એક કરોડનું લક્ષ્ય રાખ્યું છે. સર્વ જાતિ, ધર્મના લોકોને સભ્ય બનાવવામાં આવશે. દરેકને પક્ષના વિચારો સાથે જોડવામાં આવશે. કાર્યકર્તાઓએ નાગરિકો સાથે સંપર્ક કરવાનો રહેશે. હવે ખરી લડાઈ આગામી મહિનામાં થવાની છે. ૨૮ મહાપાલિકા, ૨૫ જિલ્લા પરિષદ, ૨૮૫ ગ્રામ પંચાયત સમિતિ અનેક નગરપંચાયતની ચૂંટણી થવાની છે. ■

# એનસીપીના વિભાજનની સપનેય કલ્પના નહોતીઃ શરદ પવાર

પુણેઃ એનસીપી (એસપી)ના અધ્યક્ષ શરદ પવારે મંગળવારે કહ્યું હતું કે ૨૬ વર્ષ પહેલાં સ્થાપના થયેલી રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ (એનસીપી)નું વિભાજન થશે એની કલ્પના પણ નહોતી કરી. જોકે, મુશ્કેલ પરિસ્થિતિમાં પક્ષને આગળ વધારવા બદલ સંગઠનના કાર્યકરોની પ્રશંસા કરી હતી. પવાર પુણેમાં એનસીપીના ૨૬મા સ્થાપના દિવસ નિમિત્તે આયોજિત એક કાર્યક્રમમાં બોલી રહ્યા હતા. ૨૦૨૩માં એનસીપીનું વિભાજન થયું હતું.

પવારે જણાવ્યું હતું કે 'કેટલાક લોકો અન્ય વિચારધારા ધરાવતા પક્ષ સાથે ગયા અને વિભાજન વિસ્તૃત થયું. હું આજે તેના વિશે વાત કરવા માગતો નથી. પરંતુ પક્ષની વિચારધારાને કારણે અમુક લોકો પક્ષને વફાદાર

(જુઓ પાનું ૪) ▸▸

# મુંબઈ સહિત રાજ્યમાં ફરી ચોમાસું સક્રિય થવાની શક્યતા

## જોકે ખેડૂતોને વાવણી ૧૫ જૂન બાદ કરવાની કૃષિ વિભાગની અપીલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સમય કરતા વહેલા આવી ગયેલા ચોમાસાએ ખાસ્સો એવો વિરામ લીધા બાદ મુંબઈ સહિત મહારાષ્ટ્રમાં ૧૩ જૂનથી ફરી સક્રિય થવાની શક્યતા હવામાન ખાતાએ વ્યક્ત કરી છે. ૧૩ અને ૧૪ જૂન માટે મુંબઈ, થાણે સહિત પાલઘરમાં યલો અલર્ટ આપીને મધ્યમથી ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. જોકે મહારાષ્ટ્ર કૃષિ વિભાગે રાજ્યના ખેડૂતોને વાવણી કરવા માટે ઉતાવળ નહીં કરતા ૧૫ જૂન સુધી રાહ જોવાની અપીલ કરી છે. ચોમાસું જૂન મહિનાના બીજા પખવાડિયામાં ફરી સક્રિય થવાની શક્યતા છે.

મુંબઈમાં સામાન્ય રીતે ૧૦-૧૧ જૂનના નૈઋર્ત્યના ચોમાસું આગમન થતું હોય છે પણ આ વર્ષે ૨૬મી જૂનના ચોમાસાએ ધમાકેદાર એન્ટ્રી કરી હતી. બાદમાં જોકે છૂટોછવાયો પડયા બાદ વરસાદ ગાયબ થઈ ગયો હતો. વરસાદની ગેરહાજરીને કારણે મુંબઈ સહિત સમગ્ર રાજ્યમાં પીવાના પાણીની તંગીની સાથે જ ખેડૂતોની વાવણી સામે મોટું જોખમ નિર્માણ થઈ ગયું હતું. જોકે હવે ચોમાસું ૧૩ જૂન બાદ ફરી સક્રિય થવાની શક્યતા હવામાન ખાતાએ વ્યક્ત કરી છે. હવામાન ખાતાના જણાવ્યા મુજબ ઉત્તર તમિલનાડુથી દક્ષિણ મહારાષ્ટ્રના

(જુઓ પાનું ૪) ▸▸

# પવારે કેન્દ્ર સરકારની વિદેશનીતિની ઝાટકણી કાઢી

પુણેઃ એનસીપી (એસપી)ના અધ્યક્ષ શરદ પવારે મંગળવારે ભાજપના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકારની વિદેશનીતિની ટીકા કરતાં કહ્યું હતું કે તે પડોશી દેશો સાથે અર્થપૂર્ણ સંવાદ માટે અનુકૂળ વાતાવરણ ઊભું કરવામાં નિષ્ફળ રહી છે.

પુણેમાં એનસીપીના ૨૬મા સ્થાપના દિવસના પ્રસંગે યોજાયેલા સંમેલનમાં પવારે કહ્યું હતું કે દેશના પ્રથમ વડા પ્રધાન જવાહરલાલ નેહરૂના કાર્યકાળ દરમિયાન ભારતના પાડોશી દેશો સાથે

(જુઓ પાનું ૪) ▸▸

# ૨૦૧૪ પછી દેશમાં કોઈએ ભ્રષ્ટાચાર કરવાની હિંમત કરી નથીઃ એકનાથ શિંદે

વડા પ્રધાન નરેન્દ્ર મોદીના વહીવટ અને એનડીએને ૧૧ વર્ષ પૂર્ણ થયા છે. મોદીએ દેશની કમાન સંભાળ્યા પછી સંપૂર્ણ પરિવર્તન આવી રહ્યું છે, એવો અભિપ્રાય નાયબ મુખ્યપ્રધાન એકનાથ શિંદેએ વ્યક્ત કર્યો હતો. ૨૦૧૪ પહેલા ભ્રષ્ટાચાર અને કૌભાંડોના સમાચાર દરરોજ સામે આવતા હતા. ૨૦૧૪ પછી, કોઈએ આવું કામ કરવાની હિંમત કરી નથી. મોદી પર કોઈ ડાઘ નથી, એમ કહેતા

એકનાથ શિંદેએ ૧૧ વર્ષ સુધી સફળ વડાપ્રધાન તરીકે કામ કરવા બદલ મોદીને

(જુઓ પાનું ૪) ▸▸

# યુપીએની તુલનામાં મોદી સરકારના શાસનમાં રાજ્યને દસ ગણું વધુ ભંડોળ મળ્યુંઃ ફડણવીસ

મુંબઈઃ કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારના ૧૧ વર્ષના કાર્યકાળમાં બદલાયેલું ભારત અને નવી કાર્ય સંસ્કૃતિનો ઉદય થયો હોવાનું મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે મંગળવારે જણાવી દાવો કર્યો હતો કે યુપીએ શાસનની તુલનામાં રાજ્યને આ સમયગાળા દરમિયાન દસ ગણું વધારે ભંડોળ મળ્યું છે.

મુંબઈમાં પત્રકાર પરિષદમાં બોલતા તેમણે એમ પણ કહ્યું હતું કે ગયા વર્ષે મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં ગરબડ

(જુઓ પાનું ૪) ▸▸

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**